સાલ : ૯ / સિલસિલાવાર નંબર : ૧૦૦-૧૦૧ / શુમારો : ૪-૫ ફુલ પાના - ૧૦૦

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ રબીઉલ આખર ૧૪૩૩ હિ., ૨૩-૨-૨૦૧૨

# હાદીના ઈલ્મી દીવા નું નૂર

રોઝે અઝલથી અલ્લાહતઆલાએ હિદાયત વાસ્તે હાદીનો એહતેમામ કીધેલો છે, જેથી તેની મખ્લૂક એમ ન કહે કે, અલ્લાહતઆલાએ ઈન્સાનને તો પૈદા કીધા પણ હાદી બગૈર તેઓના હાથમાં દુનિયાનો છૂટો દૌર આપી દીધો! હિદાયત ન મિલી તેથી ગુમ્રાહ થયા. તેઓને સાચવનાર અને સીંચનાર કોઈ મુખીને તેઓમાંથી જ ન બનાવા કે, તેઓની તલબે ઈલ્મની પ્યાસને બુઝાવી શકે. તેઓના ઝહેન અને ફિક્રો ખ્યાલને સમઝી, વિલાદતની ફિતરત અને જેબિલ્લતને ધ્યાનમાં રાખી તેઓને પૈદાઈશના મકસદ તરફ વાલી શકે.

તેથી અલ્લાહતઆલાએ ઈન્સાનની નસ્લની હિદાયત વાસ્તે આદમ (અ.સ.) ને હાદી બનાવીને મોકલા અને ઝમીનમાં પોતાના ખલીફા બનાવા. આ સિલસિલો હર દૌરમાં અને ઝમાનમાં જારી રહ્યો, જે કયામત ના દિન તક કાઈમ રહેશે. હર વક્તમાં ઝમીન પર અલ્લાહની રઝાથી અલ્લાહના હુજ્જત અને બાબ હાઝિર હોય છે, જે એની રઝાથી લોગોને હિદાયતની દાઅવત કરે છે. **તેથી હક્કની દાઅવતના હિદાયતના મિશનની દાઅવતે હાદીયહથી માઅરેફત થાય છે.** અલ્લાહતઆલા કુરઆને હકીમ, ફુરકાને મજીદમાં હર દૌરનાં હાદીને ખિતાબ ફરમાવે છે કે, તમેં તમારા રબના રસ્તા પર લોગોને હિકમતના કલામ અને ઉમદા તરીકાની નસીહતથી દાઅવત કરો, જે દાઅવતથી તમારી ઉમ્મત ખૈર થાય કે, જે હિદાયત સાંભલા બાદ માઅરૂફ અને ખુશગવાર ચીઝોનો હુકમ કરે અને મુન્કર ચીઝોથી રૂકી જાય.

અલ્લાહતઆલાના રસ્તા તરફ દાઅવતના ત્રણ તરીકાઓ છે : (૧) નબીયો, વસીયો, ઈમામો અને દોઆતની ઝબાનથી ખુશબયાનીનો (૨) અલ્લાહની દુનિયામાં પૈદાશુદા ચીઝો અને ઈન્સાનના જિસ્મો જાનની પૈદાઈશમાં જે જે અલામતો અને શાહિદીઓ છે તેનાથી અલ્લાહની તૌહીદની સાબિતીની દલીલો પૈશ કરવાનો અને (૩) અલ્લાહની તૌફીક, ઈલ્હામ અને હિદાયતનો.

મઝકૂર તમામ તરીકાઓ મરકઝે દાઅવતે હાદીયહ તરફથી અમલમાં મૂકાયા છે અને આમ અલ્લાહતઆલાએ લોગોની હિદાયતનો સરંજામ કરેલો છે. અહલેબૈત (અ.સ.) ના મઝહબમાં તલબે ઈલ્મની ગૈર માઅમૂલી ફઝીલતના બયાનો દાઅવતે હાદીયહના કિતાબમાં વારિદ થયેલા છે. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, **"જે કોઈ શખ્સ અહલેબૈતના આલિમ તરફથી ઈલ્મનો હુસૂલ કરશે, તે જ જહન્નમની આગથી નજાત હાસિલ કરશે"**. દુનિયામાં બે તરહના ઈમામો છે. એક પોતે બની બેઠેલા ગુમ્રાહ થયેલા અને તમાઅખોર ઈમામો જેઓ લોગોને જહન્નમ તરફ ખેંચી જાય છે અને બીજા ખૈર અને આખેરતની નેઅમતે અબદી તરફ લોગોને લઈ જાનારા ઈમામો કે, જેઓ પર ઈમામતની નસ થયેલી છે અને તે મન્સબ-મકામ વાસ્તે જ તેઓ લાયક છે. આ ખૈરના અઈમ્મત, જે આલે મોહંમદ (અ.સ.) ના નસ્લો અસ્લના કાઈમશુદા હકકનાં રાહબરો છે, તેઓએ ઈલ્મની નહેરને ઉમ્મતે મોહંમદીમાં જારી કીધી અને મુમેનીનને આખેરતની અબદી-અઝલી ઝિંદગીની સાચી માઅરેફત આપી.

દુનિયાના લોગોનો ખઝાનો માલ છે અને આખેરતના લોગોનો ખઝાનો ઈલ્મ બાદ અમલ છે. જન્નત અને આખેરતના આ ખઝાનાને તલબ કરનાર ત્રણ કિસ્મના લોગો છેઃ એક એવો તાલિબે ઈલ્મ જે અલ્લાહમાં માનનાર છે અને તેની જે તલબ છે તેની તે માઅરેફત રાખે છે અને ઈલ્મથી મહેરૂમ લોગોને તલાશ કરે છે જેથી તે તેના ઈલ્મથી મુરદાર જાહિલોને

(બકીયાહ પેજ નં. ૨ પર)

(પેજ નં. ૧ નું બાકી) **હાદીના ઈલ્મી દીવાનું નૂર....**

ઝિંદા કરે. બીજો એવો શખ્સ કે, જે ઈલ્મનો તલબ કરનાર છે અને ઈલ્મના બાઝ દરજાતની માઅરેફત તરફ એની રસાઈ થયેલી છે પણ તે તેની છેક ગાયત અને છેડા તક પહોંચવા માંગે છે. ત્રીજો એવો શખ્સ જે એમ કુબૂલ કરે છે કે, તે જાહિલ છે અને કોઈ ચીઝ જાણતો નથી અને તે ઈલ્મના હાસિલ કરવા તરફ મોહતાજ છે, તેથી તે આલિમોની સોહબત પસંદ કરે છે એ ઉમ્મીદ રાખીને કે, તે પણ આલિમ બને.

તલબે ઈલ્મના ગરઝો મકસદને પહોંચવા વાસ્તે દોઆતે હકક (આ.કુ.) એ દાઅવતે હાદીયહની શરતો ત્રણ બુનિયાદ પર બનાવી છે. (૧) ઈલ્મ (૨) પરહેઝગારી (૩) સિયાસત. બુનિયાદે તરબીયતે મુમેનીન વાસ્તે પહેલે ઈલ્મની ઝિક્રે ખૈર અઝહદ ઝરૂરી છે. ઈલ્મની બે કિસ્મ છે : ઝાહિર અને બાતિન. ઝાહિર ઈલ્મને પાંચ કિસ્મમાં વહેંચવામાં આવેલુ છે. (૧) ફિકહ અને શરીઅતના એહકામ શામિલ છે કે, જેમાં મુમેનીનની દીનો દુનિયાની સુલાહીયત છે અને શરીઅતો દાઅવતનો થાંભલો છે. (૨) હદીસો અખ્બાર, રિવાયતો જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તરફથી અને આપની સનદથી અઈમ્મતે તાહેરીન (અ.સ.) એ બયાન ફરમાવેલા છે કે, જેથી દીન અને શરીઅત આ જહાનમાં બાકી રહે અને ફિકહના ઈલ્મની બુનિયાદ આ અખ્બાર અને રિવાયત પર મબ્ની રહે. (૩) કુરઆની ઈલ્મ, તાવીલ, તફસીર અને આયાતે કુરઆનીમાં નાસિખ-મન્સૂખ, મોહકમ-મોતશાબેહ અને અમર-નહ્યની કઈ કઈ ચીઝો છે. (૪) વઅઝ, અંબિયા, અઈમ્મત અને દોઆતના કિસ્સામાંથી ઈબરત અને વાકેઆતની ઝિક્રની છે. જે વઅઝથી લોગોના દિલો નરમ થાય, આખેરત અને દીન તરફની રગબત વધે અને દુનિયાને હેચ ગરદાની તેનાથી દૂરી ઈખ્તિયાર કરવાની છે તે જણાય. (૫) ઈલ્મે કલામથી હુજ્જત કરવી અને હકકની સાબિતી વાસ્તે મઝબૂત દલીલો પૈશ કરવાની છે કે, જેથી જૂઠા લોગો (જેવા કે મુલ્હિદ, ફિલ્સુફી, નેચરી, દેહરીયા, ઝિન્દીક) સામે જેહાદ કરીને તેઓને ઝેર કરવાની છે.

હત્તલ ઈમ્કાન, આ તમામ તરીકાઓ અને ઝરીઆઓ જે દોઆતે હકકે બયાન ફરમાવેલા છે, તે સાહેબે દાઅવત વકતના તકાઝા મુજબ અમલમાં લાવે છે, બઝમમાં, મજલિસમાં, મજમાઅમાં અને જે મૌઝેઅ પર મુમેનીન કમ યા કસીર તાઅદાદમાં કોઈ ખાસ મકસદને માતહત હાઝિર થયા હોય, તેમાં સાહેબે દાઅવત તે મૌકા પર **મુમેનીનને રૂશ્દો હિદાયતના રસ્તા તરફ દાઅવત દેવામાં કોઈ કચાસ રાખતા નથી.** હુઝૂરેઆલી સૈયેદના વ મૌલાના તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) એ હિદાયતના આ દાયરા અને ઈહાતા ને મઝીદ વસીઅ અને આમ કરવા આપના શાહઝાદા સાહબોને શહરે ઝુલહિજ્જહ-૧૪૨૪ હિ. દીની અખ્બાર શાયેઅ કરવાની રઝા ઈનાયત ફરમાવી અને "મિશ્કાતુલ હાદી" નું મુબારક નામ ફઝલ ફરમાવુ. આપની રઝા અને બરકતથી ઈલ્મી અને દીની ઈશાઅતનુ આ કારવાં આજ તક તમામ મુશ્કિલો અને રૂકાવટો ને બાવુજૂદ તેના મુકર્રરહ તરીકા પર કામિયાબી સાથે જારી થાતુ રહ્યું છે. જેમ મંઝિલો તય થાતી રહી તેમ આ અખ્ બારની ઈશાઅતોના મઝામીનોમાં તરતીમ, તકસીમ અને તહેરીરમાં ઈસ્લાહ થાતી રહી. હિદાયતના જદીદ તરીકા અને નુસ્ખાની આઝમાઈશ થાતી રહી. જમાઅતના સમાજી તેમજ તિજારતી પહેલૂ ને મદ્દે નઝર રાખીને તમામ તબકાના કારેઈનની દિલચસ્પી અને ઝૌકો શૌક બરકરાર રહે તે વાસ્તે સફહાત ને દિલનશીં-દિલકશ તબાઅતમાં ઢાલવાની તદબીર થાતી રહી.

આઠ વરસથી જે અખ્બારની આમદનો દર મહીને હર ઘરમાં ઈન્તેઝાર રહે છે, તેનો આ "૧૦૦" મો શુમારો મુમેનીનની ખિદમતમાં પૈશ કરતાં હમને બેહદ મસર્રત થાય છે. જેમ અલ્લાહતઆલાના ૯૯ અસ્માએ હુસ્ના-મુબારક નામો છે અને "અલ્લાહ" તે આખિરી અને ૧૦૦ મું નામ, આલે મોહંમદ (અ.સ.) ના સિલસિલામાં ૯૮ ઈમામો થાશે, તે બાદ હુજ્જતે મૌલાના કાઈમ (અ.સ.) ૯૯માં અને મૌ. કાઈમુલ કયામહ ખુદ ૧૦૦ માં, અલ્લાહના નામોની ૧૦૦ ની ગિન્તી મુજબ તસ્બીહે મૌલાતોના ફાતેમા ઝહરા (અ.સ.) ના ૯૯ દાનાઓ અને ૧૦૦ મું અલ્લાહનું નામ, શહરૂલ્લાહની પહેલી તારીખની ગિન્તીથી ૯ મી ઝુલહિજ્જહ તક ૯૯ અને ઈદુલ અઝહાનો યૌમ તે ૧૦૦ મો દિન. **૧૦૦ ની ગિન્તીને મદ્દે નઝર રાખીએ તો ઈસ્માઈલી તૈયેબી મઝહબના અકીદા મુજબ ૧૦૦ ની ગિન્તીની એક ખાસીયત છે.** એ મુજબ

(બકીયાહ પેજ નં. ૩ પર)

(પેજ નં. ૨ નું બાકી)

**હાદીના ઈલ્મી દીવાનું નૂર....**

હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની બાબરકત દોઆઓના સબબ "**મિશ્કાતુલ હાદી**" નો ૧૦૦ મો શુમારો મરકઝે તરબીયતે મુમેનીન તરફથી શાયેઅ થઈ રહ્યો છે, તેનો એક અજીબ ઈમ્તેયાઝ અને એહમીયત છે.

"**મિશ્કાતુલ હાદી**" ના કારેઈન બરાબર ઈલ્મ રાખે છે કે, આ રિસાલો હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના ત્રણે શાહઝાદાઓ ની ઈલ્મી દરાસત અને મુતાલેઓનો નતીજો છે, જેની હર સતરમાં અને સફહા પર મઝહબે અહલેબૈત (અ.સ.) અને ઈસ્માઈલી તૈયેબી અકીદાઓની ઝલક રૂનુમા થાય છે. આજ તક વક્તન ફ વક્તન આ સાહબોએ આ દીની રિસાલાને દાઅવતે હાદીયહનાં અસલો ઉસૂલની તરજુમાની સાથે, લેસાને દાઅવતની એહમીયત, ફિક્હ, અખ્બાર, ઈઝાલેએ બિદઅત, દુનિયાની હાલાતે હાઝેરહ, મઝાહિબે ઈસ્લામની બુનિયાદ, તાવીલો-તફસીરે કુરઆન, મહીનાઓની તસ્બીહોની વુજૂહાત, અહાદીસે નબવીયહ, રિવાયતે અઈમ્મહ, હિકાયતે સાલેહા, રસ્મો રિવાજે મઆશેરએ મુમેનીન, મન્તિક-ઈલ્મે કલામ, અખ્લાકે ફાઝેલહ દીનીયહ, તાઅલીમો તરબીયતે દીનીયહ, આમ ફિક્રો ખ્યાલ, શરીઅતનાં દઆઈમ અને બાતિલ ફિરકા ની રદ્દ વાસ્તે દલીલો હુજજતો પર નઝર અને મરકઝીયત બખ્શી છે અને દાઅવતના જ મસ્દર અને અદબ (sources of literature) ના ખઝાનાથી તાઈદ લઈને મુમેનીનને દીનદારી , ઈમાનદારી અને નેક અખ્લાક તરફ મોતવજ્જહ કરેલા છે.

આ અઝીમ ઝિમ્મેદારીને એક ૧૦૦ અંકો તક નિભાવવી અને તેના ઐન મકસદને પાર પાડવું ઘણું મોટું કામ છે. આ અખ્બારના ઝરીએ ઈલ્મો હિકમતના નૂરથી મુમેનીનના દિલોને જિલા બખ્શવી એક આઅલા ખિદમત છે. આ અખ્બારની ઈશાઅત (Publishing) અને તબાઅત (Printing) સાથે શાહઝાદા સાહબોની હર વક્ત વાબિસ્તગી તો છે જ, પણ આ કામ કોઈ એક હાથે થઈ શકે એમ નથી. મઝામીનની કિતાબત, તરતીબ અને તસ્હીહ (Composing & Proof-reading) તમામ કરતા મુશ્કિલ અને time-consuming કામ છે, જેના વાસ્તે ઘણો વક્ત દરકાર જોઈએ. પણ ખિદમત એક એવી ચીઝ છે, જેના સામે આ તમામ ચીઝ હલકી અને આસાન થઈ જાય છે. આ ઈલ્મી ઈદારા સાથે જે સાહબો ની ખિદમત જોડાયેલી છે અને જેની કોશિશથી આ અખ્બારને એક નવી તાઝગી મિલેલી છે, તેની ઝિક્ર યહાં પર કરવી લાઝિમી છે.

હદસાહેબ અહમદઅલીભાઈ, હદસાહેબ કાસિમઅલીભાઈ, હદસાહેબ કમ્બરઅલીભાઈ, હદસાહેબ હન્ઝલાભાઈ, મુલ્લા હુસૈનઅલી ચીનવાલા, મુલ્લા અબ્બાસઅલી ટીનવાલા, અલીઅસગર પેટીવાલા, મન્નાન કંજરીવાલા, મુશ્તાકઅલી ઉમલ્લાવાલા, સફીયુદ્દીન ઉમલ્લાવાલા, યુસુફઅલી રેતીવાલા, મુલ્લા નાદેઅલી દુર્ગાવાલા તેમજ દાઅવતના ખુદ્દામ માંથી મુલ્લા અમીરૂદ્દીન ઝરીવાલા, મુલ્લા ઈબ્રાહીમ બરોડાવાલા, અલીભાઈ ઉદાવાલા, શૌકતઅલી નરસંદાવાલા તેમજ મોઝય્યનહ પાદરીયા, આ તમામ સાહબો અને ભાઈઓની હસ્બે સુલાહીયત ખિદમાત કાબિલે તાઅરીફ છે. મુલ્લા સિરાજભાઈ ઈતરવાલા (નફીસ, મુંબઈ) અને મુલ્લા ઈસ્માઈલભાઈ ટ્રંકવાલા (નડીયાદ) એ હત્તલ મકદૂર આ અખ્બાર મુમેનીનના ઘરોમાં બરાબર પહોંચે તેની ખૂબ તદબીર કીધી છે. જે સાહબોએ આ તારીખી શુમારાની ઈશાઅત વાસ્તે માલી તઆવુન કરીને પોતાની ઝાહેર ખબર આપી છે અને જે સાહબોએ આ તમામ ખબરો જમાઅ કરવામાં તદબીર કીધેલી છે, તેના વાસ્તે પણ હમેં મમ્નૂન છીએ. હર શુમારાના પ્રુફ-રીડીંગ વાસ્તે બુસાહેબા હુસ્બાનાબુ, હદસાહેબ કાસિમઅલીભાઈ અને અલીઅસગર પેટીવાલાની ખિદમત કાબિલે ઝિક્ર છે અને આ શુમારા વાસ્તે આ બે ભાઈઓને મઝીદ સાથ આપનાર ઝાકિર એજાઝહુસૈન વોહરા અને શીરીનબુ રંગવાલા ની મહેનત પણ ખુસૂસી છે. આ સિવાય જે સાહબોની ખિદમત કમો બૈશ શામિલે હાલ છે, તેઓના પણ હમેં તહેદિલથી મશ્કૂર છીએ. બવસીલએ દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) હમેં અલ્લાહતઆલાની બારગાહે આલીથી ઉમ્મીદવાર છીએ કે, મિશ્કાતુલ હાદીથી વાબિસ્તા હર અરાકીનને અલ્લાહ આબાદ રાખજો, હિમ્મત આપજો, ખિદમતનો જઝબો કાઈમ રાખજો અને જે હમારા

(બકીયાહ પેજ નં. ૪ પર)

(પેજ નં. ૩ નું બાકી) **હાદીના ઈલ્મી દીવાનું નૂર....**

કારેઈન છે, તેમને હક્કની માઅરેફત આપજો, ઈમાનની દૌલત આપજો, હિદાયતનું નૂર આપજો, પરહૈઝગારીનો ખઝાનો આપજો, ઈલ્મો અમલના પાકીઝ ફલોની લઝઝત આપજો અને ઝિંદગીનો ખાતેમો અહલેબૈત (અ.સ.) ની મહબ્બતની નેઅમત પર કરજો.

આમીન યા રબ્બલ આલમીન... ★

## " હરીયાલા બગીચાની ઉમંગોનું વરસ છે "

સન ચૌદસો તેંત્રીસ ભી ખુશીઓનું વરસ છે, "અલ-હાદી" ના શુમારાનું આ સોમું વરસ છે.
મુમિન બના તકદીરના માલિક છે અજબ શાન, હાદી અને દાઈનું ભી બ્યાસીમું વરસ છે.
બસ જોઈએ સો સાલ તલક દાઈના રૂખને, ફરહત થી મસર્રત થી ભરેલું આ વરસ છે.
સો મહીનાથી ખિદમત કરે મુમિન ની તું હાદી, હરીયાલા બગીચાની ઉમંગોનું વરસ છે.
હાદીની આ ખુશ્બૂનો તો ઘરઘરમાં છે શોરો, લાઈલ્મી ના માહૌલમાં ખુશ્બૂ નું વરસ છે.
દિનરાત વરસતા રહે બરકાત ના વાદલ, ગોયા કે ઝમીં આસમાં તારાનું વરસ છે.
શાહઝાદાઓની ફિક્રો તદબ્બુરની શું તાઅરીફ, દાઈના આ સંજીદહ દિમાગોનું વરસ છે.
સો અંકોની આ જશ્ને મસર્રત નહીં ભુલાય, જારી રહે જલધારા ને પ્યાસાનું વરસ છે.
મુમિન ને મિલે પંદો નસીહત ની નવી રાહ, હાદી ની ફકત આ જ એક ખ્વાહિશનું વરસ છે.
તૈયબ ઝિયા સરકારના દરબારમાં "હાદી", બેચૈન ન થા તારું તો ખિલવાનું વરસ છે.
ચાહત અને ઉલ્ફત ને કરમ મૌલા ઝિયાની, ચલ ભાગ ખિઝાં, આ તો બહારોનું વરસ છે.
સર સબ્ઝ સદા રાખ આ હાદીના ચમનને, "અલવી" કહે આ ઈલ્મના દરિયાનું વરસ છે. ★

## હમ અલવી કૌમ કે હૈં

અલવી કૌમ હમ હૈં બાલા નશાં હમારા, લિખ્ખા હુવા હે હરસૂ નામો નિશાં હમારા
તૈયેબ ઝિયા સા સુલતાં હે રહેનુમા હમારા, જિસ પર ફિદા હૈં હમસબ ઔર માલો જાં હમારા
ઝરબો મસલ હમીં હૈં ઈખ્લાસ મેં સફા મેં, હે મદહખ્વાં સનાખ્વાં સારા જહાં હમારા
હમ ઉમ્મતે નબી હૈં દાઅવત કે અહેલ હમ હૈં, આલી હે શાન હમારી ઔર ખાનદાં હમારા
હમ હક્ક કે સાથ હૈં ઔર હક્ક સાથ હે હમારે, ઈસ પર ગવાહ હે સબ કૌનો મકાં હમારા
સાહબ ઝમાં કે દાઈ તૈયેબ ઝિયા કે બાઈસ, ઝાહિર હે સબ કે દરમ્યાં સાહબ ઝમાં હમારા
ઈન સે મિલી હે નેઅમત, ઈઝ્ઝત, શરફ, સઆદત, હમ હૈં ગુલામ ઈનકે વો મહેરબાં હમારા
કયા ખૂબ હે સજાયા દાઅવત કા દેખો ગુલશન, બાગે કુદુસ કા માલી હે બાગબાં હમારા
ઈસ્લામ દીં હમારા ઈમાન દીં હમારા, કયા સમઝે ગૈર કોઈ રાઝે નિહાં હમારા
અઝ ફઝલે રબ તઆલા આલમ કે ઈબ્તેદા સે, લારૈબ તા અબદ હે બાકી નશાં હમારા
મુશ્કિલકુશા કા નાઈબ તૈયેબ ઝિયા યમાની, મૌલા યહાં યહીં હૈં મૌલા વહાં હમારા ★

## મિશ્કાતુલ હાદી – અખ્બારનો સરચશ્મો

અખ્બાર યાઅની માઅલૂમાત અને જાણકારી. અખ્બાર એક તરહના અન્વાર છે. દુનિયાની પૈદાઈશના પહેલા આલમ એના કિરણોથી રોશન થયું. અલ્લાહતઆલાએ આદમ (અ.સ.) ને "અસ્મા" (અલ્લાહના ૯૯ નામો) શિખાવીને, જે ચીઝ થઈ અને જે થાશે એના અખ્બારથી વાકિફ કીધા. તે પછી અલ્લાહતઆલાએ ઝમીન પર હિદાયતને વાસ્તે મોકલેલા અંબિયા (અ.સ.) પર સહીફાઓ ઉતારા, વહ્યથી નબીયોના ઝરીએ લોગોને હિદાયત વાસ્તે ફરમાન કીધા. કુરઆને કરીમમાં તેની ઝિક્ર મૌજૂદ છે. **જે ચીઝ આસ્માનથી ઝમીનના લોગો તરફ નબીયોના ઝરીએ પહોંચી એને "ઈલાહી ઈલ્મ" કહેવાય છે.**

અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં ૨૦૦ થી ઝિયાદહ આયતોમાં, આસ્માની ફૈઝ જે જારી થાય છે, એની ઝિક્ર કીધેલી છે. એમાં સોહોફિન, સોહોફન, કિતાબ, કિતાબન, કિતાબેકુમ, કિતાબના, કિતાબહુ, કિતાબહુમ, કતબના, કોતોબેહી જેવા ખુસૂસી અલ્ફાઝોનો ઈસ્તેમાલ થયેલો છે. કદીમ આસ્માની કિતાબોમાં ઝબૂર, તૌરાત અને ઈન્જીલના નામો મશ્હૂર છે. આખરી નબી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર જે આખરી કિતાબ નાઝિલ થઈ તે કુરઆને કરીમ, તેમાં તમામ ઈલાહી કિતાબો અખ્બાર છે કે, જેમાં અલ્લાહતઆલા હર ઝમાનના હાલાત ને સમાવી લે છે. કુરઆને કરીમની હર આયત હર ઝમાનમાં હર કોઈને વાસ્તે કાફી અને જામેઅ છે.

વહ્ય અને હદીસે કુદસી ના બાદ અંબિયા (અ.સ.) ની હદીસો, ખાસ કરીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસો મશ્હૂર છે. એના બાદ મૌલાના અલી (અ.સ.) ના કલામ અને ખુતબાઓ લાસાની અને બેમિસાલ છે. તે બાદ અઈમ્મત અને દોઆતે દીને ખુદાની સમઝ, લોગો વાસ્તેની હિદાયત, હુજ્જત, ફિકેહ, રાહો રસમ, અખ્લાક, આદાબ, વેપાર, રોઝગાર, દુનિયાના રહેન-સહેન વગૈરહ તમામ બાબતો જેની ઈન્સાની પૈદાઈશથી લઈને તેના નશ્વો નુમા, જવાની, બુઝુર્ગી અને તેના અંજામ સાથે જોડાયેલી છે, તે બધા પર કીમતીમાં કીમતી ચીઝો લખેલી છે. દીનના ઓલમાની આ નેઅમત ની સરખામણી દુનિયાની બીજી કોઈ કિતાબ સાથે થઈ શકતી નથી. કેમકે, એ તમામનો એક જ મકસદ છે કે, **દુનિયામાં હર ચીઝનો વુજૂદ દાઅવતના સાથે અને દાઅવતના વાસ્તે છે.**

આદમ (અ.સ.) ના વક્તથી ઈલાહી ઈલ્મ અને ઈલાહી દાઅવતનો સરચશ્મો જે હિન્દુસ્તાનથી શુરૂ થઈને હિન્દુસ્તાન તરફ વલો એ મુમેનીન ને વાસ્તે અને હિન્દુસ્તાનની ઝમીનને વાસ્તે આઅલામાં આઅલા નેઅમત છે. દાઅવતની તારીખમાં હિન્દુસ્તાનના જઝીરાની ફઝીલત ઘણી આઅલા છે. હિન્દુસ્તાનમાં અંબિયા (અ.સ.) ના વક્તથી જ ઈમાન અને ઈખ્લાસના ફૂલો ખિલેલા છે. આ ઝમીન એ ફૂલોથી મહેકતી રહી છે. ઝુહૂરે ઈમામ યા આપના સતરના વક્તમાં હિન્દુસ્તાનમાં જે જે મૌલાઈઓ અને હદના સાહબો દાઅવતની ખિદમત કરી ગયા એ ભુલાય એમ નથી. એ તમામની કુરબાની ના સબબ, આજ દિન તક દાઅવતે તૈયેબીયહ આ ઝમીન પર બાકી છે.

જેમ જેમ વક્ત બદલાય એમ ઈન્સાનની અકલીયત અને સમઝવાની તાકત બદલાય. એ જ મુજબ ઝબાન બદલાય. દાઅવતના સાહબના મુમેનીનને દરમિયાન હિદાયત કરવાના ઝરીઆ પણ એ જ મુજબ બદલાય. એ હિદાયત અને નસીહત બેકાર છે કે, જેને લોગો આસાનીથી સમઝી ન શકે. એ જ વાસ્તે અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **હમેં નથી મોકલા નબીયો ને મગર લોગોની ઝબાનમાં.**

વાંચવાથી, પઢવાથી, સાંભલવાથી યા જોવાથી ઈન્સાનના અખ્લાક બને છે. ઈન્સાનની ઝિંદગીનુ બનવું અને બિગડવું એ ચીઝ પર નિર્ભર છે કે, એ કઈ ચીઝ વાંચે છે યા બોલે છે યા સાંભલે છે. આ જ તૌર તરીકા પર મિશ્કાતુલ હાદીએ મુમેનીનની ખિદમતમાં તરહ તરહના અખ્બાર પૈશ કીધા કે, જેથી ઈન્સાનની ઝિંદગીના હર પહેલૂ મોઝય્યન થાય. આ મુબારક મીલાદૈન ના મૌકા પર હમેં ઈમામુઝઝમાન (અ.સ.) નો અને હુઝૂરેઆલી (ત.ઉ.શ.) નો વસીલો લઈને અલ્લાહતઆલાની બારગાહમાં દોઆ કરીએ છીએ કે, આ અખ્બારનો સરચશ્મો મુમેનીનને દરમિયાન હર ઝમાનમા રવાં અને જારી રહે. આમીન. ✯

## કિતાબ – ઈન્સાન નો સાચો રાહનુમા

કિતાબ અને દાઈ-રાહનુમા, માનો કે ઈન્સાન અને સમાજ જેવા છે. એકને બીજાના સહારા વગર ચાલતું નથી. કોઈ ફિલોસોફરે કહેલું છે કે, કોઈ પણ ઈન્સાન કે સમાજનું અક્સ (પ્રતિબિંબ), તે કઈ તરહની કિતાબ પઢે છે, તેના પરથી આંકી શકાય છે. અંધારા (ઝુલ્મત) ને દૂર કરવા વાસ્તે જેમ રોશની (નૂર) ની ઝરૂરત છે, તે જ મુજબ ઈન્સાનને આદમી બનાવવા કે બનવા વાસ્તે ઉમદા કિતાબ ની ઝરૂરત છે. હવે એ વક્ત દૂર નથી કે, દીકરી તેના સાથે રિશ્તો કરનાર દીકરાને "તારી પાસે કેટલી મિલકત છે?" એમ પૂછવાને બદલે એમ પૂછશે કે, "તારા ઘરમાં કેટલી સારી કિતાબો છે?", તો હકીકતન **"ઝમાના બદલ ગયા"** નું ટાઈટલ કારગર થયું , એમ કહેવાશે. આદમીની તમામ ઝરૂરત છિનવાઈ જાય પણ એ એની વિરાસતમાં બચેલી કિતાબોના સહારે એની ઝિંદગી ઉસ્તવાર કરી લેશે. સારી કિતાબો એ કબાટમાં રાખેલો બગીચો છે. કિતાબો યા દોસ્તો જેમ વધે તેમ એક આકિલ અને સારા કિતાબ પઢનારે પોતાની પસંદને મુજબ કિતાબોની પસંદગી કરવી જોઈએ, તો જ એ તેનો સહી રાહબર બની શકે છે. **"બૈઠકર સૈરે ખલ્ક કી, યે તમાશા કિતાબ મેં દેખા."** યૂએસ કે ઓસ્ટ્રેલિયા મહેસૂસ કરવું હોય તો ઝરૂરી નથી કે, ત્યાં જાવા વાસ્તે તમારી પાસે પૈસા હોય! ઓસ્ટ્રેલિયાને લગતી કિતાબ બાઝારમાંથી ખરીદ કરીને પઢનાર ઘરમાં જ ઓસ્ટ્રેલિયાનો એહસાસ કરી શકે છે. એમ કહેવાય છે કે, એક ઝાડ કાપનાર બાર ઈન્સાનોના કત્લનો બોજ પોતાના માથા પર લે છે, તો આજે એમ કહી શકાય કે, કુતુબખાના-લાયબ્રેરીની સહુલત ન ઉભી કરનાર સમાજ ને પણ આ જ બોજ સહેન કરવો પડશે. તંદુરસ્ત કૌમની તરક્કી અને બહેબૂદી, તેમજ ફરોગ અને ઉરૂજનો આધાર ઉમદા કિતાબોનો ઉમદા ઈસ્તેમાલ અને તદરીસ (વાચન) છે. દરેક વસ્તુના ફાયદા-નુકસાન હોય છે, તે જ મુજબ કિતાબની ખરીદી વાસ્તે પણ દરાસત, જાગરુક્તા અને તકેદારી ઝરૂરી છે. ઝમીનમાં ખેડૂત એ ઉમ્મીદથી બીજ બોય છે કે, તેને બદલામાં ૧૦૦-૧૦૦ દાના મિલશે, તેજ મુજબ કિતાબ તરફનો લગાવ એવો હોવો જોઈએ જે ઝિંદગી બનાવે, જેમાંથી અપને ઈસ્તેફાદો (ફાયદો) લઈને આવનારી પૌત વાસ્તે ભલી વિરાસત મૂકતા જઈએ. **કિતાબ એ દીવાદાંડી મુજબ છે.** દરિયામાં ભૂલો પડેલો મુસાફિર દીવાદાંડીથી જ એની તથા જહાઝ પર સફર કરનારની ઝિંદગી બચાવે છે એ જ રીતે ઉમદા કિતાબ માયૂસ થયેલા ઈન્સાનની ઝિંદગીના દીવામાં તેલ પૂરવાનું કામ કરે છે.

**"પઢોગે લિખોગે બનોગે નવાબ, જો ખેલોગે કૂદોગે હોગે ખરાબ,**
**અગર તાકમેં તુમને રખ દી કિતાબ, તો કલ ઈમ્તેહાં મે ક્યા દોગે જવાબ."**

ઝિંદગીના ઈમ્તેહાનમાં પણ પાસ થવા વાસ્તે શરીકએ હયાત સાથે ઝિંદગી બનાવે એવી કિતાબોની આ કોમ્પ્યુટર ના ઝમાનામાં ઝરૂરત છે. તહેઝીબ-પસંદ સમાજને માઝીમાં, હાલમાં અને મુસ્તકબિલમાં ઉમદા કિતાબ બગૈર ચાલુ નથી, ચાલતું નથી અને ચાલશે નહીં. કોઈપણ કૌમની પહેચાન તહેઝીબથી જ છે અને ઉમદા કિતાબો બગૈર શાયદ એ મુમ્કિન નહીં બની શકે.

**"Books are rare, handle them with care".** ★

## કિસ કદર ખૂબરૂ હે યે અલ-હાદી હમારા

કિસ કદર ખૂબરૂ હે યે અલ-હાદી હમારા, મેહજબીં મેહરૂ હે યે અલ-હાદી હમારા
જબ સે વો મંઝરે આમ પર આ ગયા, અપની શમ્અ સે હર ઘરકો ચમકા ગયા
ઝોફિશાં ચાર સૂ હે યે અલ-હાદી હમારા, કિસ કદર ખૂબરૂ હે યે અલ-હાદી હમારા
ઝિક્ર ઉસકા તો હે હર એક ઘર મેં, ઉસકી તસ્વીર પોશ હર એક દિલ મેં
હર તરફ છા ગયા હે યે અલ-હાદી હમારા, કિસ કદર ખૂબરૂ હે યે અલ-હાદી હમારા
દહેર મે ઉસકે દમ સે ઉજાલા હુવા, શશ જેહત દેખ લો બોલબાલા હુવા
જાબજા કૂબકૂ હે યે અલ-હાદી હમારા, કિસ કદર ખૂબરૂ હે યે અલ-હાદી હમારા
આસમાને અદબ પર તાહશ્ર ચમકતા રહે, અલવી કૌમ કા યે ગુલશન મહકતા રહે
પયકરે રંગોબૂ હે યે અલ-હાદી હમારા, કિસ કદર ખૂબરૂ હે યે અલ-હાદી હમારા ★

# ઈન્સાનીયત અને શૈતાનીયત – ત્રણ લફઝોમાં

અલ્લાહતઆલા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર કુરઆને કરીમ જિબ્રઈલ ના ઝરીએ નાઝિલ કીધા, જેને અંદર તમામ આલમ ની ઝિક્ર થયેલી છે. નબી સાહબની ઈતાઅત અને તાબેદારીમાં ઈમાનદારો વાસ્તે દુનિયાની કૈદ થી જન્નત ની આઝાદી તરફ જાવાનો અઝીમ નુસ્ખો અને રસ્તો છે. કુરઆને કરીમ હર વજેહમાં અને હર તરહથી કામિલ કિતાબ છે, જે એવા જ શખ્સ યા બશર પર નાઝિલ થાય જે હર તરહથી કામિલ હોય. અલ્લાહતઆલા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) વાસ્તે ઈરશાદ ફરમાવે છે કે, **"વ ઈન્નકા લ અલા ખોલોકિન અઝીમ"** યાઅની તમેં (અય રસૂલ) ઊંચામાં ઊંચા અખ્લાક અને ચાલચલણ પર છો (સૂરતુલ કલમ). આ આયતથી સાબિત થાય છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નબી બના પછી કામિલ નથી થયા મગર તેના પહેલા પણ આપની શખ્સીયતમાં દુનિયાના તમામ બહેતરીન અખ્લાક મૌજૂદ હતા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ઈલાહી ફરમાનને સાથે સાથે લોગોને અખ્લાક નો પણ સબક આપેલો છે.

કુરઆને કરીમની આ આયતમાં અલ્લાહતઆલા ઈન્સાનીયતના ત્રણ અખ્લાક અને શૈતાનીયતના ત્રણ બદ કિરદાર બયાન કરે છે. અલ્લાહતઆલા લોગોને **ઈન્સાફનો, એહસાનનો અને સગા-સંબંધીઓ થી ભલાઈ કરવાનો હુકમ કરે છે અને બેહયાઈ, મુન્કરાત (જે ચીઝની મનાઈ છે) અને બગાવત થી રોકે છે.** તો આ સબક તમને આપેલો છે, કાશ કે તમેં તેમાં વિચારો. (સૂરતુન નહેલ)

ત્રણ અખ્લાક યાઅની નૈક કિરદાર શખ્સની આદતોમાંથી પહેલું છે, અદલ. અદલ અરબી લફ્ઝ છે, જેનો મતલબ ઈન્સાફ થાય છે. ઈન્સાફ યાઅની બંને બાઝુ એકસરખા - ખૈર સાથે ખૈર અને બદ સાથે બદ. દરેક ચીઝને તેની જગા પર મુકવી એને પણ અદલ કહે છે. યાઅની હરકોઈને પોતાના મરતબા મુજબ માનવા પછી એ અલ્લાહના નબી હોય યા આપની આલ હોય યા આમ ઈન્સાન હોય.

બીજો કિરદાર છે, એહસાન. તેને ગુજરાતી ઝબાનમાં ઉપકાર કહે છે. કોઈપણ તરહના બદલાની ઉમ્મીદ બગૈર ભલાઈ કરા કરવી, તે એહસાન છે - પછી એ ભલાઈ મનથી હોય, તનથી હોય યા ધનથી હોય. વાતથી હોય યા વર્તાવથી હોય.

બીજા લોગો અને પોતાની ઝાત સાથે એકસરખો વર્તાવ કરવો તે અદલ, ઈન્સાફ છે. મગર જ્યારે બીજા વાસ્તે ઈન્સાફથી વર્તે અને ખૂદના વાસ્તે કોઈ દરકાર ન રાખે, તે એહસાન છે. જેનું ઝાહિર અને બાતિન - ખુલ્લું અને છુપેલું બંને બરાબર હોય, સરખું હોય તેને અદલ કહે છે અને જેનું બાતિન ઝાહિર કરતા વધારે ખૂબસૂરત હોય તેને એહસાન કહે છે. વાજિબ છે હર ઈન્સાનને વાસ્તે કે, શરીઅતના ઝાહિર અને બાતિનના આઅમાલ ને એકસરખા રાખે યા બાતિનને ઝાહિર કરતા વધારે સઁવારે. શરીઅતનું ઝાહિર તે તમામ ફરાઈઝ છે અને શરીઅતનું બાતિન તે સાહબે વક્ત, અલ્લાહના હુજ્જત, ઈમામે ઝમાના ની વલાયત છે. **આ બાતિન પર જ ઝાહિરની બુનિયાદ છે.**

ત્રીજો અખ્લાક છે, ઈતાએ ઝિલ કુર્બા, યાઅની રિશ્તાવાલાઓ સાથે નૈક સુલૂક રાખવો. કુર્બા યાઅની નઝદીકવાલા, જેમાં પડોશીઓ પણ શામિલ છે. આ અખ્લાક ત્રણ તરહના રિશ્તાથી અદા થઈ શકે છે. પહેલો રિશ્તો રૂહાની છે, જે બધા કરતા વધીને છે. દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) કે, જે તમામ મુમેનીનના આઅમાલ ના હામિલ છે, ઉંચકનાર છે એમના સાથે મહબ્બતનો રિશ્તો કાઈમ રાખવો. એમના હર ફરમાનને બજા લાવવું. બીજો રિશ્તો જિસ્માની છે, યાઅની ખૂનના રિશ્તાના જેટલા સગા-સંબંધીઓ હોય એના સાથે નૈક સુલૂક કરવો. ત્રીજો રિશ્તો ઈન્સાની છે કે, જે તમામ ઈન્સાનો સાથેના તઅલ્લુકનો છે. આ રિશ્તાને મુરૂવ્વત પણ કહેવાય છે. તમામ બશર સાથે, પછી કોઈપણ મુલ્કના, મઝહબના, ઝાતીના હોય એના સાથે ઈઝઝતથી પૈશ આવવું, તે ઈન્સાનીયતનુ આઅલા અને ઉંચું જૌહર છે. મુરૂવ્વતનો રિશ્તો તમામ ઈન્સાનો સાથે; મહબ્બતનો રિશ્તો સગા-સંબંધી યા ખૂનના રિશ્તાવાલાઓ સાથે અને મવદ્દતનો રિશ્તો ઉલુલ અમરના સાહબ સાથે. જે શખ્સ આ ત્રણ રિશ્તા નિભાવવામાં કામિયાબ થાય છે, એ કામિલ ઈન્સાન છે. આ ત્રણ નૈક અખ્લાક કે, જેની ઝિક્ર ઉપર કરવામાં આવી છે, એ તમામના સરચશ્મા અલ્લાહના હુજ્જત છે, જે આ ઝમીન પર હર વક્ત મૌજૂદ છે.

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

(પેજ નં. ૧૧ નું બાકી) **ઈન્સાનીયત અને શૈતાનીયત....**

આ ત્રણ નૈક અમલના ખિલાફ એવા ત્રણ બદ અમલ ની ઝિક્ર છે, જેમાં પહેલો અમલ "ફહશા" છે. ફહેશ યાઅની બેહયાઈ, બેશરમી. એવા બુરા કામો કે જે છુપી રીતે તો ઓછા પણ ખુલ્લી રીતે થાય, તેને બેહયાઈ કહે છે. આજનો દૌર બેહયાઈનો છે, ઉરયાનીનો છે. ઈન્સાનની જિસ્માની અને ઝાતી ચીઝો પરથી એ મુજબ દુનિયામાં પડદો ઉઠી ગયો છે કે, આજે કોઈને ભાઈની, બહેનની, વાલેદૈનની શરમ કે હયા રહી નથી. જે ચીઝ પર પડદો કરવું વાજિબ છે, તેના પરથી જો પડદો ઉઠી જાય તો તેને ઉરયાની કહેવાય. જે વક્ત ઔરત (ઢાંપવાની ચીઝ) પરથી પડદો ઉઠી જાય તો તે ઉરયાની કહેવાય. ઝમાનામાં જેમ જેમ ઉરયાની વધશે તેમ તેમ ઈન્સાનની સોચ હલકી, ગંદી અને સખ્ત થાતી જાશે. છાકનો કાટ ચઢી જાવાના સબબ શરીઅત કે ઈલાહી ફરમાનને એનું દિમાગ રદ કરી દેશે. **આ તરહ બેશરમી નું વધવું તે કયામતની એક મોટી નિશાની છે.**

બીજી રાહે બદ એ મુન્કરાત પર સવાર થાવું છે. મુન્કરાત યાઅની ઈન્કાર કરવું. જે શખ્સ શરીઅતનો ઈન્કાર કરે તે મુન્કિર છે. જે ચીઝોથી શરીઅત રોકે છે તેને મુન્કરાત કહે છે.

ત્રીજો બદ અમલ "બગય" છે, જેના પરથી બગાવત આવું છે. દુશ્મની રાખવી, ઝુલ્મ કરવો તે બગયમાં શુમાર થાય છે. જે શખ્સ અલ્લાહના વલીની ઈતાઅત માંથી નિકલી ગયો, એ બાગી થયો, એં બગાવત કીધી. જે શખ્સે અલ્લાહના વલીની નાફરમાની કીધી, એમના સામે માથું ઉંચું કીધું, દુશ્મની કીધી, એ બાગી થયો.

અદલ, એહસાન અને ઈતાએ ઝિલ કુર્બા એ અલ્લાહનો રસ્તો છે અને ફહેશ, મુન્કરાત અને બગય એ શયતાનનો રસ્તો છે. અદલ ને ખિલાફ બેહયાઈ છે, એહસાનને ખિલાફ મુન્કરાત છે અને ઈતાએ ઝિલ કુર્બાને ખિલાફ બગય છે. ફહેશ, મુન્કરાત અને બગાવત એ અલ્લાહના હર વલીના દુશ્મનની પહેચાન છે. અલ્લાહના વલી યા દાઈની મહબ્બત દિલમાં ન હોવાના સબબ પહેલે બેહયાઈ આવે છે, તેના બાદ એ નાફરમાન થાય છે અને આખિરકાર એ બગાવત પર ઉતરી જાય છે અને ખુલ્લા તરીકા પર દુશ્મનીનો ઈઝહાર કરે છે, અને **ઈન્સાનીયતના દાયરામાંથી નિકલીને શૈતાનના ટોલામાં જઈને મિલી જાય છે.** અલ્લાહતઆલાએ આ અખ્લાક બયાન કરીને ઈન્સાનને બે રસ્તાની પહેચાન આપી છે. એક રસ્તો ઈન્સાનીયતનો છે અને બીજો શૈતાનીયતનો છે.

ઈન્સાન જેવું જિસ્મ હોવાથી ઈન્સાન, ઈન્સાન નથી કહેવાતો. અગર ઈન્સાનમાં આ ત્રણ બદ અમલ હોય છે, તો એ હકીકતમાં ઈન્સાનની સૂરતમાં શૈતાન અને હયવાન છે. અલ્લાહતઆલાએ ઈન્સાનને અકલ આપી છે કે, એ શરીઅતની નિગાહથી ઈન્સાનીયત અને શૈતાનીયત માં ફરક કરી શકે છે.

જે જગા પર અલ્લાહવાલો હોય છે, તે જગા પર શૈતાનવાલાઓ ખેંચાઈ આવે છે. જો અગર અલ્લાહની દાઅવત ન હોત અને એના વલી આ દુનિયામાં ન હોત તો શૈતાન કોના ખિલાફ એની શૈતાનીયતનો ઈઝહાર કરતો? દર હકીકત શૈતાન ખુદ અલ્લાહની દાઅવતનો મોહતાજ છે. દાઅવત તો હતી જ અને દાઅવતની નાફરમાની ના સબબ શૈતાન વુજૂદમાં આવો. જો અગર દાઅવત કે અલ્લાહના વલી ન હોય તો શૈતાનની શૈતાનીયતનો કોઈ મતલબ રહેતો નથી. જે વક્ત પણ અલ્લાહના વલી શરીઅત અને અખ્લાક ની હિદાયત આપીને લોગોના દિલ શૈતાની ચીઝોથી સાફ કરતા હોય છે, ત્યાં જ શૈતાન તેની ફહેશ, મુન્કરાત અને બગાવત ઝાહિર કરે છે. આકિલ શખ્સો ખૂબ જાણે છે કે, **ઈન્સાને રહેમાની કૌન છે અને શૈતાને હયવાની કૌન છે.**

શરીઅતને ખિલાફ કામ કરવા વાસ્તે લોગોને બહેકાવનારા, શરીઅતના ફરમાનને ખોટી રીતે લોગોમાં સમઝાવનારા, દાઅવતના ઈલાહી કારોબારમાં ફિત્નો કરનારા હર વક્તમાં થઈ ગયા, થયા છે અને થાતા રહેશે. પોતાની ભડાસ નિકાલવા વાસ્તે હલકામાં હલકા ઝરીઆ આ શૈતાનીયત કરવાવાલા અપનાવતા આવા છે. જે કોઈ ચપરાસી કે કારકૂન પણ ન કરે એવા કામો કરે છે. હકીકતમાં આ શયાતીનના હર ફએલથી અને હરકતથી તેની બેવકૂફી અને લાચારીનો ઈઝહાર થાય છે.

અલ્લાહતઆલાની ખિલકત (પૈદા થયેલી ચીઝો) માં પહેલા સઘલું ખૈર હતુ પણ મખ્લૂકની ખતા અને નાફરમાનીના સબબ શર પૈદા થયુ. હમારી એ જ દોઆ છે કે, અલ્લાહતઆલા હમને શરીઅત અને ખૈર અખ્લાકનો રસ્તો બતાવે અને શૈતાનના હર ફએલથી દૂર રાખે. ✯

## નસીહત

અઝીઝો દીન કે રસ્તે પે ચલ સકો તો ચલો, ખબાસતોં કે ભંવર સે નિકલ સકો તો ચલો,
ખુદા કી દીનો શરીઅત બદલ નહીં સક્તી, ખુદા કે હુકમ પે ખુદકો બદલ સકો તો ચલો,
જુઆ શરાબ તમાકુ રિબા નિફાકો ઝિના, ગુનાહ કી ભીડ સે યારોં નિકલ સકો તો ચલો,
યે વુઝૂ ઔર કુરઆઁ પાજેબાતો સૌમો સલાત, યે નૈકીયાં હે જો ઈન પર મચલ સકો તો ચલો,
બદીકો નૈકી, અંધેરે કો નૂર મત સમઝો, અઝાબે નારે જહન્નમ સે ટલ સકો તો ચલો,
ખુલા હે આજ ભી યે મુમિનો દરે તૌબા, અય યારોં, હુર કી તરહ તુમ સંભલ સકો તો ચલો,
લિબાસો, પઅઝમેં સુરત મેં ઔર સીરત મેં, મેરે હુઝૂર કે સાંચે મેં ઢલ સકો તો ચલો. ★

## બચ્ચેં

**"બચ્ચેં ખુદાકી દૈન હૈ કહેતે હૈં યૂં સભી"**

મુમેનીન! સુબહાનલ્લાહ, જઝાકલ્લાહ! બચ્ચાંઓ, અલ્લાહતઆલાએ હમ મુમેનીનને બખ્શેલી બેમિસાલ અને અનોખી નેઅમત છે. એટલે જ શાયરે કહ્યું છે કે, "બચ્ચોં સે ક્યા બહેતર હે, દૌલત કોઈ દુનિયા મેં". જે ઘરમાં મસ્તી, તૂફાન, ધમાલ, ખેલ-કૂદ કરતા બચ્ચાંઓ હોય છે, ત્યાં હમેશા ખુશીયોંની બહાર હોય છે અને જો એ બચ્ચાંઓની પરવરિશ બરાબર થાય તો એ ઘર જન્નતનો નમૂનો બની જાય છે. બચ્ચાંઓની માઅસૂમ હંસી, હરકતો, મીઠી-મીઠી ઝબાન માઁ-બાપના, દાદા-દાદીના, નાના-નાનીના તેમજ ઘરના બીજા મેમ્બરોના દિલોને બાગબાગ કરી દે છે. બધા, બચ્ચાંઓની કિલકારિયોથી દુનિયાના રંજો-ગમને, ટેન્શનને હંગામી તૌર પર ભૂલી જાય છે અને બચ્ચાંઓ સાથે બચ્ચાં બનીને ઝિંદગીનો લુત્ફ ઉઠાવે છે. એમના પ્યારા પ્યારા બચપણની મીઠી યાદોમાં ખોવાઈ જાય છે.

અલ્લાહતઆલાના ફઝલો કરમના હમારા બચ્ચાંઓ પર ચાર હાથ છે કે, તેઓ બચપણાથી જ તાઅલીમ તરહ શૌક રાખે છે. આજકાલના IT, Computer અને Mobile ના દૌરનાં બચ્ચાંઓ એટલા તો ચાલાક અને હુશિયાર હોય છે કે, જાણે સર પર ચઢીને કહી રહ્યા હોય કે, **"હમ બચ્ચેં હે તો ક્યા હુવા તુમ્હારે ભી ઉસ્તાદ હૈ". " હમ ભી નહીં કોઈ કચ્ચેં, સમઝો ન હમકો બચ્ચેં. "**

બચ્ચેં હૈં મનકે સચ્ચે, પર કચ્ચે નહીં હૈં હમ,
Little champ ને Prove કિયા, કિસીસે નહીં હે કમ.
બચ્ચોં સે ઉલઝ પાના, બચ્ચોં કા નહીં ખેલ,
ટકરાયે હમસે આકે, કિસીમે અગર હે દમ.
બચ્ચેં ખુદાકી દૈન હૈ, કહતે હૈ યૂં સભી,
ઘરમેં ખુદા હો બચ્ચા, બસ એક કમસેકમ.
તુફાની ટપ્પુ જૈસા, બચ્ચા અગર હો ઘરમેં,
મસ્તી ધમાલ હોવે ઔર હોવે ધમાધમ.
Parents કા નામ અપને રોશન હો ઈસ જહાં મેં,
પઢ લિખકે એક બઢીયા, ઈન્સાન બને હમ. ★

**મૌ. અલી (અ.સ.) એ કુરઆનની ઝિક્ર કરતા ફરમાવું કે, એનું ઝાહિર વાજિબશુદાહ અમલ છે, એનું બાતિન પરદાપોશ-મખ્ફી ઈલ્મ છે અને તે હમારે નઝદીક લખાયેલું માઅલૂમ છે.**

## ઈલ્મ અને તજરૂબો

ઈલ્મને તલબ કરતી વક્ત તેને ખૂબ ગૌરો ખૌઝથી સાંભલવાની નસીહત આવેલી છે. ગૌરથી સાંભલેલુ ઈલ્મ દિલો પર નક્શ થઈ જાય છે, જેમ પત્થર પર લોખંડના હથિયારથી કરેલી નકકાશી. તાલિબે ઈલ્મની ઉંમર જેમ જેમ વધતી જાય છે, તેમ આ ઈલ્મી નકકાશીમાં ઈઝાફો થાતો જાય છે, તેમાં કમાલ આવે છે અને તેને ઈસ્તેમાલ કરવાથી તેની ઝિંદગીના મકસદને પહોંચવામાં તે કામિયાબ થાય છે. તેના ઈરાદા અને મકસદોમાં નિખાર અને બહાર આવે છે. નવા નવા તજરૂબાઓ થાય છે અને તેહસીલે ઈલ્મ અને તજરૂબએ અમલ બદલ તેને પોતાની ઝિંદગીથી ઈત્મેનાન મિલે છે. અલ્લાહતઆલાએ બાઝ લોગોને ફક્ત ઈલ્મ અને બાઝને ફક્ત તજરૂબાથી માલામાલ કીધા છે. **વાલેદૈનને પાસે ઈલ્મ અને તજરૂબો બન્ને હોય છે.** આજની ઔલાદ ઈલ્મ હાંસિલ કરે છે, કદમ બ કદમ હુસૂલે ઈલ્મની મંઝિલો પર આગલ વધે છે, પણ તેઓમાં તજરૂબાની ખોટ હોય છે. ઈલ્મના સબબ તેઓમાં ખુમાર અને જવાનીની વજહથી બુખાર હોય છે. તેથી તેઓની તબીઅત ઝિદ્દી અને હઠીલી થઈ જાય છે. પોતાની ઝાતને ઘણા જ આકિલ અને હુશિયાર સમઝે છે. વાત વાતમાં વાલેદૈનની મઝમ્મત-બેઈઝઝતી કરે છે. તેઓના મશ્વરા અને નસીહતને હલકા ગરદાને છે. તેઓની હાઝરીને બોજ માને છે. જદીદ ઝમાનાની ઈજાદાત અને તકનીકી ખોજના ઈસ્તેમાલમાં મહારત અને આવડતથી વાલેદૈનને જુનવાની, બેતજરૂબેકાર અને out dated સમઝે છે. સ્કૂલી syllabus યા કોલેજના કોર્સની કિતાબો અને ઈલ્મી મવાદ computer પરથી હાસિલ કરી studies-oriented ઈમ્તેહાનમાં કામિયાબ થાય છે, તો ખુશફહેમી કરે છે કે, તેએ એક આઅલા ડિગ્રી હાસિલ કરી લીધી છે. પણ હર દુનિયવી ડિગ્રી ના ઈહાતામાં તેની જ માઅલુમાતને લગતી હુશિયારી આવે છે અને એ સિવાયના દીગર તમામ ઈલ્મો-હુનરથી તેઓ ખાલી રહે છે.

આ તરફ વાલેદૈનને નઝદીક તજરૂબાથી ભરેલી કીમતી-તરતીબશુદા કિતાબ હોય છે, જેમાં દુનિયાનાં તમામ ઉલૂમની એક-એક ઝલક અને દિરાયતના સફહાતમાંથી એક-એક સફહો મૌજૂદ હોય છે. **જે કિતાબ પોતાના ડિગ્રીધારી ઔલાદ કરતા ઘણીજ ભારી અને મોઅસ્સિર હોય છે.** આ જ સબબથી બાઝ ઘરોમાં વાલેદૈનનો ઔલાદ પર રોઅબો, દબદબો અને પકડ હોય છે. બાઝ ફેમિલીઓમાં વાલેદૈનની નરમ તબીઅત અને ખુદસાખ્તા જહાલત અને એહસાસે કમ્તરીથી ઔલાદ તેઓ પર રોઅબ અને ધાક જમાવે છે અને વાલેદૈન ફક્ત Rest-chair યા ઘરના કોઈ કોનામાં આરામફરમાં બનીને નવા ઝમાનાનો તમાશો જોયા કરે છે, મજબૂર અને મકહૂર બનીને મોડર્ન માહૌલનો રંગ અને જમાવટને ઉંડી ઉતરેલી આંખોથી બેઝબાન થઈને જોયા કરે છે. તેઓ પણ મન બનાવી લે છે કે, આજની નવી પેઢીને શું નસીહત કરીએ? ઝબાનનું પાની જાય છે અને અમલના નામે મીંડું?

આ મૌકા પર અફસાનાઓની કિતાબની એક દિલચસ્પ હિકાયત તેહરીર કરવી ઝરૂરી છે. એક જંગલમાં પરીંદાઓ-હયવાનો સાથે એક સિંહનો કુંબો રહેતો હતો. સિંહની સાથે સિંહણ અને તેનાં બે બચ્ચાં પણ હતા. સિંહ અને સિંહણ બંને બચ્ચાંઓને હર હાલતમાં સાથે રાખતાં અને ગુફામાંથી બાહર નિકલવા ન્હોતા દેતા. કોઈ વક્ત તેઓ બચ્ચાંઓને સાથે લઈને નિકલતા હતા. તેઓનું ટોલુ જોઈને જંગલનાં બીજા હયવાનો ખૌફથી આમતેમ નાસી જાતા. તેઓ બચ્ચાંઓને ગુફામાં મૂકીને ખોરાકની તલાશમાં નિકલતા અને એકલા બહાર ન આવવાની સલાહ આપતા. એક દિન બંને જંગલનાં દૂરો દરાઝ ઈલાકામાં નિકલી પડા અને આવતા વાર થઈ ગઈ. તે હંગામમાં મોટા બચ્ચાંએ નાના ને કહ્યું કે, ચલો! અપને બંને નઝદીકમાં જ એક ઝરણાનું પાની પીને આવીએ અને થોડું જંગલમાં ફરીએ. હરણોને મને ડરાવીને નસાડવાનું ઘણું અચ્છું લાગે છે. નાના બચ્ચાંએ વાલેદૈનની નસીહત યાદ કરાવી અને અજનબી જંગલી જાનવરોનો ખૌફ અપાવો, પણ મોટું બચ્ચું માનુ નહી. નાનાએ તેનો સાથ આપો નહીં અને ફક્ત મોટું બચ્ચું ઝરણાં કિનારે પાની પીવા ગયું. તે સૈરાબ થયું અને હરણોની તલાશ કરવા લાગું. આ દૌરાન ચંદ શિકારી ચઢી આવા અને બચ્ચાંને તને તન્હા જોઈને પકડી લીધું. શહેરમાં જઈને તે બચ્ચાંને જાનવરોના પાલનારને વહેંચી દીધું અને મોટી રકમ કમાયા. સિંહના આ બચ્ચાંએ વાલેદૈનની વાત પર અમલ ન કરીને તેના કુંબા તેમજ આઝાદીને ખોઈ નાંખા. તેથી વાલેદૈનની જુની અને તજરૂબેકાર પેઢીની બરાબરી અને મુકાબલામાં નવી પેઢીનું ઈલ્મ અને અખ્તરો પોકલ અને નુકસાનદેહ સાબિત થયો. **તેથી ઘરનાં બુઝુર્ગોનો તજરૂબો આજની નવી પેઢીની મોટી દૌલત અને વિરાસત છે**, જે આજના જદીદ દૌરમાં તેઓના ઈલ્મ કરતા ઝિયાદહ કીમતી છે. ✯

## આઅલા હથિયાર – દોઆ

મુમેનીન, અલ્લાહતઆલા ખાલેકુસ્સમાવાતે વલ અર્ઝનું અપના પર લાતાઅદાદ એહસાન છે કે, હમને અશરફુલ મખ્લૂકાત બનાવીને આ દુનિયામાં પૈદા કીધા. સાથે સાથે હમારા ખુશાનસીબ છે કે, હમને રસૂલે મકબૂલ(સ.અ.વ.વ.) ની રિસાલત પર, મૌલાના અલી (અ.સ.) ની વલાયત પર અને ઈમામૈન હસનૈન તેમજ અઈમ્મતે તાહેરીન(અ.સ.) ની ઈમામત પર તેમજ દોઆતે અકરમીન (આ.કુ.) ની દાઅવત પર ગામઝન કીધા. હવે મુમેનીન નઝર કરે કે, દુનિયા બલાનું ઘર છે. રંજ, મુસીબત, આફત, બલા, આસમાની-સુલતાની કહેર, બીમારી વગૈરહ જેવા દુશ્મનો અપના સામના પર છે. હર જગા પર અપની કસૌટી છે. કોઈપણ ઈન્સાન કરોડપતિ હોય કે રોડ પર હોય, એને રોઝીનું, ઘરબારનું, બીમારીનું, નૈક ઔલાદનું ટેન્શન હોય જ છે.

**"ઈસી તરહ જીના હે, ઈસીકા નામ દુનિયા હે,**
**જિધર દેખો ઉધર ઝઘડા હે! બખેડા હી બખેડા હે!"**

મગર અલ્લાહતઆલાએ હમ લોગોને આ મુસીબતો-બલાઓનો સામનો કરવા, તેને બરદાશ્ત કરવાના હલ વાસ્તે એક અનોખું હથિયાર આપેલું છે, જેનું નામ છે **"દોઆ"**. હદીસે શરીફમાં રસૂલુલ્લાહ(સ.અ.વ.વ.) ફરમાવે છે કે **"અદ્દોઆ સેલાહુલ મુમિન", યાઅની દોઆ મુમિન વાસ્તે કારગર હથિયાર છે.** મુમેનીન, અલ્લાહે બખ્શેલું આ એવું અનોખું હથિયાર છે કે, આજના મોર્ડન ઝમાનામાં જ્યાં બધી જ તરહના હાઈટેક સાધનો મૌજૂદ છે, એક્સપર્ટ ડોક્ટર પણ કોઈ મુઝમિન બીમારીમાં ભૂલ ખાઈ જાય છે, તો હાથ ખંખેરીને કહે છે કે, હવે તો બસ દોઆ જ તમને બચાવી શકશે. તો મુમેનીન! હર વક્ત અપને આ બેમિસાલ હથિયારનો ઐનુલ યકીન અને ઈલ્મુલ યકીનથી ઈસ્તેમાલ કરવો જોઈએ અને હર વક્ત અપનો તકીયા કલામ યાઅની વિર્દે ઝબાન આ હોવું જોઈએ કે, **"દોઆમાં યાદ કરજો"**. મુમેનીન, દોઆઓમાં પંજતને પાક(અ.સ.) અને અપના ઔલિયાના વસીલા લેવામાં આવે, તો બેશક! અલ્લાહતઆલા સમીઉદ્દોઆ છે, યાઅની દોઆને સાંભલનાર છે, અપની દોઆઓને કુબૂલ ફરમાવશે. મુમેનીન, અલ્લાહતઆલાને અડધી રાતની દોઆઓ ઘણી જ પસંદ છે, જે વક્ત કે બીજા લોગો ઉંઘની લઝઝતમાં હોય, તન્હાઈમાં અપને અને અપનો રબ હોય. કોઈ શાયરે કહ્યું છે કે,

**"હું એટલે અડધી રાતે દોઆ માંગતો હતો,**
**સૌ સુઈ ગયા હતા ને ખુદા જાગતો હતો".**

તો મુમેનીન આ છે દોઆઓની ખાસીયત અને ફઝીલત. હવે આ જ દોઆ હમારા આકા મૌલા તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ મુમેનીનના હકકમાં કરે, તો પૂછવું જ શું? ✯

## દોઆએ દાઈ (ત.ઉ.શ.)

દાઈ હુસૈને પાક કે હે મૌલાના ઝિયા, કરતેં હૈ મુમેનીન કે હક્ક મેં સદા દોઆ,
રોઝીમેં મુમેનીન કી, હોવે સદા બરકત, યે ઝિંદગી ખુશીયોં સે, બિતાયે વો હમેશા,
હે વાસ્તા વો આબિદે બીમાર કા યા રબ, મુમિન કો હરએક દર્દ મેં દે દેના તું શિફા,
મિલ્લતકે નૌજવાં કરે, હર ઈલ્મકો હાસિલ, લહરાએ ઈસ જહાન મેં, પરચમ વો અલીકા,
જન્નત હમેં મિલેગી, સદકેમેં પંજતન કે, દુનિયા હમારી કર દે, તું જન્નતકા નમૂના,
આઓ કહેં અબ્બાસ આમીન હમ સભી, મૌલાને દોઆ કે લિયે જો હાથ ઉઠાયા. ✯

**અલ્લાહની રાહમાં જેહાદ કરનાર શહીદને અઝીમ દરજો નહીં મિલે, તે શખ્સ કરતા કે, જે તેની કુદરત મુજબ પાકદામન રહેતો હશે. એવું પણ બને છે કે, પાકદામન નૈકોકાર શખ્સ મલાએકતમાંથી એક મલક બને.**
**The fighter in the way of Allaah who gets martyred would not get a greater reward than he who remains chaste despite means. It is possible that a chaste person may become one of the angels.**

## " મૈં આશિકે જશન હૂં – ગુલદસ્તએ ખુશી હૂં "

ઝમાનએ હાલમાં ચાર-પાઁચ સાલનો નૌનિહાલ પણ વાત-વાતમાં બોલે છે- **" હું બોર થઈ ગયો. "** નૌજવાનો બોલતા નથી પણ બગાસા ખાતા હોય છે અને કોઈએ કહ્યું તેમ, બગાસુ એ કંટાલાનું ઝાહેરનામું છે. વાતવાતમાં થાક લાગવો, કામચોરી, કંટાલી જવું, સુસ્તી, ગમગીની ની ચાદર ઓઢીને ફરવું, કોઈપણ નવા ખ્યાલ-મશવરાને ઝહેનમાં લીધા બગૈર નકારી કાઢવો, નાકામિયાબીના કિલ્લામાં પુરાઈ રહીને કામિયાબીના દરવાઝા બંધ કરી દેવા, આ બધા હાલાત મનને બેચૈન કરી મૂકે છે. કહેવત છે કે, "જે રડતો જાય એ મૂવાની ખબર લાવે". અપને એ ચીઝને એમ સુધારી ન શકીએ કે, **" જે હસતો જાય એ ખુશીના અખ્બાર લાવે "**. ઝિંદગી એ ખુશી છે, તરાવત છે, તાઝગી છે. હર પલ એનો ફાયદો ઉઠાવવો જોઈએ, કંઈક તો બનશે જ-ખુશી કે ગમી! કેટલીક ચીઝો ઈન્સાનના કાબૂની બાહર હોય છે. જે મુજબ કરાબતદારમાંથી કોઈ ગુઝરી જાય તો તેને દફનાવા બાદ તેના રિશ્તેદારો પોતાની ઝિંદગી જીવે જ છે. તેઓ ગુઝરી જાનાર શખ્સ પાછલ બેસી નથી રહેતા. મગર જો ખરી રીતે તમને ગુઝરી જાનાર શખ્સ સાથે નિસ્બત હોય, તો તેએ છોડેલા કામને ફરીથી શરૂ કરી તેને અંજામ તક પહોંચાવવા જોઈએ. **બેસી રહેવાથી કંઈ હાસિલ થાતું નથી.**

યહાં અપને મુરદાની નહીં , મગર ઝિંદા, એવો કે મુરદાર ની જેમ ઝિંદગી ગુઝારતા શખ્સની વાત કરવાની છે. જેઓએ પોતાની નઝરના ઈબ્રતના ચશમાને બંધ કરી દીધા છે. તેઓને હકક કે બાતિલનો કોઈ જ ફરક ખબર નથી. અકલની બારી બંધ કરીને બેસેલા આ શખ્સોને ઝિંદગી જીવવાની રાહ બદલવાની ઝરૂર છે. ઘુવડની આંખે અંધાપો જ હોય છે, અપને ગરૂડ બનીને, ઉંચા ઉડીને, ઝિંદગીના ઝાડ પર બેસીને, તમામથી દરજામાં ચઢીને, ફરહતમંદ થઈને હર વક્ત બલંદીની શાખ પર બેસવાનું છે. હર એક ઈન્સાનમાં કે હર એક વાતમાં ભૂલો જોનારા કે ખતા ઢુંઢનારા લોગો પોતે માઅસૂમ નથી હોતા. કેટલાક ઈન્સાનો એવા હોય છે કે, જેને બદામ આપો તો ગરમ પડે અને ખાંડ આપો તો શરદી થઈ જાય! **મહેફિલની જાઝમને મૈયતની બિછાત ન બનાવાય.** ઝિંદગીનો મતલબ જ ખુશી અને રઝામંદી છે. પણ કેટલાક શખ્સો હતાશ અને નાઉમ્મીદ થઈને, ઝિંદગી છે તે છતા મરવાની કે મરી-મરીને જીવવાની આદતવાલા છે. બગીચામાં એની નઝર ફૂલને બદલે કાંટા પર જ પડશે. અકલ પર પડેલા પડદા હટાવીને હાલાતે હાઝેરહ સમઝવા ઘણા ઝરૂરી હોય છે. હર વક્ત શિકાયતના નગારા વગાડવામાં આવે તો ખુદાતઆલાને પણ ઝિંદગી આપ્યાનો અફસોસ રહી જાય.

ખુશી વહેંચવા વાસ્તે પહેલે આપનાર પાસે ખુશીની લહેર, હોંશ, ઉમંગ હોવી જોઈએ. ઝિંદગી જીવવાની ખુશી પોતાના વાસ્તે, સમાજ વાસ્તે, કંઈક નવું કરવાનો વલવલો હરએકના જીવનમાં હોવો જોઈએ. અપને ખબર છે કે, તમામની ઝિંદગીમાં રોજિંદાપણું - fixed timetable મુજબ રોઝના કામકાજ કરવાની મહાબીમારી હોય છે. જો આમ ન થાય તો દિવેલીયા ડાચા દેખાય, પણ જો flexible રહીએ તો આ ચઢેલા ચહેરાને ખૈરબાદ કહીને હર લમ્હામાં થોડી-થોડી ખુશી આસપાસથી ચોરી કરવાનો મૌકો હાથ લાગી શકે છે. કરબલાએ મોઅલ્લામાં આકા હુસૈને (અ.સ) શોહદાઓને કુરબાની પછીની ઝિંદગીનો જોશ જ અપાવો હતો. જે ઈન્સાન ખુશીને વહેંચી શકે એ દુનિયાનો ખરો વેપારી - Best salesman છે. ખુશીના કોઈ પડીકાં નથી આવતા કે, બાંધીને કોઈને આપી શકાય, પણ થાકેલા, હારેલા કે ઉદાસ થયેલા શખ્સને બે મીઠા બોલ બોલવાથી કે, વિસામો આપવાથી કે, વિચારો તથા નઝરીયામાં Positive approach ભરવાની કોશિશ કરવાથી તેના ઉદાસ ચહેરા પર ખુશીની લહેર નમૂદાર થઈ જાય છે. રસૂલે અકરમ (સ.અ.વ.વ.), મૌ. અલી (અ.સ.) અને દીગર તમામ નબીયો, વસીયો, દોઆતોએ પોતાની **" બેજાન "** ઉમ્મતમાં ખુદ મિસાલી ઝિંદગી જીવીને નવી ઝિંદગીની જાન ફૂંકેલી છે. આ અલ્લાહના ખાસ નૂમાઈંદા, પસંદીદહ બંદાઓએ જ ઈન્સાનને ઝમીન અને આસમાનના મતલબ સમઝાવા છે. **અપને જોશના ફૂંવારા બનીને સતત ઉડતા રહીને પોતાને અને આસપાસના લોગોને ખુશ કરવાના છે.** ખુશીની નેઅમત અલ્લાહતઆલાએ અપને હદીયામાં આપી છે. ખુશીમાં જેટલા ને શામિલ કરશો એટલી વધશે. અલ્લાહતઆલા તમામને ખુશ-મિઝાજ ઝિંદગી જીવવાના નૈક અવસર આપે. ✯

દર્દ કા તબ ઈલાજ હોતા હૈ, જબ ઠિકાને મિઝાજ હોતા હૈ,
ફિર તો ખુશીયાં હૈં ઉનકે આંગન મેં, સારી દુનિયા પે રાજ હોતા હૈ.

--------

નાઝ હે કિસ્મત પે હમકો ફખ્ર સે કહતેં હૈં હમ, શાહે હમબખ્તે સિકંદર હાઁ હમારે સાથ હે.
ઝિંદગી કે રાસ્તોં મેં હમ ભટક સક્તેં નહીં, દીન ઔર દુનિયા કે રહેબર હાઁ હમારે સાથ હે.

--------

મહેક મહબ્બત કી કભી કમ નહીં હોતી, મહબ્બત સે ભી ઝિંદગી કમ નહીં હોતી,
સાથ ઝિંદગી મેં અગર હો દોસ્ત કા, તો ઝિંદગી જન્નત સે કમ નહીં હોતી. ★

## Tension

આજનો ૨૧મી સદીનો ઈન્સાન ખૂબ જ Tension માં જીવે છે. તે રોઝ-બ-રોઝ તરહ-તરહના ટેન્શન (તનાવ) થી ઘેરાયેલો રહે છે. વાતવાતમાં **"બહુ Tension છે, યાર!"** એ આજના બચ્ચાઓની નૌકે ઝબાન પર છે. હર ઈન્સાનને આજે એના level નું ટેન્શન છે. બચ્ચાઓને સ્કૂલ અને ટયુશનનું ટેન્શન,. કોલેજ જાનારાઓને lecture attend કરવાનું ટેન્શન, Job કરનારાઓને Target achieve કરવાનું ટેન્શન, ધંધો-વેપાર કરનારાઓને ઘરાક અને ધંધો વધારવાનું ટેન્શન. આજના આ competition ના યુગમાં હરએકને કોઈ બીજો શખ્સ દરેક બાબતે challenge આપે છે. લોગો આજે ટેન્શનનો ઈલાજ તરહ-તરહના નુસ્ખા આઝમાવીને અને ઈલાજ વાસ્તે ગોળીઓ શોધી રહ્યા છે. લોગો laughing club થી લઈને meditation સુધીના ઈલાજ કરી રહ્યા છે. મગર, ઈન્સાન આજે આ ટેન્શનના ચકકરમાં કુદરતને જાણે ભૂલી જ ગયો છે. **કુદરત પાસ હરએક ચીઝનો ઈલાજ છે.** તો પછી ટેન્શનનો ઈલાજ પણ કુદરત પાસેથી જ કેમ ન શોધવો! ફક્ત Saturday અને Sunday ફેમિલી સાથે બહાર જઈ આવવાથી અને સોમવારે ફરી પાછા એ જ તરીકા પર ઝિંદગી જીવવાથી કઈ ટેન્શનનો ઈલાજ થાવાનો નથી. અગર સહી તરીકાથી ટેન્શનનો ઈલાજ કરવો હોય, તો પોતાની ઝાતને કુદરત સાથે લગાવ લગાડતા શિખવાડવી પડશે, કુદરતને સમઝવી પડશે. આ તનાવના બોજ તલે ઈન્સાનની ઝિંદગીમાં એવો મકામ આવે છે કે, તે વક્ત તેનું જીવવું ફીકૂં અને કડવું બની જાય છે. ઝિંદગી જીવવાની ખ્વાહિશ મરી જાય છે. આ વક્તે ૪ ચિઠ્ઠી લખીને સાથે રાખવી જોઈએ અને એના પર વિચાર કરવો જોઈએ.

પહેલી ચિઠ્ઠી :- કોઈની સાથે વાત ન કરવી. કુદરતના નઝારાને અને તેની નેઅમતો ઉપર દિલો દિમાગથી વિચાર કરવો. આસપાસના હયવાન-પરિંદા પર નઝર કરવી, તેમનો વ્યવહાર જોવો, દરખ્તોના હવામાં ઝૂલતા પત્તાઓને જોવા યા દરિયા કિનારા પર જઈને મોજાઓની રવિશ જોવી.

બીજી ચિઠ્ઠી :- ખ્યાલાત અને તસવ્વુરાતને રિવાઈન્ડ (પાછલ લઈજઈ) કરી ત્યાં પહોંચવાની કોશિશ કરવી, જેમાં કેટલીક ખુશીઓ ભરી પલો અને બચપણની મીઠી યાદો સમાયેલી હોય.

ત્રીજી ચિઠ્ઠી :- તમેં કરેલા કામોને તપાસવા. તમેં એમાં શું હાસિલ કીધું? કામિયાબી, માન-સમ્માન કે પછી સબક, સારા કામો જે થયેલા હોય તે પાછા કેમ થાય તે વિચાર કરવો.

ચોથી ચિઠ્ઠી :- તમારી ફિકરોને રેતીમાં લખવી. લખી રહ્યા પછી ચાલતા થાવું. પાછા ફરીને તેને જોવા નહીં. કેમકે, તમેં જાણો છો કે, ભરતીનું મોજું આવશે અને તમારી બધી ફિકરો/ચિંતાઓને પાછું લઈ જાશે. ભરતી પછી આ જ ફિકરોનો દરિયો પાછો શાંત થઈ જાશે.

આમ કરવાથી તમારા દિલને ઝરૂર સુકૂન અને ઈત્મિનાન મિલશે. આ ટેન્શનના સાથે સાથે તમેં તરકકીની ઔર મંઝિલો સર કરવાની તાકત રાખશો અને હમેશા ખુશ રહેશો. ★

# દૌરે તૈયેબી – દૌરે તરક્કી

અલ્લાહ સુબ્હાનહુ વાસ્તે હમ્દ કે, જેએ પોતાની રહેમતને આલમમાં આમ કરીને પોતાના ખાસ બંદાઓને આ દુનિયા તરફ મોકલા. અલ્લાહતઆલાએ આ ઝમીનમાં ફરિશ્તાઈ શિકલના એવા ઈન્સાનોને મોકલા કે, જેઓએ અલ્લાહતઆલાના પૈગામને દુનિયાના તમામ લોગોના ઝહેનમાં આસાનીથી પૈવસ્ત કરીને, સમઝાવીને તેઓને અલ્લાહતઆલાના પસંદીદહ બંદા બનાવી દીધા.

આજે એ રહેમતના વારિસના સિલસિલામાં આ ઝમાનામાં ઈમામે હકક અને તેમના દાઈએ મુનીર છે. તેમાં જે અવ્વલ છે, તે ખલ્કમાં અકબર છે અને જે તેના બાદ છે, તે દાઅવતમાં અશ્રફ છે. તે બેવેની શાન અઝહર છે. એક શમ્સ તો બીજા કમર છે. **એક ખુદાના હાથ છે તો બીજા તેના હબલ (રસ્સી) છે.** એક ઈમામુઝઝમાન (અ.સ.) છે તો બીજા દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) છે. અલ્લાહતઆલાના હમેં ઘણા શુક્રગુઝાર છીએ કે, હમને આ બંને મૌલા ઈમામુઝઝમાન અને દાઈયુઝઝમાન ની સાલગિરહ એકસાથે મનાવવાનો શરફ હાસિલ કરાવો છે. અલ્લાહની આ રહેમત એક નસીમે રૂહાની છે, જે નસીમના સબબ આલમની હયાતી છે. જમાઅતમાં આ રહેમતનું વાદલ, વારિસે સુરએ રહેમાન સૈ. વ મૌ. અબુ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) છે. આપની મૌજૂદગી એ અલ્લાહ તરફની નેઅમતે ઉઝમા છે. આ દાઈની નેઅમત, ખલ્કના મૌલા અને આકા જેના નામથી આ દાઅવતે શરીફહ છે, જે આલે યાસીનો તાહાના સાહબ છે, તેમના વુજૂદથી છે, જે ઈમામ તૈયેબ (અ.સ.) ના શાહઝાદા છે. હમારા મૌલાને આલે મોહંમદના મુલ્કની બાદશાહી હાસિલ છે. આપ એક મિશ્કાતે સુબ્હાની છે.

હકકની દાઅવતનું મિશન જમાઅત વાસ્તે **"ફદખોલૂહા બે સલામિન આમેનીન"**, બનીને આવેલું છે, યાઅની, તમેં દાઅવતની જન્નતોમાં સલામતી અને અમાન સાથે દાખિલ થાવ. આપ સૈયેદના સાહબે જમાઅતની જે રાહબરી અને ખિદમત કીધી છે, તે ખાસો આમમાં સૂરજની મિસિલ રોશન છે. હમારી બલંદ-ઈકબાલી અને ખુશનસીબી છે કે, આ સાલ રબીઉલ આખર મહીનામાં આપની ૮૨ મી સાલગિરહ સાથે આપની દાઅવતના ૩૯ સુનહેરા વરસો પૂરા થઈ રહ્યા છે. આપના મશ્વરા, નસીહત અને દુરંદેશીના સબબ "મિશ્કાતુલ-હાદી" અખ્બારે આપની મિલાદે અન્વરના મૌકા પર જ ૧૦૦ મી મંઝિલમાં કદમ મૂકો છે. જમાઅતના હર શખ્સને આવનાર મુસ્તકબિલની નવી ઝિંદગીનો કલમના ઝરીએ આઈનો બતાવીને દીની ઈલ્મ તરફ આપના શાહઝાદા સાહબો એ મુમેનીનને જે રગબત અપાવી છે, તેની મિસાલ મિલવી મુશ્કિલ જ નથી મગર નામુમ્કિન છે.

મિલ્લતની તરકકી અને આબાદી ને વાસ્તે ઈન્સાનીયતના રહેનુમાઓ ગહેરી નઝરથી ઝમાનાના તકાઝા મુજબ નવા-નવા અઝાઈમ કામે લગાડતા હોય છે. આપ મૌલાએ દીની તેમજ કુરઆની તાઅલીમની રગબતને વાસ્તે મદ્રસએ અંજુમને તૈયેબીના માતહત એક નવો દીની નિસાબ તરતીબ કરી નૌનિહાલો અદબ અને તાઅલીમથી ફૈઝયાબ થાય, તેની ઉમદા કોશિશ કીધી છે. ઝમાના મુજબ મુમેનીનનો કિતાબો પઢવાનો શૌક વધતા અને આ તલબને મદ્દે નઝર રાખીને આપે આપની રાહબરીમાં **"ઈદારએ ઈશાઅતે અલવીયહ"** કાઈમ કીધો, જે ઈદારાએ ઘણી સલીસ ગુજરાતી ઝબાનમાં કિતાબો મુમેનીનની ખિદમતમાં મૂકી. રોઝગાર પછીના ફૂરસતના વકતમાં મુમેનીન વક્તને બરબાદ ન કરે તેને વાસ્તે રાતે દરસની મજલિસ કરવાનું આપ મૌલાએ ફરમાન કીધું. આપના ફરમાનને લબ્બૈક કહીને માઝૂન સાહબે (દા.મ.) દેવડી મુબારક પર મુમેનીન ને દરમિયાન દરસ પઢાવવાની ઈબ્તેદા કીધી. તે બાદ મુકાસિર સાહબે (દા.મ.) બદરી મોહલ્લામાં અને રાસુલહુદૂદ સાહબે (ઝા.ઈ.) આજવા રોડ પર દરસની શુરૂઆત કીધી. આ દરસોમાં જે દીની રોશની હાલ ફૈલી રહી છે, તે લાજવાબ છે. મુમેનીન ખુલૂસ નિય્યતથી દરસમાં શામિલ થાય છે અને હર એક કલામને પોતાના સીનામાં ઉતારીને પોતાની ઝિંદગી બહેતર બનાવી રહ્યા છે. અપની ખુસૂસી ઝબાન-લેસાનુદ્દાઅવતને પઢવાનો મદ્રસાના બચ્ચાઓ અને

(બકીયાહ પેજ નં. ૨૪ પર)

(પેજ નં. ૨૩નું બાકી) **દૌરે તૈયેબી – દૌરે તરક્કી....**

મુમેનીનને જે જઝબો છે, તે કાબિલે તહેસીન છે. બકૌલે હુઝૂરે પુરનૂર (ત.ઉ.શ.), **"મારી જમાઅતનો એક-એક ફર્દ તાઅલીમના મૈદાનમાં, પછી દીની હોય કે દુન્યવી, એ મુજબની સરફરાઝી હાસિલ કરે, જેનાથી જમાઅતને નાઝ અને ફખર થાય. મુમેનીનની રોઝગારીનો સબબ અને ઝરીઓ બહેતર તાઅલીમ સિવાય બીજો કોઈ નથી."**

ખિદમત અને કુરબાનીનો જઝબો મુમેનીનમાં છલકતો રહે, તે વાસ્તે આપ મૌલાએ દાઅવતના મુખ્લિસ ખિદમત-ગુઝારોને "તૈયેબી એવોર્ડ" થી નવાઝવાનું ઈબ્તેદા કીધું. બુસ્તાને બદરીની નૂરોનુમાઈશ હોય કે, જન્નતુલ મુમેનીનમાં રોઝા મુબારેકહ યા મસ્જિદની તાઅમીર હોય કે પછી સુરતમાં મુસાફિરખાના, નિકાહ-મીસાક-ઈફ્તેતાહ ની મજલિસની આરાસ્તગી હોય કે, પછી બુનૈયાતે તૈયેબીની મુમેનાત વાસ્તે ખિદમત હોય, મોહર્રમમાં વાઅઝોની મજલિસ હોય, શહરૂલ્લાહની નિસ્ફિલ્લૈલ હોય કે, પછી મુકદસ દોઆતોની ઉર્સ કે બહેરમની મજલિસ હોય, ઘણી બધી ખૂબીઓ માંથી આ તૈયેબી ગુલદસ્તાના ચુનંદા મહેકતા ફુલોની આ ઝિક્ર છે.

૩૯ સાલના તવીલ અરસામાં આપ મૌલાની હર નમાઝ અને મુનાજાત પછીની પુરઅસર અને પુરતાસીર દોઆઓ ના સબબ આજે મુમેનીન માલમાં, આલમાં, અમલમાં અને ઈલ્મમાં આબાદોશાદ છે. મુમેનીનના ઘરોમાં ખુશહાલી, આપની દોઆની બરકતોનું સમર છે. અલ્લાહતઆલા આપની રહેમતનો સાયો જમાઅતે અલવીયહ પર કાયમ રાખે અને આપના ઝૈરેઝિલ જમાઅત તરકકીની નવી મંઝિલ સર કરે.

-------------

એક હી પહેલૂ હે દો સિક્કે ઝિયા ઔર હાદી, દોનો અપનાયે તો ખુશહાલીયો દિલ કી શાદી,
હમ મુકદ્દર કે સિકંદર હે, અલી વાલે હૈ, આરઝૂ દિલમેં જો થી રબને જિસે બર લા દી.

-------------

સલામત રહો તુમ દોઆ હે હમારી, કહેતી હે દિલસે જમાઅત યે સારી.
કરમ પંજતન કા બરસતા રહે, અમાં મૈં યે દાઅવત કો રખ રબ્બે બારી.

-------------

હે પંજતન કી શાન હમારા ઝિયાઉદ્દીન, સબ કેહ રહે હૈં અપના સહારા ઝિયાઉદ્દીન,
કોશિશ સે ફૈલી રોશની અલવી જમાતમેં, બેશક હે તાબદાર સિતારા ઝિયાઉદ્દીન.

-------------

કૌમ ને મઝહબ ની ખિદમત માટે છે જેનો જનમ, ચલતી રહેજો ખુદ્દામોની એ જ તાકતવર કલમ.
એમની ખુશહાલ તંદુરસ્ત હો ઉમ્રે દરાઝ, મંઝિલો કરતા રહે સર હાદીના અલવી કદમ. ★

**બેશક! જન્નત આલે મોહંમદ (સ.અ.વ.વ.) અને તેઓના શીઆઓ વાસ્તે શૌક કરે છે અને તેઓના (ઈસ્તિકબાલ) વાસ્તે તેની રોશની ઝિયાદહ થઈ જાય છે. જો અગર કોઈ બંદો હજરે અસ્વદ ના રૂકન અને મકામે ઈબ્રાહીમ દરમિયાન અલ્લાહની ઈબાદત કરે, યહાં તક કે. તેના હાડકાનાં જોડનો ચૂરેચૂરો થઈ જાય અને તે અમારી (અહલેબૈત (અ.સ.)) ની મહબ્બત અને વલાયત બગૈર ઈબાદત કરે, તો અલ્લાહતઆલા તેની ઈબાદતને નહીં કુબૂલ કરે.**

**Verily! Paradise yearns for the coming of the (members of the) family of Mohammad (s.a.w.s.) and their followers. Its light intensifies (in anticipation of their arrival). If a servant of Allaah devotes himself by praying between Rukn of (Hajr) and Maqam-e-Ibraheem till his joints has been wrenched apart, but he serves without our love and devotion, then Allaah would not accept his devotions.**

# બેટીયાં "Save the Girl Child"

(૧) માઁ–બાપ કા ઝરીયએ બખ્શિશ હે બેટીયાં
લુત્ફે ખુદાએ પાક કી બારિશ હે બેટીયાં
હર ગામ આપ અપની સનાઈશ હે બેટીયાં
યાઅની ઘરોં કી નાઝિશો તાબિશ હે બેટીયાં
હર ઝિંદગી કે વાસ્તે યે ઝૈબોઝૈન હૈ
યે ઈમ્તિયાઝે તરબીયતે વાલેદૈન હૈ

(૨) ઈન્સાનીયત કે લબ કી દોઆ હે યે બેટીયાં
હર દર્દે લા દવા કી દવા હે યે બેટીયાં
કુરબાનીયોં કી બાબે કુશા હે યે બેટીયાં
રહે કર ઝમીં પે ખુલ્દ નશાં હે યે બેટીયાં
સારે તરીકે ઝૈનબે મુઝતર કી યાદ હે
દિલ ઈન કે ભાઈયોં કી મોહબ્બત સે શાદ હે

(૩) માઁ બાપ કા વકાર બઢાતી હે બેટીયાં
આંચલ મેં આસુંઓ કો છુપાતી હે બેટીયાં
ઝખ્મોં કે ફૂલ દિલ પે સજાતી હે બેટીયાં
શિક્વા કહાઁ ઝબાન પે લાતી હે બેટીયાં
માઁ બાપ કે સુકૂન કા સામાન બન ગઈ
માઁ બાપ કી સિફાત કા એલાન બન ગઈ

(૪) મહેરો વફા ખુલૂસકા પૈકર હે બેટીયાં
સબ્રો રઝા કા એક સમંદર હે બેટીયાં
ઈસાર ઔર શુક્ર કી ખૂગર હે બેટીયાં
હાં આરઝૂએ કલ્બે પયમ્બર હે બેટીયાં
હો કર જો ખુશ યે રબ કી અમાનત કુબૂલ કી
બેટી સે હી તો નસ્લ ચલી હે રસૂલ કી

(૫) પૈદા હુઈ તો દીને મોહંમદ કે દિન ફિરે
કિતને બલંદ હો ગયે જન્નત કે હોંસલે
કુરઆં કી આયતોં કે બઢે ઔર મરતબે
આને લગી સલામ કી આવાઝ અર્શ સે
કલ્બે વુજૂદે ફાતેમા ઝહરા લિયે હુવે
ગોદીમેં દીન કો હે ખદીજા લિયે હુવે.

(૬) ઝહરા શરીકે કારે રિસાલત કા નામ હે
ઝહરા સુકૂને સબ કી તાકત કા નામ હે
ઝહરા પનાહગાહે શરીઅત કા નામ હે
બખ્શિશ કા નામ હે યે શફાઅત કા નામ હે
ઈનકે અદૂકે વાસ્તે સાયા ભી ધૂપ હે
જન્નત ઈન્હી કી ચશ્મે ઈનાયત કા રૂપ હે

(૭) તસ્વીરે સબ્ર યું તો હઝારોં હે બેટીયાં
ઝેલી નહીં કિસી ને યું દુનિયા કી સખ્તીયાં
બિન્તે રસૂલે પાક ને પીસી વો ચક્કીયાં
મહેનત સે હો ગઈ યદે બૈઝાં હથેલીયાં
જબ ઝખ્મ દસ્તે ફાતેમા પે મુસ્કુરાયેં હૈં
બહેરે મદદ બહિશ્ત સે જિબરીલ આયેં હૈં

(૮) ગુલ જૈસે શાદમાં હો ગુલિસ્તાં કી ગોદ મેં
જૈસે હો નૂર શમ્એ ફરોઝાં કી ગોદ મેં
અપની રફીક અપની નિગેહબાં કી ગોદ મેં
કુરઆં ઉતરતે રહેતેં હૈં કુરઆં કી ગોદ મેં
હૂરો કે સર કા તાજ હે પાબોસે સૈયેદહ
હે મદ્રસહ ઈમામોં કા આગોશે સૈયેદહ

(૯) ઉનકે હરએક ફેઅલ કા ખાલિક હે ઝિમ્મેદાર
ઉનકી રિઝા હે ખાલિકે અકબર કા ઈખ્તિયાર
હર હર અમલ પે ઉનકી મશીયત રહી નિસાર
તૂટા કભી ન ચાદરે તત્હીર કા હિસાર
ઝરબુલ મિસાલ બન ગયા પર્દા બતૂલ કા
દેખા ન આસમાં ને ભી ચહેરા બતૂલ કા

(૧૦) હૈદર કી બાવકાર યે ઝૌજહ હે ફાતેમા
દુનિયા કી ઝૈબ ઝીનતે ઉકબા હે ફાતેમા
હર મરતબે મેં વાહિદે યકતા હે ફાતેમા
પર બેકસી મેં અપના હી નૌહા હે ફાતેમા
આંખોં મેં આંસુઓ કા સમંદર લિયે હુવે
ઝહરા હે દિલ પે ઝખ્મો બહત્તર લિયે હુવે

(બકીયાહ પેજ નં. ૨૮ પર)

(પેજ નં. ૨૭નું બાકી) **બેટીયાં....**

(૧૧) બાઅદે રસૂલ તૂટ પડી ઉન પે આફતેં
સબને ભુલાઈ દિલસે નબી કી મોહબ્બેં
હક્ક છીનને ઉઠી જો સિતમ કી હુકૂમતેં
જૂઠી હદીસે વઅઝ કી જૂઠી રિવાયતેં
બિન્તે નબી કો વિરસે સે મહેરૂમ કર દિયા
ફિરદૌસ મેં રસૂલ કો મગમૂમ કર દિયા

(૧૨) ઘર બાર અપના રોઝ લૂટાતી ચલી ગઈ
દિલ પર હઝાર ઝખ્મ ભી ખાતી ચલી ગઈ
અપને લહૂમેં રોઝ નહાતી ચલી ગઈ
કુરઆન કા વકાર બઢાતી ચલી ગઈ
કુરઆન કી મુહાફિઝો દમસાઝ હો ગઈ
ઝહરા કી નસ્લ દહેરમેં મુમ્તાઝ હો ગઈ

(૧૩) જિન બેટીયોં કે સર પે નહીં ઈલ્મ કી રિદા
જિન બેટીયોં કે દિલ મેં ન હો ખૌફે કિબરીયા
જિન બેટીયોં કે સાથ ન હો યાદે કરબલા
જિન બેટીયોં કે પાસ ન હો ઝૈવરે હયા
દામન મેં જિન કો બિન્તે મોહંમદ અમાં ન દે
યા રબ હમારી કૌમ કો વો બેટીયાં ન દે.

ઘરમાં દુખ્તરો એક તાઝા નુગહતદાર ફૂલ મુજબ હોય છે, જે ઘરમાં બધા જ અફરાદમાં તાઝગી અને તરાવતનો એહસાસ કરાવે છે. ઘરની કડવાશને મિઠાશમાં તબ્દીલ કરે છે, **જેમ ચાશ્ની હર ચીઝને મીઠી બનાવી દે છે.** દુખ્તરો એક એવી નેઅમત છે, જે ઘરમાં નૂર ભરી દે છે, મુઅત્તર કરી દે છે, ખુશીના તરાનાઓથી દિલને શાદ કરી દે છે અને ઘરના હર અફરાદને મોહબ્બતના ડોરથી બાંધીને રાખે છે. માઁ ફાતેમા, માઁ ઝયનબ, માઁ હવ્વા, માઁ મરિયમ, માઁ ખદીજહ (અલયહિન્નસ સલામ) પણ કોઈના દુખ્તર હતા અને તેઓએ તારીખે ઈસ્લામમાં એવી મિસાલ કાઈમ કીધેલી છે, જેને યાદ કરીને દુનિયાના બૈરો તેઓની સૂરત અપનાવતા રહેશે અને તેઓની સીરત પર ચાલીને **પોતાની ઝિંદગી નૂરાની કરતા રહેશે.** દુખ્તરનું હોવું કઈ દીકરાના હોવા કરતા કમ નથી. દીકરો પોતાના બાવાજીની તરબીયત પર ચાલીને ઘરને સાચવે છે, તો દુખ્તર આ જ તરબીયત પર અમલ કરીને પોતાના શૌહરનું ઘર આબાદ કરે છે. ★

## હો ઉમ્ર તવીલ આપકી સરદાર હમારે

અલ્લાહ રે કયા શાન નિરાલી હે તુમ્હારી
જિસ સિમ્ત સે ગુઝરે મેરે આકા કી સવારી
સર ખમ હુવા સજદે મેં તો યે આંખ પૂકારી
દીદાર કી પ્યાસી થી કઈ દિન સે બિચારી
દીદાર કે હોતે હી ખુલે ભાગ હમારે
હો ઉમ્ર તવીલ આપકી સરદાર હમારે

હો દાઈએ હકક કરતેં હૈં હમ સબકી હિફાઝત
ઈનકે હી વસીલે સે મિલેગી હમેં જન્નત
હો જિસકો મયસ્સર મેરે સરદાર કી ઉલ્ફત
અલ્લાહ ભી ઉસ શખ્સ પા બરસાએગા રહેમત
હો દોનો જહાં કે તુમ્હી મુખ્તાર હમારે
હો ઉમ્ર તવીલ આપકી સરદાર હમારે

અય દીન કે રહેબર અય સદાકત કે દુલારે
અઝમત પા તેરી હોતેં હૈં કુરબાન સિતારે
કરતેં હૈં ઝિયારત ભી મલાઈક તેરી સારે
આતેં હૈં ફલક સે ભી સદાકત કે યે નાઅરે
તુમ ગુલશને દાઅવત કે હો અનમોલ સિતારે
હો ઉમ્ર તવીલ આપકી સરદાર હમારે

કયા હમસે બયાં હો મેરે સરદાર કી અઝમત
લાયેં હૈં યે હમ સબ કે લિયે ચાદરે રહેમત
હે કૌમ કો લાઝિમ કે કરે ઈનકી ઈતાઅત
ચુમો જો કદમ ઈનકે તો મિલ જાયેગી જન્નત
હર વક્ત પૂકારે તો બસ ઈનકો હી પૂકારે
હો ઉમ્ર તવીલ આપકી સરદાર હમારે

ઈમાન કી દૌલત હે તું કુરઆન કે પારે
ઈસ્લામ કી ઝીનત હે તું દાઅવત કે સિતારે
દૌલત હે શરાફત કી તું તૌહીદ કે નાઅરે
ઈસ્લામ કે મિલ જાયેંગે સબ ઈન મેં નઝારેં
ઈમાન કી હયાત હે બસ ઈનકે સહારે
હો ઉમ્ર તવીલ આપકી સરદાર હમારે ★

# A to Z થી શરૂ થતા અલ્ફાઝમાં શાહઝાદએ રસૂલ ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની ખૂબીઓ

| | | | |
|---|---|---|---|
| A | A-one | સર્વોચ્ચ | અઝીમતરીન |
| B | Best | સર્વોત્તમ | બહેતરીન |
| C | Clever | હુશિયાર | દાનિશમંદ |
| D | Divine | તેજસ્વી | રૂહાની |
| E | Emperor | રાજા | તાજદાર |
| F | Faithful | વિશ્વાસપાત્ર | અમીન |
| G | Greatest | સૌથી મહાન | બુલંદતરીન |
| H | Holy | પવિત્ર | પાકીઝા |
| I | Intelligent | બુધ્ધીજીવી | અકલમંદ |
| J | Just | ન્યાયી | આદિલ |
| K | Kind | કૃપાળુ | શફીક (રહેમદિલ) |
| L | Live | અમર | હયાત |
| M | Merciful | મહેરબાન | કરીમ |
| N | Noble | ઉદાર | દરિયાદિલ |
| O | Originator | સૃષ્ટિસર્જનના પ્રણેતા | વજહે તખ્લીકે કાએનાત |
| P | Pious | ધર્મનિષ્ઠ | દીનદાર |
| Q | Qualified | નિષ્ણાત | જામેઉસ્સિફાત |
| R | Ruler | સત્તાધીશ | હાકિમ |
| S | Sacred | ખુબ જ પવિત્ર | અતહર |
| T | True | સાચા | સાદિક |
| U | Unique | અજોડ | બેમિસાલ |
| V | Viewer | નરી આંખે જોનાર | હાઝિર-નાઝિર |
| W | Wise | ડહાપણવાલા | સમઝદાર-હિકમતવાલા |
| X | Excellent | આલીશાન | અઝીમુશ્શાન |
| Y | Yacht | પાર ઉતારનાર નૌકા | નજાતની કિશ્તી |
| Z | Zealous | અતિ ઉત્સાહ | પુર-હિમ્મત |

-------------

વલાયત દાઈએ હક હૈ ઈબાદત, વલાયત સે મિલતી હે સબકો સઆદત,
વલાયત સે હોતી હે પૈદા લતાફત, વલાયત સે મિટતી હે દિલકી કસાફત,
નજાતી અગર ચાહિયે ઈસ જહાં મેં, કરો ઈબ્ને હૈદર કી દિલસે વલાયત,
વલાયત સે ખાલી હે જો દિલ વો બેશક, વિરાસત મેં ઉનકો મિલી હે ખબાસત. ★

ઈલ્મ ઈઝ્ઝતદાર વિરાસત છે, ખુશ આદાબ ચહેરો અને સુલૂક નવો લિબાસ છે અને સોચવું સાફ આઈનો છે.
**Knowledge is an honourable legacy, good gestures & manners are new dresses and thinking is clear mirror.**

## કુરઆને હકીમ : શું આપ જાણો છો !!!

સ-૧ કઈ મુખ્તસરમાં મુખ્તસર સૂરત છે કે, જેથી અલ્લાહતઆલાની તૌહીદ સાબિત થાય છે?
જ સૂરતુલ ઈખ્લાસ (૧૧૨)
સ-૨ વુઝૂ કરવાનો તરીકો કઈ સૂરતમાં બયાન થયેલો છે?
જ સૂરતુલ માએદહ (૫)
સ-૩ કયા હકીમના નામથી સૂરત છે, જેમાં એ પોતાના દીકરાને નસીહત કરે છે?
જ સૂરતે લૂકમાન (૩૧)
સ-૪ અલ્લાહતઆલાએ પહેલામાં પહેલા જે ચીઝને પૈદા કીધી તે નામથી કઈ સૂરત છે?
જ સૂરતુલ કલમ (૬૮)
સ-૫ કઈ સૂરત ફલના નામથી છે?
જ સૂરતુત્તીન (૯૫)
સ-૬ કઈ સૂરતમાં "બિસ્મિલ્લાહ" બે વાર છે?
જ સૂરતુન્નમલ (૨૭)
સ-૭ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો દુશ્મન અને રિશ્તેદારના નામથી કઈ સૂરત છે?
જ સૂરતુલ્લહબ (૧૧૧)
સ-૮ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની મેઅરાજના વાકેઆનું બયાન કઈ સૂરતમાં છે?
જ સૂરતુલ ઈસ્રા (૧૭)
સ-૯ કેટલી સૂરતો "હા-મીમ" થી શુરૂ થાય છે?
જ ૭ સૂરતો
સ-૧૦ કઈ સૂરતો "અલ-હમ્દો" ના અલ્ફાઝથી શુરૂ થાય છે?
જ સૂરતુલ હમ્દ, સૂરતુલ અન્આમ, સૂરતુલ કહેફ, સૂરતુસ્સબા અને સૂરતુલ ફાતિર.
સ-૧૧ કયો કિસ્સો બહેતરીન કિસ્સો છે, જેને અહસનુલ કેસસ કહે છે?
જ મૌ. યૂસુફ નબીનો કિસ્સો.
સ-૧૨ અહલુલબૈત (અ.સ.) ની પાકીઝગીની આયત કઈ સૂરતમાં છે?
જ સૂરતુલ અહઝાબ (૩૩,૩૩)
સ-૧૩ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાવાજીનું દીન તમામ થયું, તે વાસ્તેની આયત કઈ સૂરતમાં છે?
જ સૂરતુલ માએદહ (૫,૩)
સ-૧૪ તાઅવીઝ કરવા વાસ્તેની સૂરતો કઈ છે?
જ સૂરતુન્નાસ અને સૂરતુલ ફલક.
સ-૧૫ જન્નતની નેઅમતોની ઝિક્ર કઈ સૂરતમાં છે?
જ સૂરતુર રહેમાન (૫૫)
સ-૧૬ કુરઆનનું દિલ "યાસીન" છે, તો "યાસીન" નું દિલ કયા લફ્ઝમાં છે?
જ સલામ
સ-૧૭ "અલ્લાહને નઝદીક ઈસ્લામ દીન બહેતર છે", તે કઈ સૂરતમાં છે?
જ સૂરતે આલે ઈમ્રાન (૩,૧૯)
સ-૧૮ મુરદારનો ગોશ્ત, ખિન્ઝીરનો ગોશ્ત અને ખૂન કઈ-કઈ સૂરતમાં હરામ કરવામાં આવું છે?
જ સૂરતુલ બકરહ, સૂરતુલ માએદહ, સૂરતુન્નહેલ

(બકીયાહ પેજ નં. ૩૪ પર)

(પેજ નં. ૩૩ નું બાકી) કુરઆને હકીમ....

સ-૧૯ કઈ સૂરતમાં હજ્જને ફરઝ કરવામાં આવું છે?
જ સૂરતે આલે ઈમરાન (૩,૯૭)
સ-૨૦ કયા મોટા નબીયોના નામથી સૂરત છે?
જ મૌ. નૂહ, ઈબ્રાહીમ, મોહંમદ (સ.અ.વ.વ.)
સ-૨૧ હુરૂફે મુકત્તઆતમાંથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ફઝીલત વાસ્તે કયા હુરૂફ છે?
જ યાસીન અને તાહા
સ-૨૨ મૌલાના અલી (અ.સ.) ની શાનમાં કઈચીઝ નાઝિલ થઈ?
જ આયતુલ કુરસી (૨,૨૫૫)
સ-૨૩ ઝમાનાના ઈમામની વલાયત વાસ્તે કઈ સૂરતમાં હુકમ આવેલો છે?
જ સૂરતુન્નિસા (૪,૫૯)
સ-૨૪ વાલેદૈન સાથે નૈક સુલૂક કરવાનું ફરમાન કઈ સૂરતમાં છે?
જ સૂરતુલ ઈસ્રા (૧૭,૨૩)
સ-૨૫ "અલ્લાહની નેઅમતો બેશુમાર છે", આ આયત કઈ સૂરતમાં છે?
જ સૂરતે ઈબ્રાહીમ (૧૪,૩૪)
સ-૨૬ "હમેં ઝમાનાના ઈમામમાં દીનો દુનિયાની હર ચીઝ ઘેરી લીધી છે" આ સિફત અલ્લાહતઆલા કઈ સૂરતમાં ફરમાવે છે?
જ સૂરતે યાસીન (૩૬,૨૧)
સ-૨૭ કયા નાનામાં નાના અને મોટામાં મોટા જાનવરની ઝિક્ર થયેલી છે?
જ નાનું જાનવર નમલ (કીડી) અને મોટું ફીલ (હાથી)
સ-૨૮ "કિતાબે મુબીન" માં હમેં હર સૂકી-લીલી ચીઝની ઝિક્ર કીધેલી છે, આ ચીઝ કઈ સૂરતમાં છે?
જ સૂરતુલ અન્આમ (૬,૫૯)
સ-૨૯ મુમેનીનને જમન જમાડવાની ઝિક્ર કઈ સૂરતમાં છે?
જ સૂરતુલ ઈન્સાન (૭૬,૯)
સ-૩૦ અલ્લાહતઆલાએ ઝમીન અને આસમાનની પૈદાઈશ ૬ દિનોમાં કીધેલી છે, તેની ઝિક્ર કેટલી વાર છે?
જ ૭ વાર
સ-૩૧ ઈન્સો જિન્ન ફક્ત અલ્લાહની ઈબાદત વાસ્તે પૈદા કરવામાં આવા છે, તે કઈ સૂરતમાં છે?
જ સૂરતુઝ ઝારેયાત (૫૧,૫૬)
સ-૩૨ સૂરતુર રહેમાનમાં "ફબેઅય્યે આલાએ રબ્બેકોમાં તોકઝઝેબાન" ની આયત કેટલી વાર છે?
જ ૩૧ વાર
સ-૩૩ "અલિફ-લામ-મીમ" કઈ-કઈ સૂરતોની ઈબ્તેદામાં આવે છે?
જ સૂરતુલ બકરહ, સૂરતે આલે ઈમરાન, સૂરતુલ અન્કબૂત, સૂરતુર રૂમ, સૂરતે લુકમાન, સૂરતુસ્સજદહ.
સ-૩૪ સૂરતુન્નમલમાં સુલૈમાન નબીના કિસ્સામાં કયું પરિંદૂ આપની દાઅવતનો પૈગામ લઈને યમન ગયું?
જ હુદહુદ
સ-૩૫ "અલ્લાહની રાહમાં જે કત્લ થાય છે તે હરગિઝ મરતા નથી, પણ ઝિંદા છે" આ મફહૂમની આયતો કઈ સૂરતમાં છે?
જ સૂરતુલ બકરહ અને સૂરતે આલે ઈમરાન

(બકીયાહ પેજ નં. ૩૫ પર)

(પેજ નં. ૩૪ નું બાકી) **કુરઆને હકીમ....**

સ-૩૬ કઈ જન્નતના વારિસો મુમેનીન થાશે?

જ ફિરદૌસ

સ-૩૭ કઈ સૂરતની આખરી આયતોમાં વધારેમાં વધારે અલ્લાહના નામો દરજ થયેલા છે?

જ સૂરતુલ હશ્ર (૫૯)

સ-૩૮ મક્કામાં બયતુલ્લાહ તે આ દુનિયાની પહેલી તાઅમીર છે, તેની ઝિક્ર કઈ સૂરતમાં છે?

જ સૂરતે આલે ઈમરાન (૩,૯૬)

સ-૩૯ ઈસ્લામ અને ઈમાન એક ચીઝ નથી, તેની ઝિક્ર કઈ સૂરતમાં છે?

જ સૂરતુલ હોજોરાત (૪૯,૧૪)

સ-૪૦ તમામ ચીઝ ફના થાશે પણ દુનિયામાં અલ્લાહના દાઈ રહેશે, તે કયાં બયાન થયેલું છે?

જ સૂરતુર રહેમાન (૫૫,૨૬)

સ-૪૧ જે જે સૂરતોમાં દિલના મરઝ (બીમારી) ની વાત થઈ છે તે કયું મરઝ છે?

જ જે દિલમાં ઈમાને ઈમામ ન હોય તે કુફ્ર અને નિફાકની બીમારીવાલું દિલ છે.

સ-૪૨ ઉમ્મતના લોગો પર એક મહીનાના રોઝા ફરઝ કરવામાં આવા છે, તે કઈ સૂરતમાં છે?

જ સૂરતુલ બકરહ (૨,૧૮૩)

સ-૪૩ શરાબ, જુગાર, બુતપરસ્તી અને શરત લગાવવું, આ ચીઝોને કઈ સૂરતમાં હરામ કરવામાં આવું છે?

જ સૂરતુલ માએદહ (૫,૯૦)

સ-૪૪ અલ્લાહતઆલાએ મૌ. નૂહ નબીની કિશ્તીવાલાઓ ને નજાત આપી, તેનું બયાન કહાઁ છે?

જ સૂરતુલ અન્કબૂત (૨૯,૧૫) ★

## બહેતરીન સવાલ, અડધું ઈલ્મ છે

૧) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના બયાન મુજબ ૧૦૦૦ શખ્સોમાંથી કેટલા જહન્નમમાં જાશે?
૨) ઝિયાદહતર આફત ઈન્સાન પર કયા રસ્તેથી આવે છે?
૩) બીજી રકાતમાં અલ-હમ્દોની સૂરત સાથે સૂરતુન્નાસ કઈ નમાઝમાં પઢાય છે?
૪) અકલ આવવાથી ઈન્સાનમાં શું કમ થઈ જાય છે?
૫) દુનિયા શેનું કારખાનું છે?
૬) જન્નતમાં બહાર કહાંથી આવે છે?
૭) કયો ઐબ મોટામાં મોટો ઐબ છે?
૮) કઈ ચીઝથી હકકની તરહ દાઅવત આપતુ આ અખ્બાર આપ વાંચો છો?
૯) કયા ઘરની ઈસ્લામી તહેઝીબ કાચી હશે?
૧૦) બહેલૂલ દાના મદીનાને બાહર શું ચીઝ તલાશ કરતા હતા?

મોહર્રમુલ હરામ, સફરૂલ મુઝફ્ફર અને રબીઉલ અવ્વલ મહીનાના શુમારામાંથી ઉપર આપેલા ૧૦ સવાલો બનાવા છે. આ શુમારાઓમાં કારેઈન સવાલોના જવાબો ઢુંઢે અને જુમાદિલ ઉલાની પહેલી રાત પહેલા પોતાનું નામ, એડ્રેસ, મોબાઈલ નંબર સાથે ચોખ્ખા હરફમાં જવાબોને લખી હમારા સરનામે યા email પર મોકલી આપે. સહી જવાબ આપનારાઓના ડ્રો થાશે અને તેમાંથી પહેલા પાંચ જણાને સિલેક્ટ કરવામાં આવશે, જે ખુસૂસી હદીયાના હકકદાર થાશે.

તો, કારેઈન ગયા મહીનાઓના જણાવેલા શુમારાના ખુણે-ખૂણા તલાશ કરીને જવાબો ઢુંઢી નિકાલે અને હમને જલ્દીથી પોતાનો લિફાફો મોકલી આપે. ★

# "૪" ની કૈફીયત

૧) ૪ **રસ** ઈન્સાનના જિસ્મમાં હોય છે અને તેમાં બદલાવથી ઈન્સાનની તબીઅત પણ બદલાય છે : (૧) ખૂન (૨) બલગમ (૩) સફરા-પીટનો પીલો રસ (૪) સૌદા-આંતરડાનો કાલો રસ.

૨) જિસ્મના ૪ અહમ **આઅઝા** : (૧) માથું (૨) છાતી (૩) પેટ (૪) પગ.

૩) ૪ **સીઝન** (મૌસમ) : (૧) ગરમી (૨) વરસાદ (૩) બહાર (૪) ઠંડી.

૪) ૪ **ઝાયકા** (સ્વાદ) : (૧) મીઠાશ-ઝબાન (૨) ખટાશ-નાક (૩) ખારાશ-આંખ (૪) કડવાશ-કાન.

૫) જન્નતની ૪ **નહેરોં** : (૧) પાની (૨) શરાબ (૩) દૂધ (૪) મધ.

૬) ૪ તરહના દાઅવતના **ઈલ્મ** : (૧) ઝાહિર-તન્ઝીલ (૨) બાતિન-તાવીલ (૩) હકીકત-તાવીલનું બાતિન (૪) દકીકત-હકીકતનું બાતિન.

૭) ઈમાનના ૪ **પાયા** : (૧) સબ્ર (૨) યકીન (૩) જેહાદ (૪) અદલ (ઈન્સાફ).

૮) હુરમતવાલા ૪ **મહીના** : (૧) રજબુલ મુરજ્જબ (૨) ઝુલકાદતિલ હરામ (૩) ઝુલહિજ્જતિલ હરામ (૪) મોહર્રમુલ હરામ. આ મહીનાઓમાં જેહાદ-જંગ કરવું હરામ છે.

૯) ઈલ્મનાં ૪ **પગથિયા** : (૧) ચુપ રહેવું (૨) કલામને ધ્યાન દઈને સાંભલવું (૩) તેના પર અમલ કરવો (૪) તેને ફેલાવવું.

૧૦) રસૂલેખુદા (સ.અ.વ.વ.) ના ૪ **અસ્હાબ** : (૧) મૌલાના અલી (અ.સ.)-જે કૂફાની મસ્જિદમાં શહીદ થયા. (૨) મૌ. હમઝા (અ.સ.)-જે ઓહદની જંગમાં શહીદ થયા. (૩) ઉબૈદહ બિન અલ-હારિસ (અ.સ.) જેઓ જંગે બદરમાં શહીદ થયા. (૪) મૌ. જાઅફરૂત્તૈયાર (અ.સ.)-જે મુત્અહની જંગમાં શહીદ થયા.

૧૧) ૪ **ફરિશ્તા** : (૧) જિબ્રઈલ (અ.સ.) (૨) મીકાઈલ (અ.સ.) (૩) ઈઝરાઈલ (અ.સ.) (૪) ઈસરાફીલ (અ.સ.).

૧૨) ૪ ઈલાહી **કિતાબો** : (૧) કુર્આને કરીમ (૨) તૌરાત (૩) ઈન્જીલ (૪) ઝબૂર.

૧૩) ૪ **દિશાઓ** : (૧) શિમાલ(ઉત્તર) (૨) જુનૂબ(દક્ષિણ) (૩) મગરિબ(પશ્ચિમ) (૪) મશ્રિક(પૂર્વ).

૧૪) ૪ ઈન્સાની **ખસ્લતો** જે પર ઈન્સાન ચાલે તો અલ્લાહતઆલા ખુશ થાય : (૧) હર વક્ત અલ્લાહનો શુક્ર કરવો (૨) હર વક્ત શરમને અંદર રહેવું (૩) હર વક્ત સદકો આપવો (૪) હર વક્ત નૈક અમલ કરવો.

૧૫) નમાઝના ૪ **પાયા** : (૧) વુઝૂ (૨) રૂકૂઅ (૩) સજદો (૪) ખુશૂઅ (દિલની નમનતાઈ-અલ્લાહનો ખૌફ).

૧૬) વુઝૂના ૪ **અહમ આઅઝા** : (૧) મૂંહ (૨) હાથ (૩) માથું (૪) પગ.

૧૭) **રૂકૂઅ**ની ૪ શરતો : (૧) નઝર કિબ્લા સામે રાખવી (૨) પીઠ સીધી રાખવી (૩) બંને હાથની હથેલીથી ગુંથણ જકડાયેલો રાખવો (લુકમાને જેમ-બોલની જેમ) (૪) પગ સીધા રાખવા.

૧૮) **સજદા**ની ૪ શરતો : (૧) મૂંહ (૨) હાથ (૩) કોણી (૪) પગ.

૧૯) **ખુશૂઅ**ની ૪ શરતો : (૧) વક્ત (૨) નિય્યત (૩) તક્વા યાઅની અલ્લાહનો ખૌફ (૪) ઉબૂદીયત યાઅની હમેં આબિદ અને અલ્લાહતઆલા માઅબૂદ છે. તે ખાલિકે અકબર છે. તેએ હમને હિદાયત આપી તે સબબ હમેં તેના દર પર ઉભા છીએ.

૨૦) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, ૪ **ખસ્લત** જે ઈન્સાનમાં હશે તો તેના પર જન્નત વાજિબ થાશે : (૧) જેના હર અમલનો ખાતેમો "**લા ઈલાહા ઈલ્લલ્લાહ**" ની માઅરેફત સાથે હશે અને અલ્લાહ પર તવક્કુલ હશે. (૨) જે શખ્સને અલ્લાહ કોઈ નેઅમત આપે તો તે તરત બોલતો હશે "**અલ-હમદો લિલ્લાહ**" (૩) જે વક્ત કોઈ ગુનાહ થાતો હશે, તો ફૌરન તેની ઝબાનથી નિકલતું હશે "**અસ્તગફેરૂલ્લાહ**" (૪) જે શખ્સ ઉપર કોઈ

(બકીયાહ પેજ નં. ૩૯ પર)

(પેજ નં. ૩૮ નું બાકી) **"૪" ની કૈફીયત....**

મુસીબત આવતી હશે તો તરત બોલતો હશે "**ઈન્ના લિલ્લાહે વઈન્ના ઈલયહે રાજેઉન**".

૨૧) ૪ **ઝમાના** છે : (૧) લા ઝમાનુન વલા મકાનુન (જે વક્ત દુનિયામાં કોઈ ઝમાનો જ ન હતો) (૨) માઝી (ભૂતકાલ) (૩) હાલ (વર્તમાન) (૪) મુસ્તકબિલ (ભવિષ્ય).

૨૨) દુનિયા પૈદા થઈ તો ૪ **ચીઝો** આવી : (૧) ખનિજ-મઅદન (ઝમીનને નીચે દટાયેલી ચીઝ) (૨) વનસ્પતી - નબાત (૩) જાનવરો-હયવાન (૪) માનવીઓ-ઈન્સાન.

૨૩) ઈન્સાનની **તબીઅત** ૪ તરહની : (૧) નારી (ગર્મી) (૨) હવાઈ (ઠંડક) (૩) આબી (ભીગાશ) (૪) ખાકી (સુકાશ). મુમિનની ખસ્લતમાં આ ૪ તબીઅતમાંથી ખાકી અને આબી ની તાસિર હોય છે, જેના સાહબ ઈમામ હુસૈન (અ.સ.) છે. પણ કાફિરની તબીઅતમાં હવાઈ અને નારીની તાસિર હોય છે, જેની મિસાલ યઝીદ (લા.અ.) છે.

૨૪) **કાઅબતુલ્લાહ**ના ૪ કોના : (૧) હજરે અસ્વદ (૨) રૂકને ઈરાકી (૩) રૂકને શામી (૪) રૂકને યમાની

૨૫) દીને ઈસ્લામમાં કોઈ પણ મુમિન ૪ **બૈરો** સાથે નિકાહ કરી શકે છે પણ પહેલા તે તેના નિકાહમાં જેટલા બૈરો હોય તેની રઝા લે.

૨૬) મુમિન વાસ્તે ૪ **ઈદો** છે : (૧) ઈદુન્નેઅમત (૨) ઈદુઝ ઝબીહત (૩) ઈદુલ વલાયત (૪) ઈદુલ મુસીબત.

૨૭) **કુરઆન**ના ૪ અલ્ફાઝ, તેના **કરીન** (સાથીદાર), **ઈતરત** તેના પણ ૪ અલ્ફાઝ. કુરઆન પર ચાલનાર **મુમિન** હોય છે, તેના પણ ૪ અલ્ફાઝ. મુમિન **સલાત**(નમાઝ) પઢે તેના પણ ૪ અલ્ફાઝ. નમાઝ **કિબ્લા** સામે પઢાય તેના પણ ૪ અલ્ફાઝ. કિબ્લો **કાઅબા** તરફ તેના પણ ૪ અલ્ફાઝ. નમાઝ **મસ્જિદ**માં પઢાય, તેના પણ ૪ અલ્ફાઝ. હર કૌમ માટે એક **હાદી** હોય તેના પણ ૪ અલ્ફાઝ. અલ્લાહના દીન, ઈસ્લામના હાદી **મોહંમદ** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે, તેના પણ ૪ અલ્ફાઝ. મૌ. અલી (અ.સ.) મુમિનને **સિરાત** પર લઈ જાનાર છે, તેના પણ ૪ અલ્ફાઝ. આઅમાલનો **હિસાબ** કયામતના દિન આપવો પડશે, તેના પણ ૪ અલ્ફાઝ. તે દિનને **સાઅત** કહેવાય, તેના પણ ૪ અલ્ફાઝ. હિસાબ પણ શેનો? **દુનિયા**નો અને **આખેરત** મિલે તે વાસ્તે, આ બંનેના પણ ૪-૪ અલ્ફાઝ. નબી **નાતિક** (કિતાબથી શરીઅતને સમઝાવનાર) કહેવાય, તેના પણ ૪ અલ્ફાઝ. નાતિકના **અસાસ** (હિકમતથી લોગોમાં શરીઅતને સાબિત કરનાર) હોય જ. રસૂલુલ્લાહ(સ.અ.વ.વ.) બાદ લોગોને દીન તરફ લઈ જનાર મૌ. અલી(અ.સ.) છે, આપ નબી સાહબના અસાસ છે, તેના પણ ૪ અલ્ફાઝ. અસાસની ઔલાદ **ઈમામ** તેના પણ ૪ અલ્ફાઝ. ઈમામ બાદ દાઅવતની લુગામ **દાઈ** પાસે આવી, તેના પણ ૪ અલ્ફાઝ. આ દાઈની **નેઅમત** હર વક્ત **અલવી** કૌમમાં રહેશે. **અલ્લાહ** ના કરમથી **દાઈ** હમને **કિતાબ** અને **હિકમત**ની **માઅના** ના **મોતી** વંખેરતા રહેશે. આ તમામ અલ્ફાઝના હુરૂફ ૪ છે.

## ઈલ્મ

બરસરે મિમ્બરો મહેરાબ સુનાયા જાયે, દીન બેદીનો કે હાથોં સે બચાયા જાયે,
બેહરે ઝુલ્માત સે જાગો મેરે પ્યારે જાગો, આઈના ઈલ્મ કા હર ઘરમેં સજાયા જાયે,
સંગે બુનિયાદ મેં કામ આયા હે અલી કા લહૂ, ઉનકે કદમોં કે નિશાં કો ન મિટાયા જાયે,
ઈલ્મ કી સુબ્હ નમૂદાર હો હરએક દિલમેં, જેહલ કી ધૂપ સે કલીયોં કો બચાયા જાયે,
એક બનને કી સદા નૈક બનાદે શાયદ, નૈક હો એક તો શયતાં કો ભગાયા જાયે,
ગુલશને ઈલ્મ કા એક ફૂલ હે અલવી મુમિન, તહેસીલે ઈલ્મ કો પરવાન ચઢાયા જાયે,
બહરે ઈમરોઝ સે આતી હૈં સદાએં હરદમ, ઈલ્મ કે નૂર સે ઈન્સાં કો સજાયા જાયે. ★

## તઅસ્સુરાત – મિશ્કાતુલ હાદી

✵ ઘણા ખુશકિસ્મત એ કૌમના લોગો છે કે, જેમાં હિદાયતની મીઠા પાનીની નહેર જારી હોય, ઈન્સાની ઝિંદગીને કામિયાબ અને કામરાન બનાવવાના તરીકા મુસલસિલ બતાવવામાં આવતા હોય, કૌમના હર તબ્કાના લોગો (બચ્ચાં, જવાનો, બુઝુર્ગો) ને ઝરૂરી હિદાયત નૂરાની કલેમાતથી અક્લી-નક્લી દલીલો અને હુજ્જતોના ઝરીએ પૈશ કરવામાં આવતા હોય, જમાઅતમાં બનતા બનાવો/અખ્બારો, ઉર્સ, ઈન્તેકાલ પુરમલાલ, મુમેનીનના બચ્ચાંઓની કામિયાબીની હોંસલા અફઝાઈ કરનાર અખ્બાર હોય, સૈયેદના સાહબની રઝા-રિઝા અને દોઆ જેમાં શામિલ હોય, સાહબે દાઅવતની મહેનત-મશક્કત-તદબીર-કોશિશનો નિચોડ એવા મિશ્કાતુલ હાદી અખ્બાર, જે મુસલસિલ ૧૦૦ શુમારાથી જારી છે, તેને આ નાચીઝ વાંચક તહેદિલથી મુબારકબાદી પૈશ કરે છે. દોઆગો છે કે, બારીએ તઆલા મિશ્કાતુલ હાદી શાયેઅ કરનારાની પૂરી ટીમને હિંમત અને હોંસલો આપે. તમામ મુમેનીન, આ અમારી કૌમમાં હર માહ પૈશ થાતા નૂરાની જવાહિર થી ફૈઝ હાસિલ કરે, એમ ઈલ્તેજા છે.

**હદ્દસાહબ કાસિમઅલી**

✵ આ અખ્બાર જ્યારથી શરૂ થયું છે, ત્યારથી તે અમારા ઉસ્તાદ સાહબની જેમ અમને સીધા રસ્તે ચાલવાની હિદાયત આપે છે, તેનાથી અમારૂં ઈમાન પુખ્તા થાય છે, અમારા નફ્સને એક મિશ્કાતની જેમ નૂરાનીદાર કરે છે. કેમકે, તેમાં કુરઆને કરીમની તફ્સીરો તાવીલ, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસો અને સુન્નતો, ઔલિયા (અ.સ.) અને અઈમ્મતે તાહેરીન (અ.સ.) ની નસીહતો, મોઅજિઝાઓ અને આપ સાહબોની તરઝે ઝિંદગી અમને નૈક તૌફીક આપે છે, જે બધુ અમને આ અખ્બારને ઝરીએ હાસિલ થાય છે. તે વાસ્તે ઘણો-ઘણો જ શુક્રિયા. આ અખ્બાર અમારા વાસ્તે ખરેખર દુનિયા અને આખેરત વાસ્તે હાદીની ગરઝ નિભાવે છે, તે વાસ્તે આવા ઈલ્મી જવાહેરાત લૂંટાવનાર આકામૌલા અબૂહાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.), માઝૂનુદ્દાઅવત સૈયેદી હાતિમ ઝકીયુદ્દીન સાહબ (દા.મ.), મુકાસેરૂદ્દાઅવત સૈયેદી મોહંમદ નૂરૂદ્દીન સાહબ અને રાસુલહુદૂદ ડૉ. ઝુલકરનૈન હકીમુદ્દીન સાહબના અઝીમુશ્શાન અને બેલૌસ ખિદમતના બદૌલત અમો સૌ ફૈઝયાબ થઈએ છીએ. આખિરમાં એ જ દોઆ છે કે, અલ્લાહ હમારા આ "મિશ્કાતુલ હાદી" ની રોશની દિન-દુગની અને રાત-ચૌગુની કરે અને અલવી જમાઅતના મુમિનોને ઈલ્મનું નૂર બખ્શી ઝુલ્મતના અંધેરાથી નિકાલે, આમીન.

**શીરીનબુ મુ.કુરબાનહુસેન રંગવાલા**

✵ કૌમમાં ઈલ્મની નહેર સમાન આપણુ દીની અખ્બાર "મિશ્કાતુલ હાદી" ૧૦૦ અંક પૂરા કરે છે. જે આપણી કૌમ માટે ખુબ જ ખુશીની વાત છે. દાઅવતના આ દીની શાહકાર અને સહકારને અમો તહેદિલથી વધામણી અરઝ કરીએ છીએ.

**અહમદઅલીભાઈ ચશ્માવાલા**

✵ "મિશ્કાતુલ હાદી" મારા માટે એક ઉસ્તાદ મુજબ છે, જેનાથી મને મારા મઝહબના દાયેરાનું બધુ જ ઈલ્મ હાસિલ થાય છે. That's Amazing.

**ઈસ્માઈલભાઈ છાલિયારવાલા**

✵ દરિયાનું મોજુ જેમ તેના કિનારાને પાણીથી તરબતર કરી દે છે, તે જ મુતાબિક "મિશ્કાતુલ હાદી" દર પહેલી તારીખે શાયેઅ થઈ હમને ઈલ્મના પાણીથી તરબતર કરી દે છે. વાહ ! સુબ્હાનલ્લાહ !

**શોએબઅલીભાઈ મેવલીવાલા**

✵ ઘણા શૌકથી હું આ અખ્બાર વાચું છું, જેમાં કુરઆન, દોઆ, રિઝક, નમાઝ, રોઝી, કારે ખૈર, સમાજની બહેતરી વાસ્તે ઘણી ઝિક્ર થઈ ચુકેલી છે. પણ આ એકસો માં અંકના મૌકા પર અપની કૌમમાં જમન જમવા બાબતે અને થાલ પર બેસવા બાબતે જે બેઅદબી છે, તેને મિટાવવા વાસ્તે કોઈ સખ્ત કદમ લેવા ઝરૂરી છે, તે વાસ્તે આ અખ્બાર જો માધ્યમ બની શકે તો મને ઘણી ખુશી થાશે.

**ઝહેરાબુ રંગવાલા**

(બકીયાહ પેજ નં. ૪૩ પર)

(પેજ નં. ૪૨ નું બાકી) **તઅસ્સુરાત...**

✵ આ દીની અખ્બાર ઈલ્મી ખિદમત છે. તેના ઝરીએ મુમિનની ઝિંદગીમાં નૂર-રોશની ફેલાય છે. અખ્બારના ઝરીએ હકકે-બાતિન તેમજ હલાલો-હરામની પરખ થઈ શકે છે. હાદી દિલોનું નૂર છે અને દરેક ઘરમાં શમ્સની જેમ ચમકીને રોશની ફેલાવે છે. અલ-હાદી દુનિયાની ઝિંદગીના સફરનો બહેતરીન ગાઈડ છે.

**રૂકસાનાબુ રેતીવાલા**

✵ અમારૂં અલ-હાદી ૧૦૦માં અંક પછી પણ વધુ ને વધુ તરકકીની મંઝિલો સર કરે. હાલમાં માસિક તો છે જ પણ સાપ્તાહીક અખ્બાર બનીને બધાનું મકબૂલ છાપુ બની રહે.

છેલ્લા આઠ વર્ષથી અલ-હાદી દીની માલૂમાત થકી જે માહિતીના રસથાળ પીરસી રહ્યું છે, તે દરેક મુમિનો માટે લાજવાબ તોહફો છે. “દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝ તેમજ લફ્ઝી કશ-મ-કશ” એ મારા માટે ખાસ પસંદગીના લેખો છે. અલ-હાદીની સમગ્ર ટીમને હું આ સિદ્ધી બદલ દિલી મુબારકબાદી પૈશ કરૂં છું.

**અલીઅકબર મેવલીવાલા**

✵ અલ-હાદી એક દીની માઅલૂમાત હાસિલ કરવાનું અખ્બાર છે. આ અખ્બાર પોતાનો ૧૦૦મો અંક તમામ કરે છે, તે માટે બહુ જ મુબારકબાદી. ખાસ કરીને હિદાયતના જે કલામો અલ-હાદીમાં પૈશ કરવામાં આવે છે, તેને લીધે અમારા જેવા નૌનિહાલોને ઘણું જાણવા અને નૈક હિદાયત મિલે છે. આખરે આ અખ્બાર અલ-હાદીને શુરૂ કરીને ૧૦૦માં અંક સુધી લઈ જવા માટે દાઅવતના બધા જ સાહબોનો ઘણો જ શુક્રિયા અને એહસાન કે જેમના લીધે અમારા ઈલ્મમાં ઈઝાફો થાય છે.

**મદ્રસાના નૌનિહાલો :**

મુસ્તફા ગોદીવાલા, હુસૈન મેવલીવાલા, ઝયનુલઆબેદીન મરચાવાલા, ઝયનબ મરચાવાલા, મુસ્કાન ટીનવાલા, અલીફીયા ટીનવાલા, ઝયનબ રંગવાલા, ફાતેમા ટીનવાલા. ✯

## માઁ-બાપને તાઅલીમે ઔલાદ વાસ્તે
## નઝમે નસીહત

પઢેં કુરઆન પહેલે ઔર ખુદા કે દીન કો સીખેં, અગર મુમિન હૈં તો ઈસ્લામ કે આઈન કો સીખેં.

બચેં ખુદ નારે દોઝખ સે બચાયેં અપને બચ્ચોં કો, પઢેં કુરઆન ખુદ ભી ઔર પઢાયેં અપને બચ્ચોં કો,
બદી સે રોકે ઔર નેકી સિખાયેં અપને બચ્ચોં કો, કરે તાકીદ સુબ્હો શામ માઁ યે અપને બચ્ચોં કો.
પઢેં કુરઆન ................. આઈન કો સીખેં.

હે લાઝિમ પહેલે સીખેં દીન ઔર ઈમાન કી બાતેં, ફરાઈઝ સુન્નતે વાજિબ જો હૈ અરકાન કી બાતેં,
પઢેં અરબી, લેસાને કૌમ સબ કુરઆન કી બાતેં, પયમ્બર ઔર અઈમ્મત, દાઈ કે ફરમાન કી બાતેં.
પઢેં કુરઆન ................. આઈન કો સીખેં.

અગર તાઅલીમ કી જાનિબ સે બચ્ચોં કી રહેં ગાફિલ, બડે હો કર અગર દુનિયા મેં બચ્ચેં રેહ ગયે જાહિલ,
તો હોગી દીન કે કામોં મેં ઉનકે મુશ્કિલેં હાઈલ, ફરિઝા અવ્વલીં યે હે કે ઈલ્મે દીં કરેં હાસિલ.
પઢેં કુરઆન ................. આઈન કો સીખેં.

હરએક ઈલ્મો હુનર સીખેં નહીં કુછ ઈસ કી પાબંદી, પઢેં અંગ્રેઝી ગુજરાતી ભી સીખેં શૌક સે હિંદી,
મગર યે શર્ત હૈ જિસ મેં ન હો રબ કી રઝામંદી, બચેં ઐસો કી સોહબત સે કે આદત જિનકી હો ગંદી.
પઢેં કુરઆન ................. આઈન કો સીખેં.

ઈલાહુલ આલમીં સબ કો અતા કર ઈલ્મ કી દૌલત, કરમ સે અપને યા રબ સબ કો દે ઈમાન કી નેઅમત,
અદબ ઉસ્તાઝ કા દિલ સે કરેં માઁ-બાપ કી ખિદમત, કરેં છોટોં સે પ્યાર અપને બુઝુર્ગોં કી કરેં ઈઝઝત.
પઢેં કુરઆન ................. આઈન કો સીખેં. ✯

# ક્યાંથી આવા અને ક્યાં જાવાનું

હર ચીઝને બનાવનાર અને તેને તેના અસ્લ તરફ પહોંચાડનાર અલ્લાહ છે. જે અસ્લને કોઈ હયૂલા(પદાર્થ), ઝમાન, મકાન, ઔઝાર અને નમૂના બગૈર બનાવેલું છે અને આમ કરવું ફક્ત અલ્લાહજલ્લા શાનોહુનું જ કામ છે. આ ચીઝોનો તે મોહતાજ નથી પણ તે તો કામિલ છે પૂરેપૂરો છે, તેથી તેએ જે ચીઝને પોતાના ઈરાદા અને અમરથી બનાવી છે તે અધૂરી છે, ગૈર-કામિલ છે. તેની ફનકારીમાં કમાલ છે અને જમાલ છે. ફનકારી ફનકારના ફન તરફ દલાલત કરે છે, જેમ એક ઈમારતની શિક્લ ઈમારત બનાવનાર આર્કિટેક્ટની હોશિયારી અને ફનકારી તરફ દલાલત કરે છે. ઈમારત કરતા ઈમારત બનાવનાર શખ્સનું ઈલ્મ અને મહારત તેના અમલ અને ફન કરતા ચઢિયાતું છે. **તેથી અલ્લાહતઆલા કામિલ છે અને કમાલીયત - perfection ને પસંદ કરે છે.** તેએ જે ચીઝોને પોતાની કુદરત, કૂવત, નૂર અને ઝિંદગીનાં ઘટકો-ઔઝારથી બનાવી છે તેની પૈદાઈશમાં પહેલા કોઈ કસૂર ન હતો. તમામ ચીઝો-સુરતો યકસાં, એકસરખી, એક-શિક્લો સૂરત અને કમાલો કુદરતવાલી હતી. જો આ ચીઝો પૈદા કરવામાં તે ઉંચ નીચ કરતો તો તેના અદલો ઈન્સાફમાં મખ્લૂક સવાલ કરતી અને કહેતી કે, અલ્લાહતઆલાએ તેની પહેલી ખલ્કતમાં જાનિબદારી-partiality, preference યા priority બખ્શીને બાઝને બાઝ પર ફઝીલત બખ્શી દીધી છે. જો પહેલાથી જ યાઅની કે, પૈદાઈશને વક્ત જ અલ્લાહતઆલાએ બાઝને બાઝ પર ફૌકીયત - અફઝલીયત આપી દીધી હોત તો ઈતાઅત, ઈબાદત, શરીઅત, દીન કે મઝહબની ઝરૂરત ન રહેતી. કેમ કે, દીન અને મઝહબ મુવાફિક ઈલ્મો અમલ સાથે ઈબાદત બજા લાવવાથી જ તો ઈન્સાન એકબીજાથી બરતર અને બહેતર બને છે. જો આ બરતરી પહેલેથી જ મુકર્રર હોત અને એક ને બીજા પર ચઢાવી દેવાત, તો શરીઅત અને મઝહબનાં હિસાબે ઈન્સાની મહેનત યા જેહાદની ઝરૂરત ન રહેતી અને તમામ જ ઈલ્મો અમલમાં યકસાઈ અને બરાબરીનો દાઅવો કરતા.

તેથી અલ્લાહતઆલાએ નૂરાની-રૂહાની આલમને પૈદા કીધું, ઝમીન અને આસમાનની પૈદાઈશ પહેલા આ આલમમાં તમામ બરાબર હતા. જેમાંથી એકે અલ્લાહની તૌહીદનો ઈકરાર કીધો અને પોતાની ઝાતથી એમ માની લીધું કે, તે પોતાની જાનનો પૈદા કરનાર નથી અને તેને સાથે બીજાઓ છે, તેનો પણ તે પૈદા કરનાર નથી. તેનો પૈદા કરનાર પણ કોઈ અલગ છે અને બીજાઓને પૈદા કરનાર પણ કોઈ અલગ જ છે, જે તમામથી બરતર છે અને તમામનો પૈદા કરનાર એ જ છે એટલે જ હમેં બધા એક જેવા છે. આ પૈદા કરનાર અલ્લાહ છે. બેશુમાર શિક્લોમાંથી આ વાત ફક્ત એકની જ જાનમાં પૈદા થઈ અને તેએ અલ્લાહની તૌહીદ અને ખાલિકપણાનો ઈકરાર કીધો. તેથી તે તમામ પૈદાશુદા નૂરાની શિક્લોમાં મુમ્તાઝ અને પહેલો થયો. તેની પૈશાની પર નૂર ચમકવા લાગું અને દીગર નૂરાની શિક્લો એટલી નૂરાનીદાર ન હતી, તેઓમાં એટલી અઝમત અને જલાલત ન હતી. **તેથી અલ્લાહની તૌહીદ એકે કુબૂલ કીધી તે પહેલા થયા અને એક થયા.** તે નૂરમાં તમામથી અફઝલ થયા. અફઝલીયત અને ઉંચ નીચ તે વક્ત આવી કે, બીજા તમામે પહેલાની બરોબરી કરવાનો ઈરાદો કીધો. પહેલો તે પહેલા, વહેલો તે વહેલા, સાબિક તે પહેલા જ હોય, આખિર તે પાછળ જ હોય. પહેલાની બરોબરી બીજાઓથી કેમ થાય? તેથી તમામ પટકાયા! આ જ તેઓની મોટામાં મોટી ભૂલ હતી કે, પહેલાના દરજાને ન પહેચાના અને બરાબર અને યકસાં થવાની ભુલ કરી બેસા. તેઓએ તૌહીદ ન્હોતી કીધી, તે તેઓની ભુલ હતી અને કીધી તો પણ પછી કીધી. જે અલ્લાહની તૌહીદમાં પાછા પડી ગયા, તેઓનાં દરજા નીચા રહ્યા. દુનિયાની પૈદાઈશ અને તખ્લીક પાછલનો મકસદ એ જ છે કે, જેઓએ તૌહીદ ન કીધી અને પહેલાની ફઝીલત અને નૂરનો ઈકરાર ન કીધો, તેઓ મોટી ભૂલમાં સપડાઈ ગયા. **તેથી અલ્લાહતઆલાએ તેઓને નૂરાની આલમમાંથી રદ કીધા અને જિસ્માની આલમમાં લઈ ગયો.** જે જિસ્માની આલમમાં માટીથી લઈને લીલોતરી, દરિયાઈ જીવ, હયવાન, પરિંદા, ઈન્સાન એવી તમામ અલ્લાહની મખ્લૂક છે, જેમાં તેઓની તૌહીદ કુબૂલ કરવાની હૈસીયત અને કૈફીયતથી અલ્લાહતઆલા તેઓને તબકા દર તબકા ચઢાવતા ચઢાવતા માટીથી ઈન્સાન તક પહોંચાડશે. તે બાદ તે ઈન્સાન તૌહીદ, શરીઅત, ઈલ્મી અને અમલી ઈબાદતો બજા લાવીને ફરિશ્તાનાં તબકામાં દાખિલ થાશે અને તે બાદ તે જહાંથી નિકલો હતો, તે જગા પર પહોંચી જાશે. ★

# સુધરશો, તો કૌમ સુધરશે

➞ **નબી અને કિતાબ**

નૈક અખ્લાક ઈન્સાનનું જૌહર છે. આ જૌહરથી જ ઈન્સાનને અશરફુલ મખ્લૂકાતનો લકબ હાસિલ થયેલો છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) દીને કામિલ લઈને પધારા. આગલા તમામ દીન અને મઝહબ અધૂરા હતા. આપના પહેલા જેટલા અંબિયા-મુરસલીન પધારા તેઓ પર નાઝિલ થયેલા કિતાબો અનેક હતા, પણ તે તમામ કોઈ એક ઝમાન વાસ્તે હતા. આપ નબી સાહેબ "જવામેઉલકલેમ" યાઅની કુરઆને મજીદ લઈને પધારા. કુરઆનથી અલ્લાહતઆલાએ આપનું દીન અને કલામ કામિલ અને તમામથી બરતર બનાવા. **આમ આપ અંબિયાના અખ્લાકને તમામ કરનાર હતા.** આપને મબ્ઉસ કરવામાં (નબી બનાવવામાં) અલ્લાહતઆલાની મશીયત ઈન્સાની અખ્લાકને ઔજ પર લઈ જવાની હતી.

આપના અખ્લાક કુરઆની અખ્લાક છે, દીન અને દુનિયા વાસ્તે, ઘર અને બાહર વાસ્તે, વહેવાર અને વેપાર વાસ્તે. રબીઉલ અવ્વલમાં આપની વિલાદત અને વફાત છે. સાહેબે દાઅવત આ મહીનામાં આપના ફઝાઈલ અને મનાકિબ બયાન ફરમાવે છે. આપની નુબૂવ્વત અને રિસાલતની સાબિતી વાસ્તે જે મોઅજિઝાત ઝાહિર થયા છે, તે બયાન કરી મુમેનીનને હક્કના દીનનાં હાદીની દાઅવતનું યકીન દિલાવે છે.

➞ **ઈલ્મ સાથે ઈન્સાફ**

આપના અખ્લાકને સમઝવા તે ઐન ઈબાદત છે. આપે બે ઈબાદતોને કાઈમ કીધી. "ઈબાદતે ઈલ્મીયહ" અને "ઈબાદતે અમલીયહ". શરીઅતમાં સાત દઆઈમના ફરઝો અને સુન્નતો સાથે અદાયેગી એ **ઈબાદતે અમલીયહ** છે. નૈક અખ્લાકથી અકીદાઓમાં ઈમાન અને કૌમો મિલ્લતનાં રસ્મો રિવાજને સમઝવા એ **ઈબાદતે ઈલ્મીયહ** છે. ઈબાદતે ઈલ્મીયહનો તઅલ્લુક મુમિનની ઝાહેરી-બાતેની ઝિંદગીમાં દાઅવતે હાદીયહની રૂસૂમાતને બહેતર તરીકા પર અંજામ આપવા સાથેનો છે. મુમિન બંને ઈબાદતો હસ્બે તાકતે ઈન્સાની બજા લાવે છે પણ આજના ઝમાનમાં એની ઝહેનીયત અને તસવ્વુરાતમાં બદલાવ આવી ગયો છે. તેથી ઈન્સાની ઝિંદગી સહી તૌર પર બસર કરવાના ઝરૂરી વહેવારોમાં ખામી ઉભરી આવી છે, જેના બાઝ નુક્તાઓ અમે બયાન કરીએ છીએ.

દુન્યવી ઈલ્મ હાસિલ કરવામાં જેટલા કલાકો બચ્ચાંઓ આપે છે તેટલો વક્ત દીની ઈલ્મ હાસિલ કરવામાં આપતા નથી. દીની ઈલ્મ અને કુરઆની તાઅલીમને બીજા નંબર પર માનવામાં આવે છે, હલકી સમઝી લેવામાં આવે છે. આમાં સોચ-સમઝની ઝરૂરત છે. દુન્યવી ઈલ્મથી ફરઝંદો યા દુખ્તરો ઓફિસમાં કે મુલાઝેમતની જગામાં જઈને કુટુંબ વાસ્તે આમદની - Income લાવી શકે છે, પણ દીની ઈલ્મ બગૈર વુઝૂ, નમાઝ, હજ્જ, દોઆ અને ઝિયારતે કરબલા તેના હક્ક મુજબ અદા કરી શક્તા નથી. ફક્ત કુરઆની તાઅલીમ જ કાફી નથી. જમાઅતની તારીખ, અકીદાઓ અને બુનિયાદી માઅલૂમાત વાસ્તે પણ વક્ત નિકાલવો ઝરૂરી છે, જેથી દાઅવત તરફથી શાયેઅ થયેલી કિતાબો પઢી શકાય.

➞ **ગૈર જાઈઝ રિશ્તા**

મુમિનમાં ઈમાનનું જૌહર છે. બીજાઓથી આ જ જૌહરના સબબ હમેં અલગ છીએ, બલ્કે, બરતર અને બહેતર છીએ. મુમિનના પલડા સામે બીજા પલડામાં ગૈર મઝહબનાં લોગોને હરગિઝ મૂકી શકાય નહીં. આ વક્તમાં ફરઝંદો દુખ્તરો દીગર મઝહબ યા અકીદાના લોગો સાથે કામ કરે છે, ઉઠે-બેસે છે, dialogue અને conversation તેમજ facebook યા Mobile પર chatting યા sms કરે છે અને અફસોસ કે, **તમામ બની આદમને એકસરખા સમઝે છે.** તેઓ એમ માને છે કે, જન્નત અને જહન્નમ, સઝા અને જઝા તો મૌત બાદ તમારા પોતાના ઈમાનો યકીન મુજબ દુનિયાની ઝિંદગી બાદ મિલે છે - કોણે ખબર છે - એવા ગુમરાહ ખ્યાલો રાખે છે અને બધાને એક જ તરાઝૂમાં તોલે છે. આ મૈલજોલ, ખરાબ નઝર અને નાજાઈઝ તઅલ્લુકાતમાં તબ્દીલ થાય છે. તમે તમારો મઝહબ સાચવો, હું મારા મઝહબ પર રહીશ - આ અહદો ઈકરાર ને માતહત સિવિલ મેરેજની વબામાં ગિરફ્તાર થાય છે, નાજાઈઝ નિકાહથી બંધનમાં જોડાય છે અને

(બકીયાહ પેજ નં. ૫૬ પર)

(પેજ નં. ૫૫ નું બાકી)

**સુધરશો, તો કૌમ સુધરશે....**

મઆશેરામાં ફિત્નો ફસાદ પૈદા કરે છે. આ તરહના ખ્યાલાત અને રાય ને જવાનોનાં દિલોમાંથી નિકાલવાની અઝહદ ઝરૂરત છે. એમ સમઝાવવાનો વક્ત હવે આવી ગયો છે કે, **અપનામાં ખૂબી છે, બીજામાં ખામીઓ છે.** આ સબબ સેંકડો વરસથી બીજાઓ અપનાથી અલગ છે - તો ભલા - પોતાનો ઉલ્લુ સીધો કરવા આજે બધાને એક જેવા જ અપના જ માનવાનું તે અપની અસ્લીયતનું ગલુ દબાવવા જેવું છે.

શાદી-નિસ્બતનાં મૌકા પર ગૈરજાઈઝ ખર્ચાઓ વધતા જાય છે. ગૈરશરઈ અમલો થાય છે. ઔલિયાઉલ્લાહનાં વતીરા અને રસ્મો રિવાજથી ઉલ્ટા કામો થાય છે. શાદી ખાના-આબાદીની બજાએ શાદી બરબાદીનો એહસાસ વાલેદૈનને થાય છે. શાદીમાં ખૂશી અને ફરહત નહીં પણ ડર અને આફત છવાએલા હોય છે. વાજા, નાચ-ગાન, પીઠીની રસ્મમાં ઘરવાલા સાથે બેઅદબીઓ, જમનના થાલ પર બદ-સુલૂકી, દુલ્હનનાં ઘરમાં દોસ્તોની બદ-તહેઝીબી વધતી જાય છે. બુઝુર્ગ-ઉંમર-રસીદહ લોગોની મઝમ્મત અને કલામો બયાનમાં બદ અખ્લાકીના નકશા શાદીની રૂસૂમાતમાં આમ થઈ ગયા છે. સાહેબે દાઅવત આ ચીઝોને મિટાવવા નસીહત કરે છે, હવે તેના પર ચાલવું મુમેનીનનાં હાથમાં છે. આ રૂસૂમાત સહી તૌરથી અદા થાય તો તે ઈબાદતનો હિસ્સો છે. પણ આ તરહ બદ સુલૂકી ઈન્સાનને ઈબાદતના રસ્તા પરથી લહેકાવીને જમાઅતને તખ્રીબો બિગાડના રસ્તે લગાવી દે છે.

→ **ખોટા ખર્ચા**

દુખ્તર-ફરઝંદની નિસ્બતની રસમ દોઆતે હકકે ઘણી સલીસ અને સાદા બનાવી છે. દૌલતમંદ લોગો તેમાં તેઓની દૌલતો માલના ઈખ્રાજાતનો ગલત મુઝાહેરો કરે છે. બિદઅતો ઉમેરાતી જાય છે. નવી નવી આપ-લે ની ચીઝોથી ગરીબ ઘરાનાઓ દાબમાં અને ફિકરમાં આવી જાય છે. એક હઝાર રૂપિયાની મહેરથી જ આ રસમ મુકર્રર થવી જોઈએ. ગૈરઝરૂરી ચીઝો અને હદીયાઓની આપ-લે કરવી આ મૌકા પર ઈસરાફી છે. કર્ઝ કરીને લોગોને જમાડવા તે બેવકૂફી છે. **જેટલી પહોંચ એટલી જ સોચ રાખવી જોઈએ.** જેટલી કદર હોય એટલી ફિકર કરવાનો ઝમાનો આવી ગયો છે. મગરિબી તહેઝીબના લાલા-લપ્પા અને ઠપેરાઓથી જમાઅતને પાક કરવી ઝરૂરી છે. સાલગિરહ એક ઈઝહારે ખુશીનો દિન છે. પહોંચ હોય તો જમન જમાડવું પસંદીદહ છે, પણ મગરિબના ગૈર ઈસ્લામી લોગો જેમ અંગ્રેઝી નગમાઓ અને સંગીતોને વગાડી જમાઅતખાનાઓમાં સાલગિરહ મનાવવી ગૈર-શરઈ નુમાઈશ છે. ઈસ્લામી અલ્ફાઝમાં જેની સાલગિરહ હોય એના વાસ્તે દોઆના કલામોમાં ઉમ્ર દરાઝી અને સેહત તલબી કરવી જોઈએ.

→ **વક્તની કીમત**

સૈયેદુશ્શોહદા મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ની અઝા, માતમ અને મજલિસ કરવી સવાબનો બાઈસ છે. તેની જઝા જન્નતની છે. પણ હર કામનો એક મખ્સૂસ વક્ત હોય છે. ઉર્સ યા શબે ઉર્સના મૌકા પર મજલિસમાં શરીક થાવું અપની અખ્લાકી ફર્ઝ છે. દરેક મહીનામાં ૧૦,૧૬,૨૧ તારીખો કે હર જુમેરાતે ઝિક્રે ઈમામ હુસૈન (અ.સ.) માં માઅરેફત બગૈર કલાકો ખર્ચ કરવા પસંદીદહ નથી. ઈમામ આલી મકામે તાઅમીરે મિલ્લતે ઈસ્લામીયહ વાસ્તે જાનને કુરબાન કીધી. શરીઅત કાઈમ રહે તે વાસ્તે આખા કુમ્બાના જવાનોને ફિદા કીધા. ઘરોમાંથી મુમેનાત બૈરો મજલિસ વાસ્તે નિકલી પડે અને કલાકો તક બાહર રહે તો ઘરનો નિઝામ વંખેરાઈ જાય છે. પૈગામે હુસૈન (અ.સ.) ને મદ્દે નિગાહ રાખીને ઘરનો માહૌલ મઝહબી અને હુસૈની બને, તો તે **એક મોટી ખિદમતે ઈમામ હુસૈન (અ.સ.) ગિનાશે.**

→ **અંજુમનોની ખિદમતનો તરીકો**

જમાઅતમાં તરહ તરહની ખિદમતગુઝાર અંજુમનો છે. તેના અરાકીનો જવાન છે, જેઓમાં ખિદમતે મિલ્લતનો અજીબ જઝબો અને વલવલો છે. ખિદમતના ઘણા કામો છે. જમાઅતમાં બહેબૂદીના બેશુમાર ગલી-કુચાઓ છે, જેને સઁવારવાના સીંચવાના છે. તેમાં સોચની લાઈન એક જ તરફ શું કામ જાય? એક જ ખિદમત અલગ અલગ અંજુમનો ઉપરા

(બકીયાહ પેજ નં. ૫૭ પર)

(પેજ નં. ૫૬ નું બાકી)

**સુધરશો, તો કૌમ સુધરશે....**

છાપરી શું કામ કરે? તેઓની આવડત, તજરૂબો, રસાઈ અને મહેનતને અલગ અલગ જગામાં વાલવી જોઈએ, જેનાથી જમાઅતના દરેક તબકાઓની અલગ અલગ દુશ્વારીઓ-દિક્કતોનો હલ લાવી શકાય. આમાં સાહબે દાઅવતનો મશ્વરો લેવો દરકાર છે, ઝરૂરી છે. આપ સાહબ બહેતર જાણે છે કે, કઈ ખિદમતમાં કેવી કામિયાબી અને તાસીર છે અને કમમાં કમ લાગતમાં ઝિયાદહ મુમેનીનને કેમ ફાયદો પહોંચે, યા તેમાં કામિયાબ કેમ થવાય. United we stand and divided we fall", સાચું સાબિત ન થાવુ જોઈએ. Trust ની નોંધણી પહેલા, ૩-૪ વરસ મુસલસિલ ખિદમત અંજામ અપાય તો અંજુમનો પોતાના માંથી સાચા, ઈમાનદાર, અમાનતદાર અને મહેનતકશ મેમ્બરોનો કિયાસ નિકાલી શકે અને તે બાદ વિધિવત નોંધણીનો રસ્તો સાફ થઈ શકે. જલ્દબાઝીમાં જે ટ્રસ્ટો અને કમીટીઓ કાઈમ થાય છે, તેનો જોશ ખત્મ થતા તે Trust નાબૂદ થઈ જાય છે. મરકઝે દાઅવતના નુમાઈંદોંની ટ્રસ્ટમાં હાઝરીથી મેમ્બરોને દરમિયાનના ઈખ્તેલાફાત મિટે છે અને **ચુનંદા ટ્રસ્ટીઓની જોહુકમી, ઝબરદસ્તી અને બદનિઝામી પર રોક લગાવી શકાય છે.** સાહબે દાઅવતથી કનારાકશી ઈખ્તેયાર કરીને યા મશ્વરો કીધા બગૈર કોઈપણ ખિદમત વાસ્તે ટ્રસ્ટની નોંધણી કરાવવી જલ્દબાઝી અને નિફાકી છે. મરકઝને છોડવાથી તેમજ સેન્ટર સાથે નાઈત્તેફાકી થાવાથી ખુલૂસના દાએરા અને સરકલમાંથી નિકલી જવાનો ડર હમેશા રહે છે.

➞ **જવાનીની ભૂલ**

જમાઅતની દીકરી ગૈર ઈસ્લામી ઘરોમાં ન જાય અને ગૈર મુમિન તેમજ અહલે હુનૂદની દીકરીઓ મુમેનીનના ઘરમાં ન આવે તે વાસ્તે હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) એ "તન્ઝીમે મિલ્લતે તૈયેબીયહ" ને માતહત બુનૈયાતે જમાઅતની અંજુમન કાઈમ કીધી છે. તેઓના મકસદ નૈક છે. તેઓની તદબીરો કોશિશ કાબીલે દાદ છે. વાલેદૈનને સમઝવાની ઝરૂર છે કે, **જડ અને થડ સહીહો સાલિમ હશે, તો ડાલાઓ શાદાબ અને સબ્ઝ રહેશે.** માઁ-બાપ બચ્ચાઓના પહેલાં અને કરીબી મુરબ્બી અને ઉસ્તાદ છે. માઁ મુમિન હશે તો ઔલાદમાં ઈમાનની મહેક અને ઘરમાં અહલેબૈત (અ.સ.) ના મઝહબની રોશની કાયમ રહેશે અને એ ઘરનો ગહેવારો દીનદારીની ગિઝાથી મઝહબના ખોરાકથી ફલશે ફૂલશે, મોટો થાશે.

જવાનીનો જોશ, જિન્સી હરારત, જિસ્માની સરગરમી, ઈલ્મનો ગુરૂર, દૌલતની તાકત હમેશા એના હાલ પર રહેતા નથી. ઝવાલ અને ઉરૂજ હર ચીજને આવે છે. વાલેદૈન તેઓની ઔલાદને એ કડવી હકીકતનો સબક આપે કે, જવાનીની ભૂલ અને લગઝિશો ઉમ્રભરના માતમને નોતરે છે. નાદાનીમાં લીધેલા કદમનાં કડવા અંજામ આખરે ભોગવવા પડે છે, પાછા પલટીને અસલી હાલતમાં અવાતુ નથી અને નદામત તેમજ પસ્તાવાનું રોવું કોઈ ફાયદો કરતુ નથી. તેથી જેમ પોતાની વાડીના આંબાની કેરીની લઝઝત વાડીના માલિકને ખબર હોય, તેમ વાલેદૈન ઔલાદના ખૈરખ્વાહ હોવાથી અપની જમાઅતની અદનામાં અદના ઘરાનાની યા ઉંચામાં ઉંચા કુંબાની દુખ્તરોની હકીકતથી વાકિફ હોય છે. યહાં બુઝુર્ગોની તજરૂબાની ડાંગ બગીચાને સાચવે છે, ન કે નાદાન ઔલાદની શો વાલી (દેખાવ પુરતી) ડીગ્રીની બુઠ્ઠી તલવાર.

➞ **નાપાક સિફ્ત લોગો**

દોઆતે હકકના, દાઅવતે હાદીયહના અને મરતબાના સાહબો યા હુદૂદના દુશ્મન પૈદા થાય છે. તેઓ બનતા નથી અને કોઈ તેઓને બનાવતું નથી. મુમિનનો એક પગ અગર કોઈ સબબસર ફિસલી જાય, તવાઝુન બિગડી જાય, તો અલ્લાહતઆલા એના ઈમાનની તાસીરથી બીજા પગને સલામત-અડગ રાખે છે, શું કામ કે ફિસલી ગયેલો કદમ પાછો તેની અસલી જગા પર આવી જાય છે. સાહબે દાઅવત, દુશ્મનાને દાઅવતનાં હાથમાંથી ન કોઈ તેઓની જાગીર છીને છે, ન તેના વેપાર-વહેવારમાં દખલ કરે છે, ન તેની કોમ્પીટીશનમાં કોઈ કારોબાર કરે છે, ન કે તેની દુકાનને સામે બીજી દુકાન ખોલીને તેના જેવો જ વેપાર કરે છે, ન કે તેની વિરાસત હડપ કરે છે, ન કે તેની મિલ્કત પચાવી પાડે છે, ...... પણ તેઓએ દાઅવતે હાદીયહનો સિરાતે મુસ્તકીમ છોડો અને ભટકાયા તે સચ્ચાઈ

(બકીયાહ પેજ નં. ૫૮ પર)

(પેજ નં. ૫૭ નું બાકી) **સુધરશો, તો કૌમ સુધરશે....**

લોગોને બતાવી દે છે, **તેઓએ ખૈરને તરછોડી શરને ગલે લગાવું તેનાથી લોગોને આગાહ કરે છે,** તેઓએ શુક્રો હિદાયતના રસ્તાને મુકીને કુફ્રો ઝલાલતની રાહને ઈખ્તેયાર કીધી તેનાથી લોગોને ચેતવે છે.

આ તો દાઈએ હક્કની ફરઝ જ છે, જે તેઓ અંજામ આપે છે. તો પણ શરના લોગો, બદઅકીદાના ઈફરીતો, ફિત્નતના શરારાઓ હર ઝમાનો મકાનમાં પૈદા થાતા જ રહે છે. આના પાછલ હિકમતે ઈલાહીયહ છે. કાલા રંગના વુજૂદ બગૈર સફેદ રંગની દિલકશી, નૂર અને ચોખ્ખાઈ સાબિત થાતી નથી. કડવા એલીયાની કડવાશનો અણગમો દિલમાં નફરત તે જ વક્ત પૈદા કરે છે કે, જ્યારે મધની શીરીનીની લઝ્ઝતનો ઝબાનને એહસાસ થાય છે. અલ્લાહતઆલાએ શરના લોગો વાસ્તે કુરઆને કરીમમાં શજરતે ખબીસહનો લફ્ઝ ઈસ્તેમાલ કીધો છે. આ શજરહ-દરખ્તોની કૈફીયત એ છે કે, તેના બીજ બગૈર તે ઝમીનમાંથી બગૈર કોઈ દેખરેખ ઉગે છે પણ શજરતે તૈયેબહને તો માવજત અને નિગેહબાની ની ઝરૂરત હોય છે. આ શજરતે તૈયેબહ ઝમાનાના હાદીની માવજત અને રખરખાઉના સબબ તેના ફલ-ફૂલ ઝમાનના લોગોને હર વક્ત હર હાલતમાં આપી શકે, **એના વાસ્તે જ અલ્લાહતઆલાએ હર ઝમાનમાં હાદીને ઝમીન પર મોકલા છે.** હિદાયતના બગીચામાં પૌશીદહ હર બદસૂરત કાંટેદાર - કડવા છોડ - દરખ્તને હાદી, બાગબાન બનીને હટાવી દે છે અને શજરતે તૈયેબહને ફલવા ફૂલવા વાસ્તે ઝમીન હમવાર કરી આપે છે. તેથી કોઈ એમ રાય ઝાહિર કરે કે, દાઅવતના દાલાનમાં કોઈ દુશ્મન પૈદા થવા ન જોઈએ તો તે એની બેવકુફી અને જહાલત છે.

→ **અલ્લાહનો કાનૂન અને કમઅકલોનો ફિત્નો**

શરીઅત, ઈલાહી કાનૂન છે. ખુદાએ બનાવેલો અને લોગો વાસ્તે અમલમાં મુકેલો. દુનિયામાં જેમ કાનૂન છે તેથી discipline છે, તેમ દીનો મઝહબના કાનૂનથી અદબ છે, નિઝામ છે. ઈસ્લામી શરીઅત કઈ પહેલી નથી, પણ આગલી તમામ શરીઅતોનો મજમૂઓ છે, તેથી તેના તમામ ફરમાનો અને હુકમો આગલી ઉમ્મતોના કુબૂલ કરવાના તરીકાથી અમલમાં મુકાયેલા છે. ઈન્સાન અકલથી કોતાહ છે, તેથી મજબૂર છે. શરીઅત, ઈન્સાની ઝિંદગીના તૌર તરીકાનો મુકમ્મિલ દસ્તૂરે અમલ છે. ઈન્સાન અકલથી હર ઈલાહી ફરમાન પર ગૌર કરે તો તેમાં હિકમત અને મશીયત નઝર આવશે. શરીઅતની પૈચીદગી ઈન્સાનને સમઝમાં ન આવે તો તેમાં એની અકલનો કુસૂર છે, ન કે શરીઅતની બંદિશનો. ખામીવાલી અકલથી શરીઅતની સચ્ચાઈ યા તેની ઝમાના સાથેની મુનાસેબતનો કેયાસ લગાડવો અને માપ કાઢવો તે બેસિબાતી છે, મૂર્ખાઈ છે. મગરિબી કલ્ચરમાં રચા પચા બાઝ લોગો શરીઅતના એહકામો કાનૂનની ગહેરાઈ જાણતા નથી. તેઓ હર અમરમાં અને રસમમાં ખામી તલાશ કરતા હોય છે. **તેઓ પોતે જ સવાલ કરે છે અને ટૂંકી અકલથી પોતે જ જવાબ આપે છે.**

કબર, દુનિયાની આખિરી અને આખેરતની પહેલી મંઝિલ છે. ઈન્સાનના આઅમાલની પેટી છે. હદીસે નબવીમાં કબરોની ઝિયારતની ઘણી ઘણી ઝિક્ર આવેલી છે. હજ્જે બયતુલ્લાહ, મદીનતુલ મુનવ્વરહમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની કબરે મુબારકની ઝિયારત પર સલવાતો સલામ પઢા બગૈર અધૂરી છે - બે માઅના છે. ઉઝુર બગૈર મદીનાની ઝિયારત મુકાય જ નહીં. કરબલાએ મોઅલ્લા અને નજફે અશરફ મુમેનીનની અઝીમ ઝિયારતગાહો છે. લોગો તે જગાના દીદારે શરીફ કરવા વાસ્તે લાખો રૂપિયા ખર્ચે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જન્નતુલ બકીઅમાં અહલો અકારિબની કુબૂરની ઝિયારત વાસ્તે પધારતા હતા, તે ખબર શીઆ-સુન્ની કિતાબોમાં મૌજૂદ છે. કોઈ ઈસ્લામી ફિરકા ભલે આ અમલો રસમને બિદઅત યા શિર્કનું નામ આપે - એમાં તેઓની ગુમ્રાહી ઝાહિર થાય છે. અઈમ્મતે તાહેરીન (અ.સ.) અને દોઆતે અકરમીન (રિ.અ.) અને મવાલી અમજદીન (રિ.અ.) ની કુબૂર પર ઉર્સ અને અને શબે ઉર્સના મૌકાઓ પર બયાનો વાઅઝ થાય છે. ઔલિયાઉલ્લાહની હયાતે પાક અને સીરતે તાહેરહની ઝિક્રે ખૈર અને અખ્બારો મોઅજિઝાત સાંભલી ઝાએરીનના યકીનમાં અલ્લાહની તૌહીદ તેમજ દાઅવતે હાદીયહ ઈબ્દાઈયહના અકીદામાં ઈઝાફો થાય છે. આ બયાનાતથી પોતાની સીરતો ખસલતમાં ઈસ્લાહ કરવાની તૌફીક મિલે છે. આ નેઅમત અપની જમાઅતના લોગો વાસ્તે જ છે કે, **અપના ઈમામો અને દોઆતનો નસનો સિલસિલો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક નસ-બ-નસ મિલે છે.** બીજા

(બકીયાહ પેજ નં. ૫૯ પર)

(પેજ નં. ૫૮ નું બાકી) **સુધરશો, તો કૌમ સુધરશે....**

ફિરકાઓમાં નસના સાહેબ મૌજૂદ નથી. સિલસિલામાં ઘણી વક્ત તોડજોડ થયેલી છે. "નુરૂન અલા નુર" ના ધણી હાઝિર નથી. કોઈપણ રઈસને "મૌલાના" અને આલિમને "ઈમામ" સમઝી લે છે. આજે એક છે તો કાલે બીજો છે. એક ઝમાનમાં કોઈ આલિમ અલગ વાત કરે છે, તો બીજા ઝમાનમાં બીજા કોઈ આલિમ પહેલાની વાતને રદ કરે છે. તેથી હકક અને સચ્ચાઈની બુનિયાદ કાયમ રહેતી નથી.

અપના ઈસ્માઈલી-તૈયેબી અકીદામાં અને સિલસિલામાં હર વક્તમાં એક હાદી મૌજૂદ છે. તેથી તે ઝિંદા હોય યા ઈન્તેકાલ ફરમાવી ગયા હોય, તેઓ દેવડી પર હોય યા કે કુબ્બામાં તુરબતે અન્વરમાં આબાદ હોય, **તેઓ હર ઝમાનમાં હર હાલતમાં તેની કૌમના ઈમામ અને દાઈ છે.** એમાં તહેકીક કે તસ્દીકની ઝરૂરત નથી. તેથી દોઆતના કુબ્બહ મુબારકહ અમારા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના હકકના જાનશીનોના કુબ્બહ મુબારકહ છે અને તેઓની કબરની ઝિયારત અમારે વાસ્તે તેઓની ઝિંદગીમાં તેમજ તેઓના ઈન્તેકાલ બાદ બરકત અને રહેમતનો બાઈસ છે.

**મીસાક, મૌત પછી ઝિંદા રહેવાનો નુસ્ખો છે.**

→ મીસાકની રસમ રૌઝે અઝલથી જારી છે, મીસાકથી જ તો ઝમીનો આસ્માન કાઈમ છે. મીસાકના સબબ જ ફરિશ્તાઓ, રસૂલો, નબીયો અને ઈન્સાનની પૈદાઈશ છે. મીસાક મુમિનનો દસ્તૂરે અમલ છે. ઈન્સાન બાઝારથી એક મશીન ખરીદ કરે છે, તો તેના ઈસ્તેમાલ કરવાની ઝરૂરી શરતો બુકલેટમાં મૌજૂદ હોય છે. જો એનું પાલન ન કરે અને ગૈર ઈસ્તેમાલ કરે, તો કંપનીની તે મશીન વાસ્તે ગેરેન્ટી ખતમ થઈ જાય છે. એક અદના મશીનના ઈસ્તેમાલ વાસ્તે શરતોની બુકલેટ હોય, તો પછી શરીઅતના આઅમાલ અને મઝહબે હકકના ધણીની ઈતાઅત વાસ્તે કેમ નહીં?

→ **જિસ્માની પાકી**

જેમ મરદોની ખતાનત કરવી સુન્નતે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) છે, તે જ મુજબ બૈરોની ખતાનત યા ખફઝ છે. ઈન્સાનની ફિતરી નાપાકી દૂર કરવી લાઝિમ છે. ફિતરી તહારત વાસ્તે અહલેબૈત (અ.સ.) તરફથી દરાઝ બયાનોમાં તાકીદ આવેલી છે. તેમાં કોઈ રૂખસત આવેલી નથી. શરીઅતના આ ફરમાનના બારામાં હુજ્જત કે ચૂનોચેરો ની ઝરૂરત નથી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી રિવાયત છે કે, બૈરોની ખતાનતથી તે તેના શૌહરની તરફ મેહબૂબ રહે છે અને **અલ્લાહતઆલા એના હુસ્નો જમાલ અને નૂરો કમાલમાં ઈઝાફો કરે છે.** કૌલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) હરગિઝ હિકમતથી ખાલી ન હોય. ઈન્સાની અક્લ એના મખ્ફી ઈશારા સમઝવામાં કમ્ઝોર હોય છે. નવા ઝમાનાના કુન્દ ઝહેન અને કમ ફહેમ લોગો આ તહારતના બારામાં બેજા-બેકારની હુજ્જત કરે છે. તેઓને ખબર હોવી ઝરૂરી છે કે, અલ્લાહતઆલાએ બૈરોની બાતિની ફિતરત અને તહારતના બારામાં કુરઆને કરીમમાં ઘણા જ એહતેયાતથી ઝિક્ર ફરમાવી છે. જેમ બૈરો કુલ્લી તૌર પર ઔરત છે, તેમ તેના હર અમર અને અંદરૂની બાબતો લોગોથી પૌશીદહ રહેવી જોઈએ. તો એક ઔરતની બાતિની તહારતના બારામાં ખુલ્લમ ખુલ્લા બહેસ કરવી કહાં તક જાઈઝ છે? શું એક શખ્સને તેના ઘરમાં તેના બૈરો તેની દુખ્તરની ફિતરી તહારતનો અમલ કયા વક્ત પર કઈ જગા પર કરે છે, તેનું ઈલ્મ હોય છે? નહીં! હરગિઝ નહીં ! આ સિવાય જિસ્મે ઈન્સાનીના ઘણા અંગોની ચોખ્ખાઈ અને પાકીઝગી વાસ્તે અહલેબૈત (અ.સ.) થી બેશુમાર રિવાયતો આવેલી છે, જે પર પાબંદીથી અમલ થાય છે, તો આ સુન્નતે રસૂલ બાબત મહેફિલોમાં બહેસ કરવી કહાં તક રવા અને બજા છે, તે મુમેનીન વાસ્તે ગૌરો ફિકરનો સબબ છે. ✯

---------------

ન દોઝખ કો દેખો ન જન્નત કો દેખો, ખુદાકી હરએક વક્ત રહેમત કો દેખો,
સમઝની હે અઝમત કિસી રાહબર કી, તહારત, ઈબાદત, સખાવત કો દેખો.
પહોંચના હે ગર મંઝિલે માઅરેફત તક, શરીઅત, તરીકત, હકીકત કો દેખો. ✯

## માઁ - તાઅલીમ ની બુનિયાદ

ઈસ્માઈલી તૈયેબી મઝહબમાં "માઁ" નો મફહૂમ અને મકામ ઘણો આઅલા અને વસીઅ છે. કોઈની પણ ઝબાન પર અગર "માઁ" ની વાત આવે, તો એ શખ્સીયતની ઝિક્ર થાય જ છે કે, જેના ઝરીએ ઈન્સાન દુનિયામાં જન્મ લે છે. મગર બાતિન અને તાવીલ સમઝનાર ઈલ્મવાલા લોગો વાસ્તે આ લફ્ઝનો ઈશારો ફક્ત જિસ્માની "માઁ" ના મફહૂમમાં કૈદ નથી. "માઁ" ના ઔલાદ સાથે જઝબાત જોડાયેલા છે. "માઁ" આવે તો મહબ્બત આવે, મમતા આવે, પરવરિશ આવે. હર મઝહબમાં "માઁ" ની ફઝીલત ઘણી આઅલા છે, કુરઆને કરીમમાં ખુદ અલ્લાહતઆલાએ **વાલેદૈન ની અઝમત કરવું ઔલાદ પર લાઝિમ કીધેલું છે.**

"માઁ" લફ્ઝની ગહેરાઈમાં અગર અપની અકલને ડુબાવીએ તો ખબર પડે છે કે, તાવીલ આ લફ્ઝને કઈ તરહ બયાન કરે છે. આસમાન અગર બાવાજી છે, તો ઝમીન "માઁ" છે. કોઈ નવી વાત નથી કે, મુશ્રિક લોગો ઝમીનને ધરતી માઁ કહે છે. નબી અગર બાવાજી છે, તો વસી "માઁ" છે. એ જ મુજબ હર ઊંચા દરજાની શખ્સીયત બાવાજી છે, તો એના પછી નીચલા દરજાવાલા "માઁ" ના મકામ પર છે. હર એક ચીઝ કે જે બીજી ચીઝને વુજૂદમાં લાવે છે, તે તેની "માઁ" છે. "માઁ" ના ભલે અલગ અલગ મતલબ હોય મગર એક રિશ્તો એવો છે, જે બધા જ મતલબોમાં એક છે. આ રિશ્તો તાઅલીમનો છે, તરબીયતનો છે. આ દુનિયાના વુજૂદનો કોઈ મતલબ નથી અગર તાઅલીમનો કોઈ સિલસિલો ન હોય.

"માઁ" એ એના ઘરવાલાની તાઅલીમની બુનિયાદ છે. ઘરના બચ્ચાઓની નઝરમાં "માઁ" એ મુકમ્મિલ મિસાલ - complete & ideal example છે કે, જેને નઝરમાં રાખીને, જોઈ જોઈને બચ્ચું પરવરિશ હાસિલ કરે છે. **ઘરની ઝીનત, સેહત અને ઈઝ્ઝત "માઁ" ના હાથમાં છે.** "માઁ" ચાહે તો ઘરમાં બહાર લાવે યા ખિઝા લાવે. "માઁ" ના અખ્લાક, કિરદાર, ખ્યાલાત અગર નૈક હોય, તો તે ઘર "નૈક" છે અને અગર "માઁ" ના કિરદારનો આઈનો સાફ ન હોય, તો તે ઘર "બદ" છે. "માઁ" અગર શરીઅતના પાબંદ હોય તો અદબનુ ફૂલ તે ઘરમાં હર વક્ત મહેકતું રહે છે. જે ઘરમાં આનાથી બરઅક્સ હોય તો તે ઘરમાં અદબનુ ફૂલ કદી ખિલતુ નથી.

**"દુનિયાની ખૈરો ખૂબી છે તાઅલીમો તરબીયતમાં.**
**તાઅલીમો તરબીયતોનો તસવ્વુર છુપો છે "માઁ" માં."**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસે શરીફ છે કે, "હર નૌમૌલૂદ આ દુનિયામાં ઈસ્લામની ફિતરત પર પૈદા થાય છે, મગર એના માઁ-બાપ એને નસરાની કે યહૂદી યા મજૂસી બનાવે છે." આ આસાન હદીસથી "માઁ" ની એહમીયત સમઝમાં આવી જાય છે. હર વાલેદૈનને એ હકીકત જાણવી ઝરૂરી છે કે, બચ્ચાઓ માઅસૂમ હોય છે, પણ એના વાલેદૈન એને શર યા ખૈર તરફ વાલે છે.

➡ **"માઁ" ની ઝિમ્મેદારીઓ :-**

"માઁ" ની ઝિમ્મેદારી ફક્ત એના બચ્ચાઓને જમાડવાની યા કપડા પહેરાવવાની નથી. બચ્ચાનું દિમાગ એક કોરા કાગઝ મુજબ છે. આ બચપણના મરહલામાં જ "માઁ" પર વાજિબ છે કે, બચ્ચાના ઝહેનના કોરા કાગઝ પર મઝહબ અને શરીઅતની બુનિયાદી જાણકારી લખી લે. "માઁ" ની આગૌશ એ બચ્ચાનો પહેલો મદ્રસો છે, આજનો ઝમાનો અલગ છે, ટેકનોલોજીનો છે, કોમ્પ્યુટર અને મોબાઈલનો છે. "માઁ" પર વાજિબ છે કે, પોતાના બચ્ચાને મઝહબી કિસ્સા-કહાનીઓ સંભલાવે. બચ્ચાઓને આ ઉમ્રમાં કહાનીઓ સાંભલવાનો ઘણો શૌક હોય છે. કાર્ટુન કે નોવેલ કે ગૈર-મઝહબી કહાનીઓ સંભલાવવા કરતા સૂતી વક્ત નબીઓ-ઈમામોની કહાની સંભલાવવામાં આવે **, તો બચ્ચાના ઝહેનમાં દીનના સાહબોનો તસવ્વુર પૈદા થાય.** બચ્ચાને ખૈર અને શર અમલની તાઅલીમ આપતા રહે - ફરિશ્તાઓની વાતો કહે, અલ્લાહતઆલાના punishment અને reward ની વાતો કહે કે, અગર અપને ફલાઁની નૈક ચીઝ કરીશુ તો અલ્લાહતઆલા સવાબનો તોહફો આપશે અને જો ખરાબ ચીઝ કરીશુ તો અલ્લાહ અઝાબ આપશે. બચપણમાં જ પાકી-સાફી અને તહારત તરફ

(બકીયાહ પેજ નં. ૬૫ પર)

(પેજ નં. ૬૪ નું બાકી) **માઁ-તાઅલીમ ની બુનિયાદ....**

રગબત અપાવવી જોઈએ. શું ચીઝ પાક કહેવાય અને શું નાપાક કહેવાય. બચ્ચાની આદતમાં આવેલી ચીઝોને તે મોટપણ તક ભૂલતુ નથી. અગર ઘરમાં "માઁ" ના ઝરીએ જો આ બધી ચીઝો શિખાવવામાં આવે તો મદ્રસામાં બચ્ચુ બીજી ચીઝો આસાનીથી શીખી લે છે.

→ બચ્ચાને તાકીદ કરે કે સંડાસમાં અને જમતી વક્ત ટોપી પહેરે.

→ બચ્ચાને થાલ પર પગ વાલીને બેસવાની તાકીદ કરે.

→ સંડાસની બાર અદબોની તાઅલીમ આપે.

→ પેશાબ-સંડાસ કઈ જગા પર અને કઈ રીતે કરે તે શિખાવે.

→ ઘરમાં દાખિલ થાય તો પહેલે તમામ પર સલામ બોલવાની આદત પાડે.

**➡ ઘરનો માહૌલ :-**

બચ્ચું ભલે કઈ બોલતું ન હોય મગર એનુ ઝહેન હર નવી ચીઝને ઈદરાક કરવામાં અને જઝબ કરવામાં ઘણું તાકતવર હોય છે. અગર ઘરનો માહૌલ જ બિગડેલો હોય તો બચ્ચું એ જ મુજબની તરબીયત હાસિલ કરે છે. માઁ-બાપને દરમિયાન યા ઘરના બીજા અફરાદ ને દરમિયાન મહબ્બતનો રિશ્તો ન હોય તો બચ્ચાંના ઝહેન પર ખરાબ અસર થાય છે. બચ્ચાંને મહબ્બતના રિશ્તાની સમઝ પહેલા "માઁ" ના ઝરીએ થાય છે તેમજ જઝબાત અને મિઝાજને પરખવાની તાઅલીમનો ઝરીઓ પહેલા "માઁ" હોય છે પછી બીજાને તરફ એની નઝર જાય છે. **નૈક અખ્લાક અને કિરદારની ઝલક બચ્ચામાં તે જ વક્ત આવે છે કે, જેના ઘરમાં " માઁ " નૈક સીરત હોય છે.**

એક અસરદાર કહેવત મુજબ "બચ્ચાને અગર તરબીયત આપવી હોય તો એના જેવું જ થવું પડે!" આ નાઝુક ઉંમરમાં નસીહત અને હિદાયતને જો ઘરની નાની-નાની વાતોમાં શામિલ કરી દેવામાં આવે તો બચ્ચું રમતા-રમતા ઘણી ચીઝો શીખી જાય છે. બચ્ચાઓની ઉંમર જેમ જેમ વધે છે અને સ્કૂલ-મદ્રસામાં જાતા શુરૂ થાય છે, તો ઘરની આદતોના તરીકા ઝાહિર થાય છે. સ્કૂલમાં કે મદ્રસામાં બચ્ચું કઈ મુજબ સુલૂક કરે છે અને કેવી ઝબાન બોલે છે, તે પરથી અંદાઝો આવી જાય છે કે, એના ઘરનો માહૌલ કેવો હશે!

**ઘરમાં બચ્ચાને આ તમામ ચીઝોની તરબીયત આપવી ઝરૂરી છે :**

→ તમામ તરબીયત કરતા ઊંચું કુરઆન અને શરીઅતનું ઈલ્મ છે. કુરઆનની પઢાઈ અરબી ઝબાનમાં થાવી જોઈએ. આની મદ્રસામાં તાઅલીમ આપવી ઘણી ઝરૂરી છે. જો અગર અરબી ઝબાનમાં પઢવાની તાઅલીમ બચપણમાં નથી અપાતી તો નમાઝ, હજ્જ, કરબલા, ઉમરહ વગૈરહના મૌકા પર દોઆઓ પઢવામાં તકલીફ પડે છે.

→ નમાઝમાં પઢાતી તમામ સૂરતો યાદ કરાવવી જોઈએ અને મસ્જિદમાં નમાઝ પઢવાની રગબત અપાવવી જોઈએ. જે બચ્ચું મદ્રસાની તાઅલીમ લઈને નમાઝની પાબંદી રાખશે તો સહીફો, સૂરત અને દીગર ચીઝો કોઈ વક્ત ભૂલશે નહી. ઘરમાં અગર માઁ નમાઝ પઢે તો તે વક્ત બચ્ચાંને પણ એમ કરવાની નસીહત કરે, ભલે ને નમાઝના અરકાન આવડે યા ન આવડે.

→ ઈલ્મ છે મગર નૈક અખ્લાક નથી, તો તમામ ઈલ્મ બેકાર છે. તહેઝીબ અને અદબનો ઈઝહાર હર જગા પર થાવો જોઈએ - ઘરમાં, સોસાયટીમાં, મસ્જિદમાં, સ્કૂલમાં, કોલેજમાં, મદ્રસામાં કોને સાથે કઈ તરહનો સુલૂક કરવો એની સમઝ બચ્ચાને બખૂબી હોવી જોઈએ.

→ ખાનદાન અને બાપ-દાદાની શનાખ્ત આપવી જોઈએ. ઘરમાં જે મોટા હોય તેને પર વાજિબ છે કે, ઘરનું "માઝી" યાઅની ઘરના બાપ-દાદાઓ શું કરી ગયા છે, એ તમામ હકીકતોથી હર ફર્દને વાકિફ કરે. હર ખાનદાન ની ઈન્ફેરાદી પહેચાન હોય છે. દીકરા-દીકરીઓ ને નસીહત કરે કે, જમાઅત અને ખાનદાનનો જે રસ્મો રિવાજ છે એને લઈ ઉઠે અને તેને ઝિંદા રાખે.

(બકીયાહ પેજ નં. ૬૬ પર)

(પેજ નં. ૬૫ નું બાકી) **માઁ-તાઅલીમ ની બુનિયાદ....**

→ દીકરીઓને શરમો-હયાની સમઝ આપે. બાલિગ દીકરીઓ પર નઝર રાખે. ઈન્ટરનેટ, ટીવી, મોબાઈલ ના ઈસ્તેમાલ પર કાબૂ રાખે. ઘરના મોટા બાલિગ દીકરા-દીકરીઓ ની હર ચીઝો ને બરાબર જાણે. નૌજવાનોને એના ખ્યાલો પર છોડી ન મુકે પણ હર ડગર પર ભલી સમઝ આપે.

→ આ ઝમાનો જોબ-મુલાઝેમતનો છે. દીકરીઓ અગર મુલાઝેમત પર જાતી હોય તો તેને સાથે-સાથે ઘરમા કામ પણ શિખાવે - પકાવતા, ઘરની સાફ-સફાઈ કરતા, સમાજી વહેવાર, રિશ્તેદારી વગૈરહ જેથી દીકરીની શાદી થયા બાદ એના નવા ઘરને એ બરાબર સંભાલી શકે.

→ તરક્કીના આ દૌરના લાતાઅદાદ મુતાલેબાત અને તકાઝાઓ છે. હવે એ ચીઝ મુમ્કિન નથી કે, ઘરમાં કોઈ એક કમાય અને બીજા બધા ઘરમાં બેસે. મગર એનો મતલબ એ પણ નથી કે, ઘરમાં આમદની લાવવા પુરતી જ ઝિંદગી ગુઝારે. **દીન અને દુનિયાને બરાબર બેલેંસ કરે.** કેમકે, આ બેવે ઝૌજ-જોડકા છે. અગર કોઈ શખ્સ આમાંથી કોઈ એકને જ અપનાવે તો એની ઝિંદગી અને આખેરત અધુરી રહી જાય છે.

→ ઘરમાં બુઝુર્ગો અને વાલેદૈન ની તાઅઝીમ કરવી ઔલાદ પર લાઝિમ છે. મગરિબી તસલ્લુત - westernization ના સબબ આજે ઘરનો માહૌલ એ મુજબ ખરાબ થઈ ગયો છે કે, ઘરમાં રહીને પણ ઘરવાલા એકબીજાથી અજનબી હોય છે. હર કોઈ પોતાની સોચમાં અને દુનિયામાં જ ડૂબેલા હોય છે. કોઈને કોઈનો ખ્યાલ નથી. જઝબાત અને હમદર્દી નથી. જેમ જેમ ઝમાનો તરક્કી કરશે તેમ ફેમિલી નો તસવ્વુર મિટી જાશે. જે મુજબ હમણા જોઈન્ટ ફેમિલી નો તસવ્વુર મિટતો જાય છે. આજના નૌજવાનો - મોબાઈલ, facebook, internet ની જાલમાં એટલા ડૂબી ગયા છે કે, એના દાએરાથી બાહર દુનિયાની બીજી કોઈ ચીઝ ખ્યાલમાં લઈ શક્તા નથી.

યાદ રહે કે, અપના દીને ઈસ્લામમાં જે તરહ થી બચ્ચાની તરબીયત અને પરવરિશ કરવાના તરીકાઓ સમઝાવવામાં આવા છે, એ કોઈ મઝહબમાં મૌજૂદ નથી. આ અપના વાસ્તે ફખરની વાત છે. **ઈલ્મ અને અખ્લાક સિવાય કોઈ વિરાસત ઊંચી નથી.** એક "માઁ" અગર એની ઔલાદને તરબીયત આપે છે તો બે ઘરની બુનિયાદ મઝબૂત થાય છે - એક તો પોતાનું અને બીજું એના બાદ એની ઔલાદનું. જે મકાનમાં ઈલ્મ અને અખ્લાક ઝિંદા હોય એનું જ નામ ઘર છે. નહીં તો, દુનિયામાં મકાનો તો ઘણા છે મગર તે તમામ ઈસ્લામી તહેઝીબ બગૈર વીરાન છે.

અહલેબૈત (અ.સ.) ના ઈલ્મ અને અખ્લાક નો પાયો નાંખો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને મૌલાતોના ખદીજતુલ કુબરા (અ.સ.) એ કે, જેની તરબીયત અને પરવરિશ થી મૌલાતોના ફાતેમા (અ.સ.) જેવી નૂરાની હસ્તી વુજૂદમાં આવી અને જેના ઝૈરે તાઅલીમ બેવે ઈમામૈન હસનૈન (અ.સ.) એ આલમમાં ઈન્સાનીયતના તમામ આઅલા અખ્લાક વંખેરી નાખા અને મુમેનીનને વાસ્તે સિરાતે મુસ્તકીમને હમ્વાર કીધી. અલ્લાહતઆલાની બારગાહમાં હમારી એ જ દોઆ છે કે, હમારા ઘરોમાં "માઁ" ની બરકત ને હમેશા કાઈમ રાખે. ✯

## વકારે અલવી દાઅવત માહે હાદીકી બદૌલત હે

વકારે અલવી દાઅવત માહે હાદીકી બદૌલત હે, ફરૌગે દીનો મિલ્લત હાદીકી બદૌલત હે,
નઝીર ઉસકી નહી મિલતી દિગર કોઈ રસાઈલ મેં, જો મેઅયારે સહાફત માહે હાદીકી બદૌલત હે,
અદીબો શાયરો અહલે ઝબાં કો નાઝ હે ઉસ પર, બયાં-વાઅઝ કી અઝમત માહે હાદીકી બદૌલત હે,
ઈનાયત કી નઝર ઉસ પર હે બા-બરકત જો દાઈ ને, બહારે નૂરો નુગહત માહે હાદીકી બદૌલત હે,
હરએક મઝમૂન મે મૌજે રવાં હે ઈલ્મો ઈરફાં કી, અયાં હર નૂરો ઝુલ્મત માહે હાદીકી બદૌલત હે,
નિગેહબાં હે યે બેશક હુરમતે કુરઆનો દાઅવત કા, હરએક અલવી કી ઈઝ્ઝત માહે હાદીકી બદૌલત હે,
દરખ્શાં ઈસમેં હે લાલો ગૌહર શરઓ તસવ્વુફ કા, અજબ હુસ્ને અકીદત માહે હાદીકી બદૌલત હે,
મુકાસિર માઝુનો રાસુલહુદુદ કી ફૈઝે નિસ્બત સે, શબાબે ઈલ્મો હિકમત માહે હાદીકી બદૌલત હે,
રિસાલા સૌ (૧૦૦) વાં જો શાયેઅ હુવા તો દિલ યે કેહ ઉઠા, મુબારક હો યે હદીયા માહે હાદીકી બદૌલત હે. ✯

# લોગોની કૈફીયત

આલે મોહમ્મદના અઈમ્મતે હોદાના સિલસિલાનાં ૮ માં ફાતેમી ઈમામ મૌલાના અહમદિલ મસ્તૂર (અ.સ.) જહાનનાં તમામ ઉલૂમો ફુનૂનને ઝાહિર કરતા ૫૨ (બાવન) રિસાલાઓ તસ્નીફ ફરમાવા છે. એક રિસાલામાં આપ ઈમામ આલી મકામ ઈમાન અને કુફ્રની તાઅરીફો વઝાહતમાં ફરમાવે છે કે, અય મારા ભાઈ! આ દુનિયામાં બુરો અને ખસ્તાહાલ એવા લોગોનો છે કે, જેઓ યૌમે હિસાબમાં ઈમાન રાખતા નથી. તેઓનાં અખલાક બુરા હોય છે, ઈબ્લીસ જેવી દિલમાં તકબ્બુરી હોય છે, આદમ (અ.સ.) ની ખતા જેવી હિરસ અને લાલાચ હોય છે અને કાબીલ લઈનની જુર્અત રાખે છે, જે તમામ ગુનાહોની જડ છે, અસલ છે. **અય મારા ભાઈ, દુનિયામાં આવીને લોગો બુરા-ભલા થાતા નથી.** તેઓના અખ્લાક તેઓની તબીઅતમાં સમાએલા હોય છે, જે તેઓના માંના પેટમાં તેઓની વિલાદતનાં વક્ત તેઓના જિસ્મની બાંધણી અને બંદિશના હિસાબથી અલગ પડી જાય છે. તેઓના જિસ્મોના મિઝાજમાં અદલાબદલીની વજેહ, તેઓની વિલાદતનાં વક્તની અસલો બુનિયાદમાં આસ્માની સિતારાઓની ચાલનાં ઈખ્તિલાફના સબબ હોય છે. તેથી કોઈ એક આદમીનો એક ખુલ્ક યા અનેક અખ્લાક જે ખુશગવાર યા નાગવાર હોય, તેની તબીઅત પર હોય છે.

જે રદ્દી બેકાર આદતોના સબબ ઈન્સાનના અખ્લાકમાં રદ્દીપણું ઝિયાદાહ થાય છે અને ઉમદહ આદતોના સબબ તેનાં અખ્લાક ખૂબ ખુશગવાર બને છે. આ તરઝ મુજબ જ ઈન્સાનની રાય, મઝહબ અને અકીદાઓની કૈફીયત છે. જે કોઈ શખ્સ તેના મઝહબ અને દીનમાં એમ રાય અને અકીદો રાખે કે, તેને વાસ્તે હરેક દુશ્મન મુખાલિફનુ ખૂંબહા કરવુ હલાલ છે, જેમાં યહૂદીઓ, ખારજીઓ અને તે લોગોની નસલ, જે અલ્લાહનો કુફ્ર કરે અને તાગૂત પર ઈમાન લાવે તે શામિલ છે, તો તેની આ રાય ખોખલી છે. લોગોમાં એવા પણ છે, જેઓ તેઓના દીનમાં એવી રાય અને અકીદો રાખે છે કે, હર કોઈ ઈન્સાન બની આદમમાંથી છે તો તેઓ પર રહેમત અને શફકત રાખવી જોઈએ, ગુનહેગારો પર રહમ રાખીને તેઓને મઆફ કરવા જોઈએ, નસીહત કરવી જોઈએ અને હર કોઈ હયવાન જેમાં જાન છે, તેના પર મહેરબાની કરવી જોઈએ. આ લોગોનો મઝહબ હર કોઈ વાસ્તે ઈસ્લાહ અને ખૈરખ્વાહીનો છે અને આ જ મઝહબ હમારા ભલા પરહૈઝગાર નૈકોકાર ઈમાનદાર ભાઈઓનો હોવો જોઈએ.

ઈમામ આલી મકામ આપના આ શોહરએ આફાક રસાઈલમાં બયાન ફરમાવે છે કે, ઈન્સાનનાં અખ્લાક તેના દીન પર મબ્ની છે અને દીનદારી, ઝબાન અને દિલ પર મબ્ની છે. જેના દિલ અને ઝબાન બરાબર છે, દુરસ્ત છે તે સલામત છે. અલ્લાહની બરકત અને હમેશગીની નેઅમતમાં છે અને અલ્લાહની મહેરબાની તેને પર હર હાલમાં હર લમ્હામાં હર મકાનમાં નાઝિલ થાય છે. **તે શખ્સ શોહદા, સિદ્દીકો અને સાલેહીનોની કૌમમાં શામિલ થાય છે.** આ સિફ્તના લોગો ઝમાનામાં મિલવા ઘણા મુશ્કિલ છે. ઈન્સાન એક બૈરોને પોતાના નિકાહમાં લાવતા પહેલા, ઝમીન ખરીદતા પહેલા અને સવારી ખરીદતા પહેલા ખોટા-સાચા સિક્કાઓની હકીકત જાણવાની જેમ જદ્દો કદ્દ કરે છે પછી જ અપનાવે છે, તેમ એને પર વાજિબ છે કે, તે દોસ્તોને પસંદ કરતી વક્ત પણ ઘણા એહતેયાતથી કામ લે અને બરાબર પરખીને તેની સંગતોસોહબત ઈખ્તેયાર કરે. અમારા દીનનાં ભલા ભાઈઓ પર લાઝિમ અને લાયક છે કે, તેઓ અગર કોઈને દોસ્ત-બિરાદર બનાવવા ચાહતા હોઈ અને એમ હાજત રાખે કે, દીને હક્કના લોગોની ચાલીસ ખસલત તેમાં હોવી જોઈએ. પછી ભલે તે એકમાં હોય યા કે ચાલીસ શખ્સોમાં હોય તેમની સોહબત કરીને ખસલત અપનાવી લેવી જોઈએ.

જેઓ દિલોને જોડનારા દીનદાર ભાઈ હોય તો તેને વાસ્તે એ વાત ઝરૂરી છે કે, તે કોઈ પણ શહેરમાં રહે અને એક નવા શખ્સને દોસ્ત બનાવવા અને ભાઈચારામાં શામિલ કરવા ચાહે તો પહેલા તેના તમામ હાલાતથી વાકેફ થાય, તેની પૂરેપૂરી ખબર નિકાલે, તેના અકીદા અને મઝહબના બારામાં પૂછતાછ કરે, જેથી એને તેની દોસ્તીમાં સલાહીયતનું, સાચી મહબ્બતનું અને ખરા ભાઈચારાનું યકીન થાય. કેમકે, લોગોમાં એવી જમાઅતો હોય છે કે, જેઓની તબીઅત બદલાતી રહે છે, તેઓના મિઝાજ અને સોચનું મીઝાન ડામકડોલ થાયા કરે છે, તેઓની રદ્દી અને બુરી આદત હોય છે અને તેઓનીચાલઢાલ બદ અને

(બકીયાહ પેજ નં. ૬૯ પર)

(પેજ નં. ૬૮ નું બાકી) **લોગોની કૈફીયત....**

સુલુક ઝાલેમાના હોય છે. આ ટોલાઓમાં એવા શખ્સો હોય છે કે, એક બુરો અને બીજો ભલો, નાશુક્રો અને શુક્રગુઝાર, હિદાયતયાફ્તા અને ગુમરાહ, નરમદિલ અને સખ્તદિલ, સખી અને બખીલ, બહાદુર અને ડરપોક, મોહિબ્બ અને બુગ્ઝવાલો, કનાઅતદાર અને અક્કડ, પાકદામન અને બદસીરત, સાબિર અને ફરિયાદકુન, સલીસ અને માથાભારે, રહેમદિલ અને ઝાલિમ, મહેરબાન અને મૂઝી, આકિલ અને અહમક, આલિમ અને જાહિલ, ચાહક અને દુશ્મન, મુવાફિક અને મુખાલિફ-મુનાફિક અને મુખ્લિસ, ખૈરખ્વાહ અને બદખ્વાહ, ઘમંડી અને ઝુકનારો, દુશ્મન અને દોસ્ત, મુમિન અને ઝિન્દીક, માઅરેફતવાલો અને ઈન્કારવાલો, પૈશ પૈશ રહેનાર અને પાછળ રહેનાર, આ શાકેલતનાં ખુશઅખ્લાક અને બદઅખ્લાકનાં લોગોમાંથી પોતાની તબીઅતથી મુવાફેકત રાખનારાઓની દોસ્તી જ કારગર થાય છે. સબબ કે, **નૈક દોસ્ત બાઝારમાં કસ્તૂરીના એક વેપારીની મિસિલ છે** કે, જો એ તમને ઈતર નહીં આપે તો તેની ખુશ્બૂ તમને ઝરૂર લાગશે. બદમિઝાજ સાથી તે લુહારની મિસિલ છે કે, જે કીરથી એની ભઠ્ઠીને હવા કરે છે, એ તમને એની આગની ચિંગારીઓથી જલાવી નહી દે પણ એની બદબૂનો તમને ઝરૂર એહસાસ થાશે. તેથી હુસ્ને ખુલ્ક અલ્લાહ તરફથી મુમિનને મિલેલી એક આદત છે, જે તમામ સઆદતો કરતા અફઝલ છે. અલ્લાહની બારગાહમાં દોઆ છે કે, તે મુમેનીનને તકવા સાથે હુસ્ને ખુલ્કની સઆદતથી માલામાલ કરે કે, જેના બદૌલત અમો એહલે જન્નતને સાથે જન્નતે આલીયહ અને દાનિયહમાં દાખિલ થઈ જઈએ. ★

----------

આલમે ઝુલ્મત મેં રોશન મશઅલે તન્વીર કર,
નામ મિસ્લે મહેર ચમકે ઐસી કુછ તદબીર કર,
લિબાસે પારસાઈ સે શરાફત આ નહીં સકતી,
શરાફત નફસ મેં હોગી તો ઈન્સાં પારસા હોગા,
હો અગર નિય્યત બુરી, અચ્છે અમલ બેકાર હે,
જાગતા હે ચોર ભી મિસ્લે નિગેહબાં રાતભર,
મસર્રત કી તમન્ના હે તો ગમકી ઈન્તેહા કરલે, કે
તારે ડૂબ કર કરતેં હૈં અન્વારે સહર પૈદા. ★

ઈમામ જાઅફરૂસ સાદિક (અ.સ.) ફરમાવે છે કે, અમારા શીઆઓ તે છે કે, જેઓ અલ્લાહમાં અને એના રસૂલમાં ઈમાન લાવે, એની તાઅતમાં અમલ કરે, નાફરમાનીથી પરહૈઝ કરે, જેનો અમેં હુકમ કરીએ અને જેની તરફ અમેં એને દાઅવત કરીએ, તો એ તેની ઈતાઅત કરે. અમારા શીઆઓ સૂરજ, ચાંદ અને સિતારાની ચાલ પર નઝર રાખે, જેથી મુકર્રર વક્ત પર નમાઝોને પાબંદીથી અદા કરી શકે. અમારા શીઆના હોંઠ સૂખા ફાટેલા હોય છે અને પેટ ખાલી હોય છે. તેઓના ચહેરા પર અલ્લાહની ઈબાદતગુઝારીના આસાર હોય છે. અમારા શીઆ તેઓ છે કે, બીજાના હક્કમાંથી તે હિસ્સો લેતા નથી, લોગોને તેઓ ગલત ન બતાવતા નથી. તેઓ તે ચીઝ લે જ નહીં કે, જે લેવાને લાયક ન હોય. ★

## ઈન્તેકાલ પુરમલાલ

✵ નામ : **ફખરૂદ્દીન હુસામુદ્દીન સૂરતી**
સરનામું : સૂરતી બિલ્ડીંગ, નાલબંધવાડા, વડોદરા.
તારીખ : ૨૬ સફર ૧૪૩૩ / ૨૦-૦૧-૨૦૧૨
ફોન : ૦૨૬૫-૨૫૬૧૦૩૧

✵ નામ : **હારૂનઅલી અકબરઅલી પાઘડીવાલા**
સરનામું : બદરી મહલ્લહ, વાડી, વડોદરા.
તારીખ : ૨૮ સફર ૧૪૩૩ / ૨૨-૦૧-૨૦૧૨
ફોન : ૯૪૨૯૩૧૨૦૦૭

✵ નામ : **રૂકય્યહબુ ફિદાઅલી ચોથીચાવાલા**
સરનામું : બયતુલ અમીર, જહાંગીરપુરા, વાડી, વડોદરા.
તારીખ : ૩ ર.અવ્વલ ૧૪૩૩ / ૨૬-૦૧-૨૦૧૨
ફોન : ૯૮૯૮૬૮૨૮૭૫

✵ નામ : **ઝુબૈદહબુ અકબરઅલી પેટીવાલા**
સરનામું : આબિદ એપા. આજવા રોડ, વડોદરા.
તારીખ : ૩ ર.અવ્વલ ૧૪૩૩ / ૨૬-૦૧-૨૦૧૨
ફોન : ૯૯૭૪૧૬૫૭૧૮

✵ નામ : **કીકાભાઈ અલીભાઈ કાચવાલા**
સરનામું : આણંદ
તારીખ : ૧૪ ર.અવ્વલ ૧૪૩૩ / ૦૬-૦૨-૨૦૧૨
ફોન : ૯૮૯૮૪૯૩૦૭૧ ★

## લખું છે મુમિન ની પહેચાનમાં......પઢો મૌલાના અલી (અ.સ.) ની ઝબાનમાં

મૌલાના અલી (અ.સ.) કે જે તમામ મુમેનીનના અમીર અને કમાંડર છે, આપના નૂરાની કલેમાતમાં મુમિનની પહેચાન અને સિફ્ત બયાન કરે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ) ની હદીસ છે કે, **ઈમાન તે હર તરહથી અમલ છે.** ફક્ત નમાઝની પાબંદી રાખવી , રોઝા રાખવા, સદકો આપવો યા સાચું બોલવું તે ઈમાન નથી, બલ્કે, ઈમાન તેને કહે છે, જે મુમિનના ઝાહિર અને બાતિનના હર અમલ માં નઝર આવે. સોસાયટીમાં, ઘરમાં, કારોબારમાં, દુકાન પર, જમાઅતમાં, રિશ્તેદારોને સાથે - હર તરફ ઈમાનની ઝલક એના અમલમાં નઝર આવે. એ હકીકી મુમિન છે અને એ ઈમાને કામિલવાલો છે. એક દીનદારની ઝિંદગીને સાથે ઈમાનની કઈ બીજી શરતો છે, જે મુમિનને માનવી જોઈએ તો જ એ મુમિન કહેવાય, એ તમામ શરતોને મૌલાના અલી (અ.સ.) બયાન કરે છે. મુમિન તેને જ કહેવાય કે.....

૧) જેનાથી બીજા મુમેનીન સલામતી મહેસૂસ કરે, યાઅની ઈઝા કે તકલીફ ન આપે, આંખથી, ઝબાનથી, દૌલતથી, હાથથી અને વર્તાવથી વગૈરહ.
૨) જેનું ઈમાન પુખ્તા હોય, મઝબૂત હોય અને શરીઅતની હકીકતો સમઝવામાં એની દિલચસ્પી હોય. હર અમલ નૈક નિય્યતથી કરે.
૩) જે એનું ધારેલું કામ કરવામાં યા મંઝિલ તરફ પહોંચવામાં પૂરી કોશિશ કરે અને હાર ન માને અને આખિર તક તમામ ચીઝો ઈન્સાફથી કરે.
૪) જે વક્ત એ દૌલતમંદ હોય તો તકબ્બુરી ન કરે અને ફકીર હોય તો સબર કરે.
૫) જે વક્ત એ તાકતવર હોય તો બીજાને મઆફ કરી દે અને મદદ કરે, ન કે એની મજબૂરીનો ફાયદો ઉઠાવે.
૬) જે હર વક્ત ઈલ્મ હાસિલ કરવાની કોશિશ કરતો રહે, જેથી શરીઅતના એહકામને બરાબર સમઝી શકે.
૭) જેની વાતચીતમાં નરમી હોય અને ચાલ-ચલનમાં સાદગી હોય.
૮) જે હર મુસીબતોનો સામનો સબર સાથે કરે અને નાસીપાસ ન થઈ જાય.
૯) જેની સોહબત અને દોસ્તી એના મિઝાજ અને તહેઝીબના સબબ લોગો પસંદ કરે અને ખુદ તકલીફ ઉઠાવીને બીજાને મદદ કરે.
૧૦) જે સાચા દિલથી બીજા સાથે દોસ્તી કરે અને એના વાઅદા અને મીઆદને નિભાવે.
૧૧) અગર કોઈ એની ગલતી યા ખતા બતાવે તો ગુસ્સો ન કરે. આમ પણ બગૈર કોઈ સબબ ગુસ્સો ન કરે.
૧૨) કોઈપણ ફૈસલો કરવામાં યા ઈન્સાફ કરવામાં કોઈની તરફદારી ન કરે.
૧૩) હર વક્ત મઝલૂમની મદદ કરે કે, જે કોઈ તકલીફમાં ગિરફ્તાર હોય.
૧૪) જે હર વક્ત પોતાની આમદ - પૈસા કમાવવાના ઝરીઆ ને પાક અને હલાલ રાખે.
૧૫) જે ગુસ્સાની હાલતમાં પણ બરાબર ઈન્સાફ કરે અને હર વક્ત દીનની હિમાયત વાસ્તે મદદ કરે.
૧૬) જે એના કારોબાર અને તિજારતમાં ભરોસેમંદ હોય અને વાઅદો પૂરો કરે અને ગૈર વાજિબ ચીઝોથી બચે.
૧૭) જે બીજાની ગૈરહાઝરીમાં એના હકકને સમઝે. તે હાલમાં પોતાની ઝાતથી કોઈ અહમ ફૈસલો ન લે, તનહાઈનો ફાયદો ન ઉઠાવે.
૧૮) જે સખાવત કરે અને દૌલતનો ખૈર ઈસ્તેમાલ કરે. દૌલતને ઝાયેઅ યા તેની ફુઝૂલખર્ચી ન કરે.
૧૯) જેનાથી હર મુમિનને એની મુસીબતના વક્ત મદદની ઉમ્મીદ હોય.
૨૦) જે બીજાના એહસાનને ન ભૂલે અને હર વક્ત એનો શુક્રગુઝાર રહે.
૨૧) જે વક્ત કોઈ મશ્વરો લેવા આવે તો એને સહી હિદાયત આપે.

(બકીયાહ પેજ નં. ૭૩ પર)

(પેજ નં. ૭૨ નું બાકી) લખું છે મુમિનની પહેચાનમાં....

૨૨) જે એવા શખ્સની હમેશા મદદ કરે કે, જેએ એની મુસીબતના વક્તમાં મદદ કીધી હોય.

૨૩) જે કોઈની મખ્ફી વાતને યા રાઝને બીજા લોગોમાં ઝાહિર ન કરે. ઈજાઝત બગૈર બીજાની રાઝની વાતોમાં દખલ ન કરે.

૨૪) જે બગાવત, જૂઠ અને હરામ કામોથી દૂર રહે.

૨૫) જે એવી જ ચીઝ બીજા સાથે કરે કે, જે પોતાના વાસ્તે મંઝૂર હોય - યાઅની એવી ચીઝ બીજાને ન કહે યા મશ્વરો ન આપે કે, જે ચીઝ પોતાની ઝાતે ન કરતો હોય. જે ચીઝમાં પોતાને વાસ્તે ખૈર જોઈ એવી જ ચીઝ બીજા વાસ્તે પણ કરે.

૨૬) જે હલાલના ઝરીઆ થી રોઝી કમાઈને સોસાયટીમાં ઈઝ્ઝત હાસિલ કરે.

૨૭) જે બીજાની વાતને ગૌરથી સાંભલે, ભલે ને તેમાં એનો કોઈ ફાયદો હોય કે ન હોય, પણ બીજાની વાતને રદ ન કરે.

૨૮) જે બદલો-ઈન્તેકામ લેવાનો ઈરાદો ન રાખે, એવા શખ્સને સાથે કે જેએ એના સાથે બુરો સુલૂક કીધો હોય.

૨૯) જે બીજાને મદદ કરીને એના પર એહસાન ન જતાવે.

૩૦) જે બેકસો-યતીમ ની હર તરહથી મદદ કરે અને જો યતીમ બચ્ચાઓ હોય તો એના સાથે બાપ જેવો સુલૂક કરે.

૩૧) જે માલમાં, વિરાસતમાં, રિશ્તેદારીમાં, યતીમો સાથે પૂરો ઈન્સાફ કરે. યતીમોનો હકક ન છીને.

૩૨) જે પોતાનાથી નીચેના સાથે નૈક સુલૂક કરે. ઝુલ્મ ન કરે. એની કમ્ઝોરી નો ફાયદો ન ઉઠાવે.

૩૩) જે પોતાના બુઝુર્ગો, આબાઓ-અજદાદ ના નૈક કિરદાર અને ચાલ-ચલનને અપનાવે અને પોતાના ખાનદાનનું નામ રૌશન કરે.

૩૪) જે પોતાના અખ્લાક, સુલૂક, ચાલ-ચલન ને એ મુજબ ઝીનત આપે કે, બીજા એનાથી સબક લે અને એની રહેબરી પસંદ કરે.

૩૫) જે ખૈર ચીઝોને ફક્ત દેખાવને વાસ્તે યા લોગોમાં મશ્હૂર થાવા ન કરે. ખૈર અમલ કરે તો નૈક નિય્યત અને સવાબના હૂસૂલ વાસ્તે કરે.

૩૬) જે શરમથી અને હિચકિચાહટથી ફૈઝ અને ખૈર કામોથી દૂર ન રહે.

૩૭) જે બીજાએ કીધેલા અમલ અને યા ફૈઝના કામો પર પોતાની નામવરી ન કરે. કોઈની મહેનત પર શોહરત ન કમાય.

૩૮) જેની કોઈ ચીઝમાં તકબ્બુરી, "હું" પણું, ગરઝ અને દેખાવ નઝર ન આવે.

૩૯) જેને દુનિયાની ચીઝો - જમન, દૌલત, બૈરો, શોહરતની લાલચ ન હોય. જે પોતાની દુન્યવી ખ્વાહેશાતને કાબૂમાં રાખે.

૪૦) જે હસદ અને બુગ્ઝ ન રાખે. કોઈની તરકકી યા કામિયાબી પર અદેખાઈ ન કરે.

૪૧) જે પોતાના ફૈસલા લેવામાં જલ્દબાઝી ન કરે. એના હર ફૈસલા બરાબર સોચી સમઝીને લે, જેથી પાછલથી પસ્તાય નહીં.

૪૨) જે બીજાને નીચા પાડવા ને વાસ્તે પેંતરા ન બનાવે અને તેમાં વક્ત ઝાયેઅ ન કરે, મગર પોતાની ઝાતને સુધારવા વાસ્તે વક્ત બસર કરે.

૪૩) જે કોઈની બુરી યા ભલી વાત એની પીઠ પાછલ ન કરે. દિલનો સાફ રહે અને જે હોય તે એની હાઝરીમાં વાત કરે.

૪૪) જે એકલો, તન્હા રહેવાનું પસંદ કરે મગર એના તકબ્બુરને લીધે નહીં. પણ જો લોગોને સાથે રહે તો ધોકો આપવા વાસ્તે નહીં. ★

## " ઉપર રખ "

તખય્યુલાત સે દિલ કી ઉડાન ઉપર રખ, ઝમીં રહે ન રહે આસમાન ઉપર રખ.
અમલ કે કબ્ઝે મેં મુઝમિર હે રાહે ખુશહાલી, હર એક નશાં સે અમલ કા નશાન ઉપર રખ.
તુઝે બિસાતે ફલક પર શિગાફ કરના હે, તું અપની ફિક્ર કે તીરો કમાન ઉપર રખ.
તમામ કૌમ મેં અમ્નો અમાન હો જિસ સે, વો હલ તલાશ ન કર અપની શાન ઉપર રખ.
સુની સુનાઈ સે દેખી હઝાર બહેતર હે, કભી ન આંખ સે તું અપને કાન ઉપર રખ.
બડી તવીલ હે રાહે હયાત સુન "અલવી", કડી હે ધૂપ કોઈ સાયેબાન ઉપર રખ. ★

## લફ્ઝી કશ-મ-કશ

**☀ ઉભી તરકીબ :**

૧) ______ તૌરથી વુઝૂ કરવી, ઈમાનની હકીકતોમાંથી છે. (૩)

૨) ______ એ મહબ્બતે અહલેબૈત (અ.સ.), મુમેનીનને નજાતના કાંઠે પહોંચાવશે. (૩)

૩) ઈલ્મની ______ તેને ફેલાવવું છે. (૩)

૪) ______ નું ઝોર, ઝબાનના ઝોર કરતા ઝિયાદહ છે. (૩)

૫) નેક સમઝ ઈન્સાનના અકલની ______ છે. (૩)

૬) શરીઅતના ______ માં દાખિલ થાવું હોય તો મૌ.અલી (અ.સ.) ની માઅરેફતની ઝરૂરત પડશે. (૩)

**☀ આડી તરકીબ :**

૭) હિન્દુસ્તાનના દોઆતની તરબીયત ______ ના દોઆતે કીધી. (૩)

૮) સહી ______ ને લોગોએ માની હોત તો ઉમ્મતમાં ઈખ્તેલાફ ન થાત. (૩)

૯) સૂરતુત્તકાસુરમાં છે કે, યૌમે કયામત તેમને ______ નો સવાલ કરવામાં આવશે. (૩)

૧૦) ______ કરનાર શખ્સની નઝરમાં શરમ હોતી નથી. (૩)

૧૧) "ઝિયા" સૂરજ (શમ્અ) થી છે, પણ "નૂર" ______ થી છે. (૩)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૭ | મ | | | |
| | | ૮ | દી | | | |
| ૧ | ૨ | ૩ | ન | ૪ | ૫ | ૬ |
| મિ | શ્ | કા | તુ | લ | હા | દી |
| | | | લ | | | |
| | | ૯ | ઈ | | | |
| | | ૧૦ | લ | | | |
| | | ૧૧ | મ | | | |

**ગયા શુમારાનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ન | | |
| | હ | સ | ન | |
| ખા | સ | ╳ | જિ | ન |
| | દ | ર | સ | |
| | | ઝા | | |

મિશ્કાતુલ હાદીના ૧૦૦ માં શુમારાની માયએ નાઝ ઈશાઅતના સાથે લફ્ઝી કશ-મ-કશ એક નિરાલા અંદાઝમાં પૈશ કરવામાં આવું છે. મહીનાઓથી કારેઈન આ દિલચસ્પ કોલમને, આ અખ્બાર પોતાના હાથમાં આવતા ને સાથે જ જલ્દીથી ભરી દે છે. કારેઈનને ખબર છે કે, મુખ્તલિફ સવાલોને કયા તૌર તરીકાથી ભરાય છે, લેહાઝા યહાં પર બે અલ્ફાઝ "મિશ્કાતુલ હાદી" અને "મદીનતુલ ઈલ્મ" આપેલા છે. આ બેવે લફ્ઝોના અલગ-અલગ હરફો સાથે ત્રણ હરફી લફ્ઝોથી જોડાયેલા છે. સવાલોના નંબરો જોઈને ઉભી કે આડી તરકીબ બનાવવાની છે.

જુમાદિલ ઉલા મહીનાની પહેલી તારીખ પહેલા કારેઈન હમારા એડ્રેસ યા email પર સહી જવાબો સાથે પોતાનું નામ, એડ્રેસ અને મોબાઈલ નંબર લખી મોકલી આપે. જેના સહી જવાબો હશે, તેનો ડ્રો કરવામાં આવશે અને જે શખ્સનું નસીબ ઝોર મારશે તે ખુશ-કિસ્મતને નફીસ હદીયો ઈનાયત કરવામાં આવશે. તેનું નામ હમેં જુમાદિલ ઉખરાના શુમારામાં ઝાહિર કરીશું. ✪

☀ ગયા શુમારાનો સહી જવાબ આપનાર : **ઇલ્યાસભાઇ મીયાંભાઇ મરચાવાલા.** ✪

## મુકદ્દર ઉનકા જાગ ઉઠા જો ઈસકો પઢનેવાલા હે

બ ફઝલે હક્ક અલ-હાદી કા જહાઁ મેં બોલબાલા હે, ઉજાલા ઈસસે દાઅવતમેં હમેશા રહેનેવાલા હે,
બના હે મરકઝે મિલ્લત યે હાદી હક્કકી દાઅવત કા, યહીં કી જલ્વાપાશી સે ઝમાને મેં ઉજાલા હે,
જનાબે હઝરતે તૈયબ ઝિયાઉદ્દીં જો હાદી હૈં, યે હે નાઈબ અલી કે અઝમ હી ઈનકા નિરાલા હે,
ખુલૂસે ઝિંદગી - ખિદમત કા જઝબા - શુક્ર કા પૈકર, ચરાગે ઈલ્મ હે ઈનસે જમાઅત મે ઉજાલા હે,
મુઆવિન ઈનકે હૈં માઝૂન - મુકાસિર ઔર હકીમુદ્દીં, કરમ હે મુસ્તફા કા મહેરબાં ખુદ હક્કતઆલા હે,
મઝામીં કી ઈન્હીં તીનોં કી ઈસમેં ખુશબયાની સે, દિલોંમેં રોશની ઈમાં કી આંખોંમેં ઉજાલા હે,
મસાઈ બાર આવર હે અમલ કા બોલબાલા હે, મુકદ્દર ઉનકા જાગ ઉઠા જો ઈસકો પઢનેવાલા હે,
ખુદા રખે અલ-હાદી કો કયામત તક યૂં હી રોશન, પઢા ઈસકો ઉસે ઈમાન કે સાંચે મેં ઢાલા હે,
હમારે દાઈએ હક્ક કો શિફા યા રબ અતા ફરમાં, હમારી યે દોઆ સુન લે તું સબકી સુનનેવાલા હે. ✪

**કોઈ શખ્સ નાની મુસીબતોને મોટી સમઝે, તો અલ્લાહ એને મોટી આફતોમાં મુબ્તેલા કરે છે.**
**Whoever regards small distresses as big, Allaah involves him in big ones.**

## જમાઅતની મુખ્તલિફ અંજુમનો અને તેઓની ખિદમત પર સરસરી નઝર

✵ મદ્રસએ અંજુમને તૈયેબી - મદ્રસએ તૈયેબીયહ : બદરી મોહલ્લા અને આજવા રોડ પર નૌનિહાલ બચ્ચાઓની તદરીસો તાઅલીમ - હર રોઝ બે વક્ત સવારે અને બપોરે તેમજ સ્પેશિયલ વકતમાં અઠવાડિયામાં ૩ દિવસ મદ્રસો - ઝિયારત ટુર્સ અને દીની કવીઝનો ઈન્તેઝામ.

✵ અંજુમને હિઝબુલ ઈમાન : મોહર્રમ અને શહરૂલ્લાહમાં મસ્જિદની ઝીનત અને ફરશનો ઈન્તેઝામ - પૂરૂં સાલ મસ્જિદનો રખરખાઉ અને નમાઝીઓની સુહૂલતની ઝિમ્મેદારી.

✵ અંજુમને અઝાએ હુસૈન (અ.સ.) : અહલુલ બૈત (અ.સ.), દોઆતે અકરમીન (આ.કુ.) તેમજ મવાલીએ તાહેરીન (રિ.અ.) ના ઉર્સની મજલિસનો ઈન્તેઝામ.

✵ અંજુમને ખુદ્દામે ફખરી : બુસ્તાને બદરીની ઝીનત વાસ્તે તદબીર - વડોદરાના દોઆતે કિરામ (આ.કુ.) ના શબે ઉર્સની મજલિસ વાસ્તે તઆમો ઈકરામનો બંદોબસ્ત - શાદીના મૌકા પર આબો, સહેરો, સેલૂ, બાઝૂબંદનો બંદોબસ્ત.

✵ પંજતની ટ્રસ્ટ : સ્કૂલી બચ્ચાઓ વાસ્તે નોટબુકોનુ વિતરણ - બૈરો વાસ્તે ઝિયારત ટૂર.

✵ અલ-કાસિમ ટ્રસ્ટ : સ્કૂલી બચ્ચાઓ વાસ્તે ટેક્ષટબુકો (ચોપડીઓ) નુ વિતરણ.

✵ અલવી પબ્લીક રીલીફ ટ્રસ્ટ : રાહત દવાખાનુ , બદરી મોહલ્લા અને આજવા રોડ પર - દવાઓ અને મેડીકલ સહાય - બચ્ચાઓની ફી સ્કૂલીંગ વાસ્તે બંદોબસ્ત - ઝરૂરતમંદ મુમેનીનને અનાજની તકસીમ.

✵ અંજુમને હિઝબે હાતેમી (આજવા રોડ) : અહલુલ બૈત (અ.સ.) ના ઉર્સ ના તઆમો ઈકરામનો બંદોબસ્ત અને મસ્જિદની ઝીનત વાસ્તે કોશિશ.

✵ અંજુમને હિઝબે મોઅય્યદી : શહરૂલ્લાહમાં નિસ્ફિલ્લૈલના વક્ત બદરી મોહલ્લા-નૂરાની મસ્જિદના નમાઝીઓ વાસ્તે ચ્હાનો ઈન્તેઝામ - કબ્રસ્તાનને ઝીનત આપવા કોશિશ.

✵ અંજુમને ગઝનફરી : ફખરી મોહલ્લાના મુમેનીન વાસ્તે અહલુલ બૈત (અ.સ.) ના ઉર્સ વાસ્તે તઆમો ઈકરામનો ઈન્તેઝામ.

✵ અંજુમને ઝૈની : મૌ. ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ના ઉર્સ વાસ્તે પૂરી જમાઅતના તઆમો ઈકરામનો બંદોબસ્ત.

✵ અંજુમને અલી : મોહર્રમુલ હરામમાં કોઈ એક દિન નિયાઝે હુસૈન (અ.સ.) નું પૂરી જમાઅત વાસ્તે તઆમો ઈકરામ.

✵ અંજુમને ફૈઝે હકીમી : હાજતમંદ મુમેનીનના ઘરોમાં બપોરના જમનના ટીફીનનો બંદોબસ્ત.

✵ અંજુમને અબ્બાસી : શહરૂલ્લાહમાં નિસ્ફિલ્લૈલના વક્ત આજવા રોડ -તૈયબી મસ્જિદના નમાઝીઓ વાસ્તે ચ્હાનો ઈન્તેઝામ.

✵ અંજુમને અબ્બાસી (મુંબઈ) : શહરૂલ્લાહમાં મુમેનીનની રોઝા ઈફ્તારી વાસ્તે દૂધ-શરબત અને નિસ્ફિલ્લૈલમાં ચ્હાનો ઝેનીથ હોલ પર બંદોબસ્ત.

✵ અંજુમને હિઝબે હાતેમી (મુંબઈ) : ઝેનીથ હોલ પર નમાઝીઓ વાસ્તે ફરશનો ઈન્તેઝામ - વરલી પર બદરી મસ્જિદની તાઅમીરની ઝિમ્મેદારી.

✵ અંજુમને તન્ઝીમે મિલ્લતે તૈયેબહ : મુમેનાતને લગતી ખિદમતો - તસ્હીલે નિસ્બત વાસ્તે પ્રોગ્રામ.

✵ અંજુમને બુનૈયાતે તૈયેબીયહ : મુમેનાત વાસ્તે અહલુલ બૈત (અ.સ.) ના ઉર્સનો બંદોબસ્ત.

✵ અલવી યૂથ એસોશીએશન : સ્કૂલી બચ્ચાઓ વાસ્તે કવીઝ - પ્રી-બોર્ડ પરિક્ષા નો બંદોબસ્ત - અલવી લાયબ્રેરીના નિઝામ વાસ્તે તદબીર.

(બકીયાહ પેજ નં. ૭૯ પર)

(પેજ નં. ૭૮ નું બાકી) **જમાઅતની મુખ્તલિફ અંજુમનો....**

✵ હુસૈની ટ્રસ્ટ : ઝરૂરતમંદ મુમેનીનને અનાજ અને કંબલ તકસીમ કરવાનો બંદોબસ્ત - મેડીકલ કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન - અલવી બોહરા ટેલીફોન ડીરેક્ટરીની ઈશાઅત.

✵ અંજુમને નૂરાની (મુંબઈ) : સૂરતમાં સૈયેદના નૂરૂદ્દીન સાહબ (આ.કુ.) ના ઉર્સના મૌકા પર મુખ્તલિફ ફ્લેવરના શરબતો અને પીણાઓનો ઈન્તેઝામ.

✵ રોયલ યૂથ ટ્રસ્ટ : સ્કૂલ યા કોલેજમાં તાઅલીમ લેતા બચ્ચાઓ વાસ્તે ઈન્આમ વિતરણ - કરિયર ગાઈડન્સ - પ્રી-બોર્ડ પરિક્ષા

✵ મૈયેત કમીટી : કબર ખોદાવવાથી લઈને ઈન્તેકાલ કરનારના કફન-દફનનો તમામ ઈન્તેઝામ.

આ સિવાય જમાઅતમાં બચ્ચાઓની અને જવાનોની ઘણી અંજુમનો છે, જે મોહર્રમમાં ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતની યાદમાં સબીલ આરાસ્તા કરે છે, મુખ્તલિફ ઈલાકાઓમાં નિયાઝના તઆમો ઈકરામ કરે છે, શહરૂલ્લાહમાં મુમેનીનની સહેરી યા ઈફ્તારીની ખિદમત કરે છે, તે તમામની ખિદમતોને હમેં યાદ કરીએ છીએ. આ તમામ કમીટીઓ યા અંજુમનો પોતાના બલ પર, ઝાતે ઉઘરાણું કરીને મહેનત-મશક્કત ઉચકીને કારે ખૈર અંજામ આપે છે. મિશ્કાતુલ હાદી આ અંજુમનોના તમામ અરાકીનોની હોંસલા-અફઝાઈ કરે છે, ખિદમતને આવકારે છે અને અલ્લાહતઆલાથી તે સઘલાની તરક્કી વાસ્તે ભલી દોઆઓ કરે છે. ✯

## કૌમ

*હમ અગર સંવરેં, સંવર જાયેગી કિસ્મત કૌમ કી, દિલ વો ક્યા દિલ હે ન હો જિસ દિલમેં ઉલ્ફત કૌમ કી,*
*તું કહીં ભી હો સદા રખ કૌમો મિલ્લતકા ખયાલ, કૌમ કે અય નવજવાં કર દિલસે ખિદમત કૌમ કી.*
*મશવરા અપના યે હે ઉઠ અય જવાં ચલ રાહ નૈક, તું હે ખાદિમ કૌમ કા ઔર હે અમાનત કૌમ કી.* ✯

## કલામ

શીરીં કલામ અને ખુશૂઅ (નમ્રતા) એ ઈન્સાનના ઝૈવર છે.
સબર, ઈન્સાનને સંજીદહ અને પુખ્તા બનાવે છે.
મોટામાં મોટું સુખ કનાઅત (સંતોષ) છે.
હું બેખૌફ છું, કેમ કે, મારી ઝિંદગીની દોરી ખુદા તરફ જાનાર ખુદાના દાઈના હાથમાં છે.
સચ્ચાઈ એ મોટામાં મોટી હિમ્મત છે.
નસીબ એ બંધ તીજોરી છે અને મહેનત તેની ચાવી છે.
મદ્રસો, બચ્ચાના મુસ્તકબિલની પહેલી મંઝિલ છે. ઉસ્તાદ તેની બુનિયાદ છે.
વકતની કસોટી પર જ ઈન્સાનના ભલા-બુરાની ખબર પડે છે.
સુખડ કરતા સલામ વધારે ઠંડો અને કરારબખ્શ છે.
ભૂલનો હરગિઝ બચાવ ન કરશો, નહીં તો ભૂલને છુપાવવાની ભૂલ કરી બેસશો.
નૈક સોહબત, નૈક આદત, નૈક નિય્યત એ કામિયાબીના મિનારા છે.
શૌક અને ઝરૂરતનો ભેદ પારખે, તે કદી પણ દુઃખી ન બને.
ફર્ઝ અદા કરવા બરાબર કોઈ બીજું અહમ કામ નથી.
તમારાથી બહુ નઝદીક મૌત છે અને ઘણી દૂર ઉમ્મીદ છે.
દેવું એ ફિકરની તાબેદારી છે અને ચુકવવું એ આઝાદીની ખુશી. ✯

## ઝિંદગી

| | | |
|---|---|---|
| ઝિંદગી ચેલેન્જ (Challenge) છે | → | તેને કુબૂલ કરીને સચ્ચાઈથી જીતો. |
| ઝિંદગી સ્ટ્રગલ (Struggle) છે | → | તેનાથી શીખ લઈને બહેતર બનો. |
| ઝિંદગી એડવેન્ચર (Adventure) છે | → | તેને હિંમતથી જીતો. |
| ઝિંદગી ટ્રેજડી (Tragedy) છે | → | હોંસલાથી તેનો સામનો કરો. |
| ઝિંદગી ડયુટી (Duty) છે | → | સબર કરીને તેને નિભાવો. |
| ઝિંદગી રમત (Play) છે | → | દિમાગથી ગોઠવીને રમો. |
| ઝિંદગી મિસ્ટ્રી (Mystery) છે | → | તેને જાદુના જેમ ભુલ-ભરી આંખથી ન જુઓ. |
| ઝિંદગી બ્લીસ (Bliss) છે | → | ખુશીથી લઝઝતદાર બનાવો. |
| ઝિંદગી નગમો (Poem) છે | → | ખુશીથી ગાવો (ગુનગુનાવો). |
| ઝિંદગી સપનુ (Dream) છે | → | હકીકતની નઝરથી જુઓ. |
| ઝિંદગી સોનેરી તક (Golden Opportunity) છે | → | તેને ચુકશો નહીં |
| ઝિંદગી સફર (Journey) છે | → | મશક્કત ઉચકી અને ફરઝ સમઝીને પૂરી કરો. |
| ઝિંદગી પ્યાર (Love) છે | → | મહબ્બતથી જીવો. |
| ઝિંદગી ખુબસૂરત (Beautiful) છે | → | ખુદાએ આપેલા અન્મોલ ઈન્આમને ગનીમત જાણો. |
| ઝિંદગી ગુરૂર (Deception) છે | → | સાવધાન થઈને ધોકાથી દૂર રહો. |
| ઝિંદગી દુ:ખ (Sadness) છે | → | આવો! હમેશા ખુશ રહી ગમને દૂર કરીએ. |
| ઝિંદગી વાઅદો (Promise) છે | → | ઈમાનદારી અને દીનદારીથી વફા કરો. ☆ |

## અરે! પૈસો જ બધું છે! .... ગલત .... ઝરા સોચો

| | | |
|---|---|---|
| પૈસાથી પથારી ખરીદી શકાય છે | - | ઊંઘ નહીં |
| પૈસાથી જમન ખરીદી શકાય છે | - | લઝ્ઝત નહીં |
| પૈસાથી ચશ્મા ખરીદી શકાય છે | - | આંખોની રોશની નહીં |
| પૈસાથી નોકર ખરીદી શકાય છે | - | વફાદારી નહીં |
| પૈસાથી દવા ખરીદી શકાય છે | - | તંદુરસ્તી નહીં |
| પૈસાથી કિતાબ ખરીદી શકાય છે | - | ઈલ્મ નહીં |
| પૈસાથી મેકઅપનો સામાન ખરીદી શકાય છે | - | ખૂબસૂરતી નહીં |
| પૈસાથી કલમ ખરીદી શકાય છે | - | વિચાર નહીં |
| પૈસાથી હથિયાર ખરીદી શકાય છે | - | અંજામે જંગ નહીં |
| પૈસાથી સામાને રાહત ખરીદી શકાય છે | - | સુકૂન નહીં |
| પૈસાથી મકાન ખરીદી શકાય છે | - | ઘર નહીં |
| પૈસાથી ટીચર ખરીદી શકાય છે | - | હુશિયારી નહીં |
| પૈસાથી મસલ્લા ખરીદી શકાય છે | - | ઈબાદત નહીં |
| પૈસાથી જૂતા ખરીદી શકાય છે | - | સાબિતકદમી નહીં |
| પૈસાથી હદીયા ખરીદી શકાય છે | - | મહબ્બત નહીં ☆ |

## ખ્વાહેશાત અને નેઅમત

ઝમાનએ હાલમાં એક આઅલા, રાહતઆમેઝ, સુકૂનો ઈત્મેનાનની ઝિંદગી બસર કરવા બંદગાને ખુદા તેની ઝિંદગીની ઝરૂરીયાતો અને તકાઝાઓનો પૂરેપૂરો ખ્યાલ રાખે છે. આજનો વક્ત બહુમાલી મકાન, ફ્લેટો, સ્યૂટ, બંગલાઓ અને વિલાઓ બનાવીને રહેવાનો છે. સમાજમાં ઈઝઝતદાર બનવા વાસ્તે હર શખ્સ તેની રેહાઈશને અફઝલ, દિલકશ અને તેને અંદરના અસબાબે રાહતો ઈસ્તેરાહતનો એહતેમામ કરવામાં કોઈ કસર છોડતો નથી. તમામ અસબાબ TipTop અને electronic હોવા જોઈએ. મશ્હૂર international company ના modern, new version, latest design, make, shape, pattern ના હોય એવો એનો ઈસરાર હોય છે. આ મતાઓ આલાત ખરીદ કરવા પૈસાની કોઈ બંદિશ કે હદ મુકર્રર કરતો નથી. **"જે લેટેસ્ટ હોય તે બતાઓ"**. આ જુમ્લો એની ઝબાન પર આમ થઈ જાય છે. હજુ માર્કેટમાં હમણાં જ આવું હોય અને લોગોએ ખરીદ ન કીધું હોય તેવું હોવું ઝરૂરી છે. PlasmaTV એટલુ તો કીમતી ખરીદે છે કે, તેની કીમતમાં Tata Nano ઘરને બહાર ઉભી થઈ જાય. કીમતનો કોઈ હમગમ નથી. Latest choice ૧૫ દિન બાદ પણ મિલશે તો ચાલશે. હવે ૪-૫ લાખની મોટરકાર કોઈના ઝહેનમાં આવતી નથી. Wolkswagen કારની પસંદગીમાં ખરીદાર ખચકાતો નથી. મને તો મારૂં Social status સાચવવાનું છે કે, સમાજમાં મારૂં નામ-ઈઝઝત સચવાય કે, **"I am something."** આ ઝહેનીયત નાના-મોટા, બુઝુર્ગો-જવાન કે માં-દીકરીઓની થઈ ગઈ છે. મોંઘવારીનું નામ ફક્ત ઝબાન પર છે, જૈબ પર મોંઘવારીની ચૈન ચાલતી નથી. હુસૂલે દુનિયા અને તલબે મઆશો ઈશરત વાસ્તે હર શખ્સ તદબીરકુન, બલ્કે એના દિમાગ પર જુનૂન છવાયેલો છે. તે એમ સમઝે છે કે, દુન્યવી ઝિંદગીમાં હુસૂલે દૌલતો સરવત અને એના સબબ હુસૂલે શોહરતો નામવરી જ એની ઝિંદગીનો ઐન મકસદ છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, જે કોઈ દુનિયાનો હિસ્સો તલબ કરશે, તો હમેં ઝરૂર એને આપી દઈશું. પણ, પછી આખેરતની ઝિંદગીમાં એના વાસ્તે કોઈ હિસ્સો યા નસીબ બાકી નહી રહે. એક દીગર આયતમાં ઈરશાદે ખુદાવંદી થાય છે કે, જે કોઈ દુનિયાની ઝીનતનો તલબગાર છે તેને હમેં એના તમામ નૈક આઅમાલની જઝાના રૂએ એને ઐશો આરામ અતા કરી દઈએ છીએ, તો પછી એના વાસ્તે આખેરતમાં નજાત યા દરજએ આઅલા હાસિલ કરવાનો કોઈ ઝાદ અને તૌશો બાકી રહેતો નથી.

સવાલ એ થાય છે કે, દુનિયા સઁવારવા અને સીંચવા વાસ્તે એક બંદએ ખુદા એડી ચોટીનું ઝોર લગાવે છે. દિલપસંદ તેમજ ખ્વાહેશાતે જિસ્માની વાસ્તે ઉમદામાં ઉમદા વસીલાઓ કામે લગાવે છે. તો શું એ આખેરતની અબદી હયાત વાસ્તે જે આઅમાલે સાલેહાત કામ આવે એ જમાઅ કરવા વાસ્તે કેટલી તદબીરો કોશિશ કરે છે? એમાં એની પસંદ કે નાપસંદનો ખ્યાલ રાખે છે? જવાબ એ છે કે, અલ્લાહ તબારકોહુ વ તઆલાએ ઈન્સાનને પૈદા કીધો છે, જે અધૂરો છે, નાકિસ છે, કાસિર છે. એ જિસ્મો નફ્સનાં એતેબારથી કામિલ થાય, તે વાસ્તે અલ્લાહે ખત્મુલ મુરસલીન નબીયુલ્લાહ મહંમદુર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને રસૂલ બનાવીને મોકલા અને તમામ શરીઅતોથી બહેતર અને અફઝલ શરીઅત આપી. **અલ્લાહતઆલાએ એના બંદાઓ વાસ્તે કામિલ અને દીને તમામ આપ્યું,** જે તેના પર ચાલનાર (અધૂરા ઈન્સાનને) ને કામિલ કરી શકે અને દુનિયામાં આવવાનો એનો મકસદ પૂરો થાય. અલ્લાહે દીને ઈસ્લામ પસંદ કીધું, જેના પર ચાલવાનો હુકુમ લોગોને પણ કીધો. આમ, ઈસ્લામ તમામ દીનોનું જામેઅ અને કામિલ છે. બની આદમને તન્બીહ કીધી કે, અગર કોઈ ઈસ્લામ સિવાયના દીનને પસંદ કરશે તો અલ્લાહતઆલા એ કુબૂલ નહીં કરે. એના તમામ આઅમાલ ઝાયેઅ જાશે. જિસ્મની ઝૈબો ઝીનત વાસ્તે ઈન્સાન જમન અને કપડાને પસંદ કરે છે. પણ આખેરત વાસ્તે અલ્લાહતઆલાએ એનો ઈખ્તેયાર પોતાના કબ્ઝા અને કાબૂમાં રાખેલો છે. એમાં ઈન્સાનની દખલગીરી અને ક્યાસને કોઈ જગા નથી. અલ્લાહ બહેતર જાણે છે કે, તેની રિસાલત અને નુબૂવત કઈ હૈસીયતથી લોગોમાં કાઈમ કરે. તો બંદગાને ખુદાને વાસ્તે આ જ દીન બહેતર છે અને એની તબાઅત અને પાબંદીથી જ ઈન્સાનની નજાત અને છૂટકારો છે, એમાં કોઈ શક નથી! જિસ્મ ઝાહિરમાં દેખાય છે, તેથી તેને વાસ્તે દુનિયા છે અને નફ્સ-જાન આંખે દેખાતો નથી, તેથી તેને વાસ્તે આખેરતની નેઅમત છે, જે પણ આંખે દેખાતી નથી. આકિલો વાસ્તે ઈશારો કાફી છે. ★

## ઈખ્લાસ

નેક અમલ ઈન્સાનને બલંદી આપે છે. નેક અમલ ઘણા છે અને તેનો સીધો તઅલ્લુક જ દિલની સાચી નિય્યત અને ઈખ્લાસ સાથે હોય છે. દાઅવતે હાદીયહનાં અમ્નો અમાનનાં હરમમાં જે દાખિલ થયેલા છે, તેઓને એવો અકીદો રાખવો જોઈએ કે, કોઈ પણ અમલ નિય્યતનાં ઈખ્લાસ બગૈર અલ્લાહ કુબૂલ કરતો નથી. જે પણ નેક અમલ કે જેમાં ઝાહિરી દેખાવ, ધોકો, ફરેબ, શોહરત-તલબી, ડર, દુન્યવી હિરસ, શૈખી અને તુમાખી, ગુરૂર, જાહ-તલબી વગૈરહ શામિલ હોય તો તે અમલ હર હાલમાં રદ થાય છે, બલ્કે, આ તો એક તરહનું શિર્ક છે અને તે પર અમલ કરનાર મુશ્રિક છે. નબીએ અકરમ રસૂલે આઅઝમ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"મારી ઉમ્મતમાં શિર્ક ઘનઘોર રાતમાં કાલા પત્થર પર કાલી કીડીની ચાલ કરતા પણ ઝિયાદહ છુપેલો છે."** યાઅની કે, શરીઅતના કોઈ પણ અમલમાં નિય્યતનાં ખુલૂસ સિવાય ઉપર થયેલી વાતોમાંથી કોઈ પણ વાત દિલમાં આવે, તે શિર્ક છે. એનાથી ઈબાદત ખરાબ થાય છે, બેઅસર થાય છે. તેથી જ આપે કલેમએ તૌહીદની એક આઅલા કિસ્મ કાઈમ કીધી અને ફરમાવું કે, **"મન કાલા લા ઈલાહ ઈલ્લલ્લાહ મુખ્લેસન દખલલ જન્નહ."** યાઅની કે, **જે શખ્સે ઈખ્લાસથી અલ્લાહની તૌહીદ કીધી તે જન્નતમાં દાખિલ થઈ ગયો.** તૌહીદમાં ઈખ્લાસ તે ફક્ત અલ્લાહને જ એક અને એકલો માનવું નથી, પણ જે ઝમાનામાં નબી, વસી, ઈમામ યા દાઈને તેના મકામમાં એક જ માનવું પણ છે.

એક મૌકા પર રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અલ્લાહની ઈબાદત કરવાવાલાઓ ત્રણ કિસ્મના હોય છે: (૧) એ કે જે અલ્લાહથી કોઈ ઈન્આમ યા સવાબની ઉમ્મીદ પર ઈબાદત કરે અને આ આઝાદાના લોગોની ઈબાદત છે. (૨) એ કે જે અલ્લાહના અઝાબ અને આખેરતમાં એના અંજામથી ખૌફ રાખીને ઈબાદત કરે અને આ ગુલામોની ઈબાદત છે. (૩) એ કે જે લે વજહિલ્લાહ - અલ્લાહની મહબ્બત વાસ્તે અને એનો હુકમ બજા લાવવા વાસ્તે જ ઈબાદત કરે, જેમાં એનો સવાબ યા અઝાબનો તસવ્વુર હોતો નથી. એને ન તો જન્નતની ખ્વાહિશ હોય છે ન જહન્નમનો ખૌફ. આ જ સહીહતર અને ખાલિસ-બેલૌસ ઈબાદત છે, જે ફક્ત અહલે હકક જ કરે છે. ખોટો દેખાવ, ખૌફ, મન્સબ-તલબી વગૈરહ વાસ્તે ઈબાદત કરવાવાલાઓને મુતઅલ્લિક નબીયુલ્લાહ (સ.અ.વ.વ.) થી તન્બીહ આવેલી છે કે, કેટલાક એવા રોઝદાર છે કે, જેઓ શહરૂલ્લાહના ફરઝનાં તેમજ નાફેલતનાં રોઝા કરે છે, પણ તેઓને ભૂખ અને પ્યાસ બરદાશ્ત કરવાના સવાબ સિવાય કોઈ ફાયદો હાસિલ થાશે નહીં અને કેટલાક એવા નમાઝી છે કે, જેઓની નમાઝ ઉઠક-બેઠક, જિસ્માની વરઝિશ અને વક્ત બસરી થી મઝીદ કંઈ જ નથી.

અલ્લાહતઆલા બંદાઓની હર નિય્યતોથી વાકિફ છે અને હરેકને નિય્યત મુતાબિક સવાબો અજર અતા કરે છે. તેથી ઈખ્લાસ બગૈર અમલ કરવાવાલાને દિલમાં એહસાસ હોવો જોઈએ કે, એના હર અમલ બેકાર થઈ રહ્યા છે અને એની ઝહેમત અને મશકકતનો એને કોઈ જ ફાયદો હાસિલ થાનાર નથી. તેથી અલ્લાહતઆલા સૂરતુલ બૈયેનહમાં ફરમાવે છે કે, **"તેઓ હુકમ કરવામાં આવા જ નથી કે, તેઓ અલ્લાહની ઈબાદત ઈખ્લાસ બગૈર કરે. (ઈખ્લાસવાલાઓ) વાસ્તે દીનની નેઅમત છે."** ✯

## ધોકેબાઝી

મૌ. સુલૈમાન નબીની ખિદમતમાં એક ફરિયાદ પૈશ કરવામાં આવી. આપ તો નબી હતા અને તમામ જાનવરોની ઝબાન જાણતા હતા. એક હરણના બચ્ચાની માઁ એ આપની જાનિબ આવીને કહ્યું કે, આ શિકારીએ વેશ બદલીને તેના બચ્ચાનો શિકાર કરી તેને મારી નાંખું છે. શિકારીએ જવાબ આપો કે, અય નબી, હલાલ જાનવરનો શિકાર કરવો આપની શરીઅતમાં જાઈઝ છે. પેલા બચ્ચાની માઁ એ કહ્યું કે, તેનું કહેવું બરાબર છે, પણ શિકારી એના અસલ લિબાસમાં આવો ન હતો. જો તે શિકારીના લિબાસમાં આવો હોત તો અમે અમારો બચાવ કરીને એનાથી દૂર નાસી જાત અને મારા બચ્ચાની જાન બચી જાત. પણ આ શિકારી વેશપલ્ટો કરીને મારા બચ્ચાનો શિકાર કરી ગયો અને આ એક **ધોકેબાઝી** છે. આ મુજબ ફરેબ કરવો આપની શરીઅતમાં જાઈઝ નથી. લેહાઝા આપ, અય સુલૈમાન નબી, મને ઈન્સાફ અપાવો. ફૌરન, હરણના બચ્ચાની માઁ ની વાત સાંભલીને મૌ. સુલૈમાન નબીએ તે શિકારીને મૌતની સઝાનો હુકમ સુનાવી દીધો. ધોકેબાઝી ઈસ્લામી શરીઅતમાં હરામ છે. ✯

# મુમેનીનના ઈમાન-અફરોઝ ઘરોમાં આઅમાલે શરીઅતે ઈસ્લામની મુનવ્વર તસ્વીર

(૧) અલ્લાહતઆલાએ બંદાને ઈબાદત ને વાસ્તે પૈદા કીધેલો છે. ઈબાદત સાથે દુનિયાદારીનું મઆશ ચલાવવા વાસ્તે કસબ કરવું યાઅની હલાલની રોઝી કમાવવી એ પણ ઈબાદતનો એક હિસ્સો છે. અલ્લાહતઆલા બંદાને ચોવીસે કલાક ઈબાદત વાસ્તે નથી કહેતા, પણ પાંચે વક્તની નમાઝોની મુદ્દત મિલાવીએ તો કમ-અઝ-કમ એક કલાકની ઈબાદત થાય, તેનો બંદાને ખ્યાલ રાખવો જોઈએ. તેથી મુમિન બંદા પર લાઝિમ છે કે, અલ્લાહતઆલાની **ઈબાદત, નમાઝ અને ઈતાઅત** ને પોતાની ઝિંદગીનો હિસ્સો બનાવી લે અને પાંચે વક્તની નમાઝનો પાબંદી સાથે અમલ કરી અલ્લાહતઆલાને ખુશનૂદ કરી પોતાની ઈમાની અને અખ્લાકી ફરઝ નિભાવે.

(૨) અપનો અકીદો શીઆ-ઈસ્માઈલી-મુસ્તઅલવી-તૈયેબી તરીકત સાથે વાબિસ્તા હોઈ, અપના ફાતેમી ઈમામોના ઝમાનાના દોઆતે બલાગ અને યમનના દોઆતે મુતલકીન જે હમારા ૧૦૦ અકીદાઓને મુન્સલિક કરીને તરતીબ આપેલા છે, તેને સમઝવા, જાણવા અને તે મુજબ અમલ કરવું હમારા પર ફરઝે વાજિબ છે. ઈસ્લામના બીજા કોઈ પણ ફિરકા સાથે **અપના અકીદાની સરખામણી** કરવી મહેઝ હિમાકત અને બેવકૂફી છે.

(૩) શરીઅતના આઅમાલ, હમારા રિવાજો, નહેજ, બુઝુર્ગોનો વતીરો તે ઐન કુરઆને કરીમ, સુન્નતે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને રિવાયતે અઈમ્મતે હકક (અ.સ.) પર મુન્હસિર અને મબ્ની છે. જે લોગોએ અહલેબૈત (અ.સ.) ના તરીકાને મુકી દીધો છે, તેઓ ઈસ્લામથી ખારિજ થઈ ગયા કેમકે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અપના દરમિયાન બે ભારી ચીઝોને મુકી ગયા છે, **જેમાં એક કુરઆને કરીમ છે અને બીજી અહલેબૈત છે.** કુરઆને કરીમ અહલેબૈતથી જુદા નથી અને અહલેબૈત કુરઆને કરીમથી જુદા નથી. એક ચીઝને મુકી દેવાથી બીજી ચીઝ પણ છુટવાની જ છે. આ હાલત ઈસ્લામના આમ ફીરકાઓની છે, જે આ બેમાંથી કોઈ એક ચીઝ પર જ ચાલે છે.

(૪) ઈમાન અને ઈસ્લામ બંને અલગ ચીઝ છે. ઈમાનમાં ઈસ્લામ શામિલ છે પણ ઈસ્લામમાં ઈમાન શામિલ નથી. તેથી સાબિત થયું કે, હર મુસલમાન મુમિન તો નથી જ, પણ હર એક મુમિન મુસલમાન તો ઝરૂર છે. ઈસ્માઈલી તૈયેબી ફિરકાના અકીદતમંદોના ઈમાનની કૈફીયત એ છે કે, અલ્લાહતઆલાની ઈતાઅત, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઈતાઅત અને **આ બંને ઈતાઅતના સાથે ઝમાનાના ઈમામ અને દાઈની ઈતાઅત**નો પહેલૂ શામિલ છે. અગર ઝમાનાના દાઈની ઈતાઅત હોય તો એમાં ખુદા અને ખુદાના રસૂલની ઈતાઅત આવી જાય છે. અમીરૂલ મુમેનીન મૌ. અલી (અ.સ.) નો કૌલ છે કે, અગર ઝમાનાના ઈમામની ઈતાઅત તમેં દિલમાં ઉતારી, માઅરુફ પર અમલ કીધો અને મુન્કર વાતોથી તમેં તમારી ઝાતને રોકી, તો તમારૂં ઈમાન મુકમ્મિલ અને તમામ છે. તેથી અપના અકીદા મુજબ ઝમાનાના ઈમામનું હોવું ઝરૂરી છે, જે મુમિનના દીનો-દુનિયાની ઝિંદગીના રહેબર હોય છે અને હર રૂહાની અને દુન્યવી ઉમૂરમાં મુમિન આપ ઈમામના નૂરના રિશ્તાથી જોડાયેલો હોય છે.

(૫) મીસાક એક બંદિશ છે. મુમિનનો દસ્તુરુલ અમલ છે. શરીઅતનો નિઝામ છે અને અલ્લાહતઆલાની ઝાતે પાક, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મકામે રબ્બાનીયાહ અને ઈમામુઝ ઝમાન (અ.સ.) ની હયકલે નૂરાની (સાફ પાકીઝા સૂરત) ની **માઅરેફત અને ઈકરાર** છે, તેમજ શરીઅતના એહકામની પાબંદીનો અલ્લાહતઆલાના નુમાઈંદા દાઈએ હક્કને વાઅદો છે.

(૬) જે મુજબ દુન્યવી કિતાબોને મુકવા મુમિનના ઘરોમાં જગા હોય છે, તેજ મુજબ દીની કિતાબો મુકવા વાસ્તે ઘરોમાં મખ્સૂસ જગા હોવી ઝરૂરી છે. દીની કિતાબો જેવી કે, કુરઆન શરીફ, સહીફાઓ, દોઆની હફ્તીઓ તથા દાઅવત તરફથી શાયેઅ થયેલી તમામ કિતાબોની એક મખ્સૂસ જગા હોવી જોઈએ. કુરઆને કરીમ ઘરમાં ઉંચી જગા પર હોવા ઝરૂરી છે, જેથી તેની હુરમત સચવાય. **હરરોઝ ફજેરે કુરઆને કરીમની તિલાવત કરવી જોઈએ,** જેથી ઘરમાં ફરિશ્તાઓ નાઝિલ થાય અને આફતો મુસીબત દૂર થાય. કુરઆને કરીમને હરરોઝ જોવાથી આંખોનું નૂર વધે છે, તેની તિલાવત બલંદ અવાઝમાં અને તરતીલમાં કરવાથી ફિઝા રૂહાની થાય છે. હરરોઝ ફજેરે મખ્સૂસ સુરતો, જેવી કે સુરએ ફાતેહા, સુરએ યાસીન, સુરએ રહેમાન, સુરએ કહેફ ની તિલાવત કરવી જોઈએ જેમાં ઘણો સવાબ છે. દાઅવત તરફથી

(બકીયાહ પેજ નં. ૮૯ પર)

(પેજ નં. ૮૮ નું બાકી) **મુમેનીનના ઈમાન....**

શાયેઅ થયેલી કિતાબોનો મુતાલેઓ કરવો જોઈએ. જેમાં હર મહીને શાયેઅ થાતું આ અખ્બાર, અસ-સહીફતુત તૈયેબીયાહ, અસ્હાબુલ યમીન-૨૪ દુઆતે હકક (આ.કુ.) ની મુબારક તારીખ, મખ્ઝનુલ મસાઈલ-દીની સવાલ-જવાબનો મજમૂઓ, અલ-મિસ્બાહ -દોઆઓનો તરજુમો વગૈરહ પઢવી જોઈએ. હર મુમિનને નબીઓ, વસીઓ, ઈમામો, દોઆતોની તારીખ જાણવી ઘણી ઝરૂરી છે અને દાઅવત તરફથી શાયેઅ થયેલા કિતાબો આ ઈલ્મથી પુર છે. અગર હરરોઝ વક્ત ન મિલે તો અઠવાડીયામાં એક વાર તો આ કિતાબોનો મુતાલેઓ કરવો જોઈએ. દાઅવત તરફથી કુરઆને કરીમની કેસેટો, નિસ્ફિલ્લૈલ, કસીદા, અબ્યાત, નૌહા અને મરસીયાની CD પણ મુમિન વાસ્તે રેકોર્ડ કરવામાં આવેલી છે. હરરોઝ ફજેરે આ ચીઝો વગાડવાથી અને સાંભલવાથી ઘરનો **માહૌલ બા-બરકત** થઈ જાય છે. અગર કુરઆને કરીમ પઢવામાં તકલીફ હોય તો આ કેસેટો સાંભલવાથી પણ એટલો જ સવાબ હાસિલ કરી શકાય છે.

(૭) હર કૌમને વાસ્તે પોતાનો મખ્સૂસ લિબાસ હોય છે અને એ લિબાસ પહેરવાથી એ કૌમ ની શનાખ્ત-પહેચાન ઝાહિર થાય છે. ઈસ્લામનો લિબાસ સફેદ છે. સફેદ લિબાસ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ઝિયાદહ પસંદ હતો. ઈસ્લામી લિબાસમાં ખાસ કરીને ઝુબ્બો, આબો, ઈઝાર,દુપટ્ટો, કમીસ અને રિદાની મઝહબી કિતાબોમાં રિવાયત આવેલી છે. હદીસે શરીફમાં બયાન છે કે, ફાખિર લિબાસ ઈન્સાનના ઉમદા અખ્લાકની પહેચાન છે. **હર ચીઝનો સરદાર હોય છે, તેમ સફેદ રંગ તમામ રંગોનો સરદાર છે.** સફેદ રંગમાં રોઅબ, જલાલ, જમાલ અને ખૂબસૂરતી સમાયેલી છે. એક સફેદ કપડા પહેરનાર સો રંગીન કપડા પહેરનાર પર ભારી છે. તેથી જ અહલેબૈત (અ.સ.), અઈમ્મતે તાહેરીન (અ.સ.) અને દોઆતે અકરમીન (આ.કુ.) નો વતીરો સફેદ લિબાસ પહેરવાનો રહેલો છે. તેથી મુમિન સફેદ લિબાસ પહેરવાનો ઝૌકો-શૌક રાખે અને જેઓ હજ્જે બયતુલ્લાહથી ફારિગ થયેલા છે એમના પર લાઝિમ છે કે, હજ્જના લકબને ઉજાગર કરવા અને ઝીનત બખ્શવા દાઢી, જે ચહેરાનું નુર છે તેને અપનાવે અને હર હાલમાં સફેદ ટોપી પહેરે. હાજીના લકબવાલા વાસ્તે એ દુરસ્ત નથી કે, રંગીન કપડામાં ટોપી અને દાઢી બગૈર રહે. દાઢી એ અંબિયાની સુન્નત છે, અહલે જન્નતની નિશાની છે, ઈમાનનું નૂર છે અને મુમિનપણાની પેહચાન છે.

બૈરો તેના માથાના બાલથી પગના અંગુઠા સુધી ઔરત છે. ઔરત એટલે ઢાંકવાની જગા. કુરઆને કરીમમાં બૈરોની ઝીનતને ઝાહિર કરવા ખિલાફ સખ્ત હુકમ આવેલો છે. તેથી બૈરો ઈસ્લામી લિબાસ જેમકે રિદા, બુરકો, ખૈસ વગૈરહ અપનાવે અને ના-મહેરમ મરદો સામે આ લિબાસ બગૈર નિકલે નહી. શાદીશુદા યા સિન રસીદા બૈરો વાસ્તે સલવાર-કમીસ યા સલવાર-કુર્તીનો લિબાસ પહેરવો ના-રવાં અને ના-દુરસ્ત છે.

આ સિવાય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ બૈરોને મરદોના લિબાસ પહેરવા સામે સખ્ત મનાઈ ફરમાવી છે. આજ-કાલની મીસાકશુદા જવાન દીકરીઓ મરદોનો લિબાસ પહેરીને તેની મુશાબેહત કરે છે, જીન્સ-ટીશર્ટ જેવા ખુલ્લા, ઉરયાન, કઢંગા, તંગ લિબાસ પહેરે છે, જે બિલકુલ હરામ અને નાજાઈઝ છે. **આ ઘણું જ ભારી શર છે**, જેને મિટાવવા માઁ-બાપને કોશિશ કરવી પડશે.

(૮) અપના મુકદસ દોઆતુલ મુત્લકીન (આ.કુ.) ની તારીખ પરથી સાબિત થાય છે કે, તેઓએ આ દાઅવતને કાઈમ રાખવા અને તેની હિફાઝત કરવા વાસ્તે ઘણી જદોકદ અને મહેનત-મશકકત કીધેલી છે, દાઅવતને બચાવવા વાસ્તે દોઆતોએ હિજરત કીધેલી છે, કૈદખાનામાં રહેલા છે, ઝખ્મી થયેલા છે, શહીદ થયેલા છે. લેહાઝા, વતનથી દુર રહેતા હર એક મુમિન પર લાઝિમ છે કે, જે વક્ત એ વતનમાં આવે તો આ દોઆતોનીઝિયારત કરે. દોઆતોની ઝિયારત કરવી એ દોઆતોની મુલાકાત કરવા બરાબર છે, કદમબોસ થાવા બરાબર છે. અલ્લાહતઆલાએ અપને વડોદરામાં (૧૧), અમદાવાદમાં (૭) અને સુરતમાં (૧) દોઆતોના મઝારે નૂરાની ની "નેઅમત" થી નવાઝેલા છે. હર મુમિન દોઆતોની કબર પર જઈને ફાતેહા ખ્વાની કરીને ફુલોની ચાદર ચઢાવે અને એમના એહસાનોને યાદ કરે. મુમિન જે વક્ત પોતાના વતનમાં હોય અને અગર કોઈ દાઈના ઉર્સ યા બહેરમ આવતા હોય તો તેના પર લાઝિમ છે કે, ઉર્સ અને બહેરમની મજલિસમાં શિરકત કરે અને એમની તારીખ તેમજ ખિદમતને જાણે.

(બકીયાહ પેજ નં. ૯૦ પર)

(પેજ નં. ૮૯ નું બાકી) **મુમેનીનના ઈમાન....**

મુમિન જે વક્ત વતનમાં હોય તો તેને જોઈએ કે, જુમોઆની નમાઝ અને દીગર ઉંચી રાતોની નમાઝમાં શિરકત કરે, મસ્જિદમાં આવે. જુમોઆનો યૌમ "યૌમે ઈદ" છે અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **જે શખ્સ મુસલસિલ ત્રણ જુમોઆની નમાઝને તર્ક કરશે તો તે મુનાફિક છે.** પોતાના વતનમાં જે રઝાના સાહબ હોય તેના પાછલ પણ જુમોઆની નમાઝ અને દીગર ફાઝિલ રાતોની નમાઝ પઢવી હર મુમિન પર લાઝિમ છે.

(૯) લેસાનુદ્દાઅવતને દાઅવતની ઝબાન કહે છે. દાઅવતની ઝબાન અરબી છે. આજથી ૯૫૦ સાલ પહેલાથી યાઅની ફાતેમી ઈમામોનાં ઝમાનાથી જ હિન્દુસ્તાન દાઅવતનું મરકઝ રહેલું છે. અપના દોઆતે અકરમીને અરબી ઝબાન સાથે ગુજરાતી અને ફારસી ઝબાન મિલાવીને દાઅવતની એક મખ્સૂસ ઝબાન બનાવેલી છે. જે દાઅવતનાં તમામ મુઆમેલાતમાં બોલાય છે અને લખાય છે. સાહબે દાઅવત વઅઝ, બયાનાત અને પોતાની તકરીરોમાં આ જ દાઅવતની ઝબાનથી મુમેનીનને નસીહત ફરમાવે છે. અંગ્રેઝી ઝબાન એ અપની ઝબાન નથી, હાલાંકે, તેનાથી જ દુનિયાનો અકસર કારોબાર ચાલે છે. અંગ્રેઝી ઝબાન આજના ઝમાનામાં શીખવી, બોલવી અને લખવી અઝહદ ઝરૂરી છે, પણ દીની મુઆમેલાતમાં, **સાહેબે દાઅવત યા ઘરવાલાઓ સાથે ગુફ્તગૂ કરવામાં લેસાનુદ્દાઅવત જ ઈસ્તેમાલ કરવી જોઈએ.** ઘરોમાં અંગ્રેઝી ઝબાન બોલવાથી અપને અપની પહેચાન અને આઈડેન્ટીટી ખોઈ બેસીએ છીએ. ગુફ્તગૂના હર જુમ્લામાં "થેંક્યૂ" અને "સોરી" કહેવાને બદલે "**શુક્રિયાહ**" અને "**મઆફ કરશો**" બોલવું પસંદીદહ છે. "ઓકે" ના બદલે "**હૅંજી**" અને "બાય" ના બદલે "**ફી અમાનિલ્લાહ**" બોલવું સાચા મુમિનની પહેચાન છે. હર વક્ત ઝરૂરત મુજબ "**ઈન્શાઅલ્લાહ**", "**અલ-હમ્દોલિલ્લાહ**", "**સુબ્હાનલ્લાહ**" ના અલ્ફાઝ ઝબાનથી અદા કરવાથી વાતચીતમાં મિઠાશ રહે છે. તેથી મુમેનીન પોતાના બચ્ચાંઓને અંગ્રેઝી સાથે દાઅવતની ઝબાનની તાઅલીમ આપે અને જમાઅતની આઅલા પહેચાન બનાવીને જે કલામ મુમિનની ઝબાનને ઝીનત બખ્શે તેની આદત પાડે એ હર વાલેદૈન પર લાઝિમ છે.

(૧૦) અલ્લાહતઆલાએ તમામ કરતા પહેલા ફરિશ્તાઓનો મીસાક લીધો. તે બાદ તમામ નબીયોનો મીસાક લીધો. નબીયોએ પોત-પોતાની ઉમ્મતોનો મીસાક લીધો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ૧૦ હિ. ની ૧૮ મી ઝિલ્હજજના દિન ગદીરે ખુમની જગામાં ૭૦,૦૦૦ હાજીઓને દરમિયાન મૌલાના અલી (અ.સ.) ને પોતાના વસી મુકર્રર કરીને ઉમ્મતનો મીસાક લીધો. તે બાદ આ મીસાકની સુન્નત અમીરૂલ મુમેનીન મૌ. અલી (અ.સ.) ના ઝમાનમાં અને ઈમામ મૌ. હસન(અ.સ.) અને મૌ. હુસૈન(અ.સ.) ના ઝમાનમાં પણ જારી રહી અને ફાતેમી ઈમામોના દૌરમાં હર ઝમાનના ઈમામ લોગોને મીસાકની બંદિશથી બાંધતા ગયા અને આખિરમાં આ સુન્નત દોઆતે મુતલકીનના ઝમાનમાં **આજ તક ઝિંદા છે, કાઈમ છે.** હર અલવી મુમિન પોતાના બાલિગ દીકરા-દીકરી વાસ્તે આ સુન્નતને અદા કરે જેથી સહી ઈલ્મ અને અમલ પર એની ઝિંદગી ચાલે.

(૧૧) ઈન્સાનના ખયાલાત અને તેનો વર્તાવ તેના ઘરના માહૌલ પર મબ્ની છે. દીન પર કાઈમ રહેવાને વાસ્તે ઘરનો માહૌલ ઈસ્લામી હોવો અઝહદ ઝરૂરી છે. મુમેનીનના ઘરોમાં ઝમાનાની રફ્તારો ગુફ્તારને સાથે એક એવો "શૈતાન" (ટીવી, ઈન્ટરનેટ, મોબાઈલ વગૈરહ) તેમના ઘરોમાં પૈવસ્ત થઈ ગયો છે કે, મુમિન દીનને ભૂલીને દુનિયાની ઝાક-ઝમાલની જાલમાં ફસાઈ ગયો છે. હર ચીઝનો ફાયદો કે નુકસાન તેના ઈસ્તેમાલ મુજબ હોય છે. ટીવી યા ઈન્ટરનેટ પર હર તરહની ચીઝો બતાવવામાં આવે છે. કઈ ચીઝ જોવી અને કઈ ચીઝ ન જોવી તે મુમિન પર મુન્હસિર છે. તેના પર આવતી માહિતી/સીરીયલોમાં ઉરયાની ઘણી વધી ગઈ છે. આની ખરાબ અસર બુઝુર્ગ થી લઈને ના-બાલિગ બચ્ચાંઓના નાઝુક દિમાગ પર પડે છે. આ નાચ-નશા, મસ્તી-મઝાક, હલકી ઝબાન, ગંદુ ઝહેન, ગૈરજાઈઝ રિશ્તા અને ઉરયાની થી **મુમિન દુનિયા તરફ ખેંચાય છે અને દીનને ભુલી જાય છે.** આ ચીઝોથી મુમિનના ઘરનો માહૌલ શૈતાની થઈ જાય છે. ફરિશ્તાઓનો નુઝૂલ થાતો નથી અને ખરાબ આદતોના સબબ ઘર પર આફતો અને મુસીબતો આવે છે. આ બદીને રોકવા વાસ્તે હર એક મુમિનને શૈતાની ચીઝોથી બચવા પોતાની ઝાત પર કાબૂ રાખવો જોઈએ. ☆

## વાતો એવી કે દિલો દિમાગ તાઝા રહે....

(૧) કુરાને કરીમ જ તમામ ઈલ્મનો સરચશ્મો છે. કુરાને કરીમ થી જ **દીન અને દુનિયાના બાગ ખિલે છે.** કુરાને કરીમ કયામતના દિન તક ચાલનારી ઈસ્લામી ડીક્ષનરી અને એનસાયકલોપીડીયા છે. દુનિયામાં કોઈ એવી ચીઝ બાકી નથી જેની ઝિક્ર કુરાને કરીમ માં ન થઈ હોય.

(૨) હર એક મુમિન પર વલાયત, પાકી, નમાઝ, રોઝા, હજ્જ, જેહાદ, ઝકાતના ફરઝોની પાબંદી સાથે અદાયગી કરવી લાઝિમ તો છે જ પણ સાથે-સાથે **ઈમાનની હકીકતો** સમઝવી ઝરૂરી છે. જેમાં પૂરેપૂરી વુઝૂ કરવી, મુકમ્મલ કાયદા સાથે નમાઝ પઢવી, દાઈયુઝઝમાનને ઝકાત આપવી,ઝબાનને કાબૂમાં રાખવી, ગુસ્સો ન કરવો, નૈકીનો હુકમ કરવો, બદીથી રૂકી જવું અને મગફેરત ચાહવા સાથે અહલુલ બૈત (અ.સ.) ની ઝિક્ર કરા કરવી, આ ૮ હકીકતો ઈમાનની છે. અગર ઈમાન હોય પણ જિસ્મના આઅઝાઓથી **ઈમાનની ઝલક** ન આવે તો તે ઈમાન કામનું નથી.

(૩) શરીઅતના સાત ફર્જી એહકામ સાથે બીજી **બાર સુન્નતો** પર ચાલવું ઝરૂરી છે. (૧) માં-બાપ સાથે ભલાઈ (૨) રિશ્તેદારો સાથે મુલાકાત અને લૈન-દૈન (૩) પડોશીઓ સાથે નૈક સુલૂક (૪) નૈક ચીઝોનો હુકમ કરવો (૫) બુરી ચીઝોથી રુકવું અને બીજાને રોકવા (૬) હમેશા સાચું બોલવું અને હકક-પરસ્તી રાખવી (૭) બૈરાઓ-ઔલાદ સાથે નૈક સુલૂક (૮) ખાદિમો-નોકરો સાથે નમ્ર વર્તાવ (૯) સલામ બોલવું અને સલામનો જવાબ આપવો (૧૦) મુમેનીનને જમાડવું (૧૧) જમાઅતના લોગો સાથે ખુશ વ્યવહાર રાખવો (૧૨) મરીઝોની મિઝાજ પુરસી કરવી. (મહેરમ સિવાય બૈરાઓ પર મિઝાજ પુરસી હરામ છે.)

(૪) દુનિયાના તમામ ઈલ્મો ફન તેમજ જાણકારીની બુનિયાદ અને અસલ, તે **અલ્લાહની તૌહીદ** છે. અલ્લાહની તૌહીદ યાઅની, એકોકારી સમઝવાથી જ ઈન્સાન પોતાના નફસના વુજૂદને સમઝી શકે છે. દીન અને દુનિયાના તમામ ઈલ્મ મઝહબી કહેવાય, દીનદારીમાં જે ઈલ્મ કામમાં નથી આવતું તે પણ એક તરહનું ઈલ્મ છે. ઈમામ અહમદિલ મસ્તૂરના ઈખ્વાનુસ્સફા કિતાબના બાવનમાં રિસાલામાં દુનિયાના તમામ ઈલ્મને બયાન કરવામાં આવેલા છે. કોલેજમાં પઢતા તાલિબે ઈલ્મ કરતા મદ્રસામાં પઢતો તાલિબે ઈલ્મ કમ નથી. ગણિત (ઈલ્મુલ અદદ) તમામ ઈલ્મોનું અસલ છે. એકડો આવડે એટલે બગડો આવડી જાય. આ એકડાની ઝિક્ર સુરએ ઈખ્લાસમાં આવેલી છે. એકડો શીખવો એ અલ્લાહની તૌહીદને જાણવાની દલીલ છે.

(૫) ઈસ્લામના અકીદાઓ મોહંમદ અને આલે મોહંમદ(અ.સ.) થી જ શીખી શકાય છે. જે લોગોએ આલે મોહંમદને મુકા એ લોગો દરિયાઈ ખારા પાનીના તૂફાની મોજાઓમાં ફસાઈ ગયા. **આલે મોહંમદની મિસ્લ નૂહ નબી (અ.સ.) ની કિશ્તી છે.** જે લોગો કિશ્તીમાં સવાર થયા, એ લોગોને નજાત મિલી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) હમારે દરમિયાન બે ભારી ચીઝોને મુકી ગયા છે. એક કુરઆન છે અને બીજા આલે મોહંમદ છે, આ બન્ને જોડકા છે. કુરઆનનું નામ કુરઆન તેથી જ છે કે, આલે મોહંમદ કુરઆનના કરીન છે, યાઅની કુરઆનનું જોડકું. જોડા પહેરનારને જ્યારે કહેવામાં આવે કે, જોડા પહેરી લાવો તો એનો મતલબ જમણા-ડાબા પગમાં જોડા પહેરવાનો થાય છે. જો જોડા પહેરનાર એક જ પગમાં જોડા પહેરે તો એને લોગો ઘેલો કહે, તેમજ જોડા ઉતારનાર અને ઘરમાં રાખનાર જોડાની જોડીને સાથે જ રાખે છે, હરગિઝ અલગ કરતો નથી. તેથી સાબિત થયું કે, અહલેબૈત (અ.સ.) યાઅની આલે મોહંમદને મુકનાર યાઅની એના જોડીદાર કુરઆનને અલગ કરીને ફક્ત એક પગમાં જ જોડું પહેરનાર મુજબ છે. આકિલને ઈશારો કાફી છે.

(૬) ઈસ્માઈલી મઝહબ અને અકીદાઓ આલે મોહંમદ(અ.સ.) ની તાઅલીમાત છે. આ અકીદાઓની સમઝ આપનાર આજના ઝમાનમાં દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) અને આપની રઝાના સાહબ છે. ઈમાનની હકીકતો સાથે અને દાઈયુઝઝમાનની માઅરેફત સાથે ઈસ્માઈલી હમારા અકીદાઓ જોડાયેલા છે. દાઅવતના કિતાબોમાં અપની

(બકીયાહ પેજ નં. ૯૨ પર)

(પેજ નં. ૯૧ નું બાકી) **વાતો એવી કે દિલો દિમાગ તાઝા રહે....**

જમાઅતના એકસો અકીદા તરતીબશુદા છે. **આ અકીદામાં બાઝની સમઝ સહેલી છે તો બાઝની ઘણી મુશ્કિલ છે.** અકીદાઓની હકીકત અગર આમ આદમીના સમઝમાં ન આવે તો એ બાબત પર જાહિલોના ગિરોહમાં ઝિયાદહ ઝબાંદરાઝી અને બહેસ કરવાથી શક-શુબેહમાં દાખિલ થવાય છે. કોઈ ચીઝ શરીઅતની સમઝમાં ન આવે તો તે અક્લનો કસૂર છે, ન કે શરીઅતનો હુકમ ગલત છે. હર ચીઝને સમઝવાની કૂવત, અક્લ, વક્ત અને નિય્યત દરકાર છે. જો આ ચીઝોનો હિસાબ બરાબર નથી તો સાદી-સીધી વાતને પણ સમઝવી અઘરી બની જાય છે. ઈમામુઝ્ઝમાન(અ.સ.) ના અહદમાં અકીદો રાખનાર મુમિનને અગર ઈસ્માઈલી તારીખ, ઈમામોની હયાતે પાક, દોઆતોનો સિલસિલો અને દીન બાબત દીગર અસ્રાર અને મખ્ફી વાતો સમઝમાં ન આવે તો એને દાઈયુઝ્ઝમાન(ત.ઉ.શ.) ના અમલના મુજબ પોતાનો અમલ બનાવી લેવો જોઈએ. હકકના સાહેબે જે ચીઝ સમઝી છે અને જે ચીઝ સમઝાવે છે તેને જ કિફાયત કરવું જોઈએ. અગર અકીદો યા અમલ સમઝમાં ન આવે તો તેના પર **ટીકા-ટીપ્પણ કે નુક્તાચીની** કીધા બગૈર તેને સરે તસ્લીમ કરવો જોઈએ. ફકત એ વાત સમઝીને કે, આ અમલ અપના સિલસિલાના ઔલિયાઉલ્લાહે સમઝેલો છે. જે આ નુક્તું પોતાના ખ્યાલે શરીફમાં રાખશે, તો કદી પણ ગુમ્રાહ નહીં થાય. ✯

## દુનિયા અમલનું ઘર છે

દુનિયા અમલનું ઘર છે, અજરો સવાબનું નથી. અલ્લાહતઆલા બંદાને એના હકક મુજબની જઝા આપે છે, અગર એ ખૈર -બહેતર અમલ કરે છે. સઝા આપે છે, અગર એ શર-બદતર અમલ કરે છે. પણ આ હકક બંદો તે જ વક્ત હાસિલ કરે છે, જે વક્ત એ અમલ કરે છે. તેથી જઝા યા બદલો માંગતા પહેલા વાજિબ છે કે, બંદો પહેલા અમલ કરે. બશરને અલ્લાહતઆલાએ દુનિયામાં અમલ વાસ્તે જ પૈદા કીધો છે. પહેલા બંદાને એ ઈલ્મ હોવું ઝરૂરી છે કે, દુનિયામાં અમલ છે અને જો દુનિયા અમલનું ઘર છે, તો તેમાં જઝા-અજર-બદલો હોઈ જ ન શકે. એના આ આઅમાલ તે વક્ત બંધ થઈ જાય છે, જે વક્ત એની જાનને હોશો હવાસથી ફાયદો આપનાર દુનિયાના તમામ અસ્બાબનો નાતો કપાઈ જાઈ છે. એના જાનમાં આના સબબ ફસાદ પૈદા થઈ જાય છે અને પછી બંદો અમલ કરવાની તાકત રાખતો નથી. તેથી દુનિયામાં જ શરીઅતે તાહેરહ એ ઈન્સાની નફ્સોની નજાત વાસ્તે બંદા પર એહકામ અને આઅમાલ વાજિબ કીધેલા છે કે, દુનિયામાં તેના અદા કરવાથી એ આખેરતમાં સવાબનો હકકદાર બની શકે. **આ આઅમાલે શરીઅત જ નજાતનો ઝામિન છે.** તેના સિવાય કોઈ અમલ એને નજાત અપાવી શક્તો નથી.

મૌત, ઈન્સાનની નફ્સ-જાનને દરમિયાન અને દુનિયામાં ફાયદામંદ આઅમાલ કરી ગુઝરવાના દરમિયાન જુદાઈ નાંખનારી છે. એક વક્ત આ આઅમાલ બરાબર બજા લાવવામાં આવે તો જઝા અને બદલો એને તાબેઅ થાય છે. પણ આ આઅમાલને કમાવવા વાસ્તે ઈન્સાની અંગો અને જિસ્મના એહસાસો ઝરૂરી છે, જેને બગૈર બંદો પોતાની જાન અને અમલો જઝામાં ફિક્ર નથી કરી શક્તો. આ ચીઝનો અકીદો તે જ વક્ત બંધાય કે, બંદો તાઅલીમની મહેનત બરદાશ્ત કરે, અહલે બૈત (અ.સ.) ના આલિમોથી દુનિયાની કૈફીયત અને ગરઝના બારામાં માઅલૂમાત હાસિલ કરે. આ જ ઈલ્મ એને બરાબર સમઝાવે કે, **દુનિયા અમલનું ઘર છે, જઝાનું નહીં! જઝાનું ઠેકાણું તો બીજુ છે.** જે કઈ નબીયોની સુન્નતમાં જઝાનાં વાસ્તે મીઆદ-વાઅદો આપવામાં આવેલો છે તે હકીકત છે, ન કે કોઈ હઁસી મઝાક. દોઆતે હકક (રિ.અ.) તેની મિસાલ તાજિર-વેપારીની આપી છે કે, જે સફરના દૌરાન એક શહેરનાં કિનારે પહોંચે છે અને એની કિશ્તી દરિયામાં છોડી જાય છે. એ શહેરમાં દાખિલ થાય છે, પણ એની તિજારતમાં એને ફાયદો થાશે યા નુકસાન થાશે તેની એને ખબર હોતી નથી, પણ તિજારત વાસ્તે એનું શહેરમાં દાખિલ થાવું ઝરૂરી હોય છે અને દરિયાઈ સફર એની પૂરી થઈ ચુકી હોય છે. ✯

## મુમિનની દોઆ – થાય રાઝી ખુદા

યા અલ્લાહ, અય પરવરદિગાર, અય ખાલિક, અય રબ્બુલ ઈઝઝત, અય પાકઝાત માઅબૂદ, કહીને ઈન્સાન દોઆના કલામ વાસ્તે ખુદાને પુકારે છે. દોઆ ઈન્સાનની દિલી આવાઝ છે. બિસ્મિલ્લાહ........નિર્રહીમ પણ દોઆઈયહ જુમ્લો છે કે, જે દરેક દોઆ કરતા પહેલા પઢવું ઝરૂરી છે. ખુદાતઆલા કુરઆને પાકમાં ફરમાવે છે કે, **"ફઝકોરૂની અઝકુરકુમ"**, યાઅની **"અય બંદાઓ તમેં મારી ઝિક્ર કરો, હું તમારી ઝિક્ર કરીશ"**. દોઆ, ખુદાની શાન અને બંદાની બેબસી નો એહસાસ કરાવે છે. તે દિલની તમન્નાઓનો ઈઝહાર કરવાનો તરીકો છે. તે ઈબાદતની રૂહ છે. ખુદાતઆલા કુરઆને પાકમાં ફરમાવે છે કે, **"ઉદઊની અસ્તજિબ લકુમ"**. યાઅની, **તમેં મને પુકારો, તો હું તમને જવાબ આપીશ.** મતલબ એ કે, ખુદાની હર વક્ત તૈયારી છે કે, તે ઈન્સાનને આપે, પણ શરત એ છે કે, તે પોતાના ખુદા પાસે માંગે, ખુદા હર ચીઝ ને આપવા પર કાદિર છે. પોતાના પ્યારા-ખાલિસ બંદાને કોઈ વક્ત નાઉમ્મીદ કરતો નથી. બંદાની તઝર્રોઅ અને કાલાવાલા સાથે કરાયેલી દોઆને ખુદા ખૂબ પસંદ કરે છે. ઈન્સાન પર દુ:ખ આવી પડે છે તો તે ગભરાઈને ખુદાને શિકાયત કરીને પુકારે છે. બીમારી અને તંગદસ્તીમાં તેને ખુદા સિવાય કોઈ આસરો મિલતો નથી. તો તે હર મૌકા પર અલ્લાહને પુકારે છે કે, અય ખુદા! હું આફતોના દરિયાના તૂફાનમાં ફસાયેલો છું તો તું નજાતની કોઈ પાટ આપ કે, હું આ દરિયાની આફતોથી છુટી શકું.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસે પાક છે કે, **"અદ્દોઆ તોરદ્દુલ કઝા"**, દોઆ, તકદીરના ફેસલા બદલી નાખવાની તાકત રાખે છે. દોઆ એક એવું જૌહર છે કે, જેનાથી દિલના અરમાનો પરવાન ચડે છે. તે ખુદાની મદદ માંગવાનો, પનાહ માંગવાનો, સહારો તલબ કરવાનો ઝરીઓ છે, જેના લીધે ઈન્સાનના દિલને કરાર મિલે છે. દોઆ કરવી એ ફક્ત ઈસ્લામમાં જ નહી પણ દુનિયાના તમામ મઝહબમાં એની એહમીયત બતાવવામાં આવી છે પણ તેનો તરીકો અલગ છે. દોઆ ઈન્સાન વાસ્તે એવું હથિયાર છે કે, જે તમામ હથિયાર પર હાવી થઈને કવી અને ગાલિબ થઈને તકદીર ને બદલે છે. દોઆ કરવું મુમિનનો હકક છે, તો તેને લાયક છે કે, તે પોતાના રબ પાસે દોઆ કરે. **ખુલૂસ નિય્યત સાથે કરાયેલી દોઆ ખૂબ અસરકારક હોય છે, કેમકે તે પોતાના રબ સાથે વાત કરવા બરાબર છે.** નબી, વસી, અઈમ્મતે તાહેરીન (અ.સ.), દોઆતે અકરમીન (આ.કુ.) ના વસીલાથી દોઆ કરવી બેહદ ઝરૂરી છે. વસીલા બગૈર દોઆ કુબૂલ થાતી નથી. આ વસીલાની બરકતના સબબ દોઆ કરનાર બંદાનો દરજો ખુદાને નઝદીક બલંદ થાય છે અને દોઆ કોઈ વક્ત રદ જાતી નથી. અલ્લાહની બંદગી-નમાઝ પઢવાની અને દોઆ કરવાની અલ્લાહ હમને નૈક તૌફીક આપે અને દોઆના સબબ આ દુનિયામાં અને આખેરતમાં રાહત નસીબ કરે અને જન્નતના હકકદાર બનાવે એવી ખુદા પાસે દોઆ છે. ✯

## શું ન કરશો

એટલા નરમ ન થાઓ કે, લોગો તમારો ગેરફાયદો ઉઠાવે.

એટલા ગરમ ન થાઓ કે, લોગો તમારાથી વાત કરતા કતરાય.

એટલા સહેલા ન થાઓ કે, લોગો તમને બેવકૂફ બનાવે.

એટલા અક્કડ ન થાઓ કે, લોગો તમારી મુલાકાત ન કરી શકે.

એટલા ગંભીર ન થાઓ કે, લોગો તમારાથી કંટાલી જાય.

એટલા છીછરા ન થાઓ કે, લોગો તમને ગિને જ નહીં.

એટલા મોંઘા ન થાઓ કે, લોગો તમને દાઅવત ન દઈ શકે.

એટલા સસ્તા ન થાઓ કે, લોગો તમને ઈશારા પર નચાવા કરે. ✯

## અલ્ફાઝનો અસર

ઈમારત (ઝબાન) વાસ્તે દીવારની ઝરૂરત છે અને દીવાર (વાક્યો) ને બનાવવા વાસ્તે ઈંટોની ઝરૂરત છે. આ ઈંટો (શબ્દો) જો પાકેલી અને મઝબૂત હોય, તો બેશક દીવારના તૂટવાનો કે પડી જવાનો ખૌફ રહેતો નથી. **તો ઝબાન, વાક્યો અને શબ્દોથી બનેલી એક મઝબૂત ઈમારત છે.** મુખ્તલિફ વિચારો અને તસવ્વુરાત તેને ખૂબસૂરતી બખ્શે છે. અલ્ફાઝ, ઝબાન યા શબ્દો જેનાથી ઈન્સાન આ દુનિયામાં વહેવાર કરે છે, તેના બગૈરની દુનિયા સોચી પણ શકાય એમ નથી. આ અલ્ફાઝના સહારાથી જ અપની શનાખ્ત અને બોલ-ચાલ છે. આ દુનિયામાં નૌમૌલૂદ બચ્ચું આવે છે અને તેની પૈદાઈશ ના ચંદ સાલ બાદ બીજાનું જોઈ જોઈને કે સાંભલીને બોલતા શીખે છે. અલ્ફાઝ સાંભલીને તે અલ્ફાઝને દોહરાવે છે. અલ્ફાઝથી જુમ્લા (વાક્યો) બને છે, યાઅની વાક્યો-sentences નું અસલ શબ્દો છે, જો શબ્દો ન હોય તો વાક્યોનો કોઈ જ વુજૂદ નથી અને આમ ઝબાનનો પણ વુજૂદ નથી.

અલ્ફાઝ એ વાક્યોમાં રૂહની મિસિલ કામ કરે છે. જેનાથી અપને સામેવાલાને અપની વાત આસાનીથી સમઝાવી શકીએ છીએ. ઘણા અક્લમંદ શખ્સોએ ઘણી બધી જંગો ફક્ત પોતાના મીઠા અલ્ફાઝને સબબ જ જીતી છે. યહાં પર એક હિકાયત કહેવી ઘણી મુફીદ છે. એક વક્ત એક આકિલ શખ્સે પોતાના બયાનમાં કહ્યું કે, હું તમને ત્રણ શબ્દોનો એક કરિશ્મો બતાવું છું. આ શબ્દો તમેં ગમે તેટલી મુસીબતમાં હશો તો પણ તમને બચાવી લેશે. આ ત્રણ અલ્ફાઝની માઅનાને સમઝી તમેં ઝિંદગીમાં ઉતારશો તો તમારે કદી માયૂસ નહીં થાવું પડે.

એ ત્રણ અલ્ફાઝ છે - **"કંઈ વાંધો નહિ"**, જેને હિંદીમાં કહેવાય **"કોઈ બાત નહીં"**, અંગ્રેઝીમાં કહેવાય **"It's ok. It does not matter"**. બસ! આ જ આ ત્રણ શબ્દો છે - "અચ્છા એમ વાત છે! કંઈ વાંધો નહિ!" જે વક્ત તમેં નાસીપાસ/નાઉમ્મીદ થઈ ગયા હોવ તો તે વક્ત આ જુમ્લાને યાદ કરજો. અપની ઝિંદગીમાં એવી ઘણી બાબતો હોય છે, જેને ઈન્સાનને માઅમૂલી ન માનવી જોઈએ. એવી બાબતો અપના દિલને રંજીદહ બનાવે છે, દિલનું ચૈન અને સુકૂન ચાલુ જાય, એ વક્ત તક કે તે વાતને અપને મનમાં સંઘરી રાખીએ. જો અપને એ ફિકરઅંગૈઝ ચીઝ પર એટલું ધ્યાન ન આપીએ અને આ ત્રણ જાદુઈ અલ્ફાઝથી તેને જોડી દઈએ, તો મનમાં ભરાયેલી વાત ભાગવા લાગશે. અપના દિલને ઝરૂર થી ઝરૂર સુકૂન અને હલકાશ હાસિલ થાશે. આ તો કોઈ આમ શખ્સની ઝબાનની વાત થઈ કે, આ મુજબના રોઝ-મર્રાના અલ્ફાઝ તેની ઝબાન પર આવે છે અને કંઈકથી તો તેનું કામ પણ નિકલી જાય છે. પણ કુરઆની અલ્ફાઝ યા તસ્બીહ યા આયત આના કરતા ઝિયાદહ તાકતવર અને અસરદાર હોય છે. પણ તેના વાસ્તે ઝબાન અને દિલના હાલાતના ચંદ કાનૂન અપનાવવા પડે જે બધાને વાસ્તે કરવું એટલું આસાન કામ નથી. ★

## ફરહતે રૂહો જાન અલ-હાદી

માહનામો કી જાન અલ-હાદી
ખૂબરૂ ખૂબશાન અલ-હાદી
મઝમૂનો મનકબત સલામો કા
ખુશનુમા ખુશબયાન અલ-હાદી
કૌમે અલવી કા ખાસ હામી હે
દીન કા પાસબાન અલ-હાદી
હકકનિગર હકકરસા હકીકત ભી
કૌમ કા તરજુમાન અલ-હાદી
મૌલા તૈયબ ઝિયા જો દાઈ હે
મૂનિસો મહેરબાન અલ-હાદી
ઉસકા નારા હે યા અલી મૌલા
ફરહતે રૂહોજાન અલ-હાદી
ઉસકો નિસ્બત હે અલવી દાઅવત સે
ઐસા અઝમત નિશાન અલ-હાદી
જીસપે બાતિલ કે હરબે સબ બેકાર
ઐસી પૂખ્તા ચટ્ટાન અલ-હાદી
યે કમર સિર્ફ હમારા હી નહીં
નૂરે અહલે જહાન અલ-હાદી ★

## શરાબ – દુનિયાની નજાસત

એક બાદશાહે પોતાના દીકરા યાઅની શાહઝાદાની શાદી કીધી. શાહઝાદો શરાબી અને બદકાર હતો. જે સુહાગરાતે શાહઝાદાને તેની બેગમ પાસે જવાનું હતું, તે રાતે તેને ઘણો જ શરાબ પીધો, તેથી તે હોશમાં ન રહ્યો. શરાબ પીધા પછી બેગમના કમરામાં જવાને બદલે રસ્તો ભૂલી દૂર શહેરમાં નિકલી પડો. તેને એક ઘર જોયું, તેમાં દીવો સિલગતો હતો. શરાબી શાહઝાદો સમઝો કે, આ જ મારી બેગમનો રૂમ છે, તો તે અંદર પેસી ગયો. કેટલાક લોગો ત્યાં સૂતેલા હતા. તેને ખૂબ બૂમો પાડી પણ તેમાંથી કોઈએ પણ તેને જવાબ આપો નહીં. એક જણ નવી જ ચાદર મોં પર રાખીને સૂતેલો હતો. શાહઝાદો સમઝો કે, આ જ મારી દુલ્હન છે. તે બિલકુલ હોશમાં ન હતો. તે તેની બાઝુમાં સૂઈ ગયો અને ચાદર ખેંચી કાઢી તો દિમાગમાં કસ્તૂરી અને કપૂરની ખુશ્બૂ આવી. તેને યકીન થઈ ગયું કે, આ જ મારી દુલ્હન છે, જે ખુશ્બૂ લગાવી સૂતેલી છે. તેને તેની સાથે કરાબત કીધી અને સૂઈ ગયો. સવાર પડી તો હોશમાં આવો. જોયું તો તે જગા મજૂસી લોગોની હતી અને નઝદીકમાં જ આગને પૂજવાવાલા નો મકબરો હતો. **જે લોગો સૂતા હતા, તે બધા મુડદા(મૈયત) હતા.** જેની સાથે રાતે તેને કરાબત કીધી હતી તે ડોસી હતી. જે ગઈકાલે જ મરી ગઈ હતી. શાહઝાદાએ જોયું તો તેનું પૂરૂં બદન નજાસત અને ગંદગીથી ભરાઈ ગયું હતું. થોડી જ વારમાં બાદશાહના સિપાહીઓ અને બાદશાહ ખુદ ત્યાં આવી પહોંચા અને આ બિના જાણી તો શાહઝાદો ખૂબ જ શરમિંદા થઈ ગયો કે, હમણા ઝમીન ફાટી જાય અને હું તેમાં સમાઈ જાઉં.

આ હિકાયતમાં બાદશાહ તે હક્કના ઈમામ છે, જેએ એક શખ્સને આખેરતની માઅરેફત કરાવી , આખેરત યાઅની તે શખ્સની દુલ્હન. મગર તે દુનિયાના નશામાં અને દૌલતની છાકમાં એટલો મસ્ત હતો કે, પોતાની અસ્લી દુલ્હનને બદલે તેએ શૈતાની ચીઝ સાથે તઅલ્લુક બાંધી દીધો અને આખેરતને ખોઈ બેસો. શૈતાની નાપાકી નો નશો એવો તો ચઢો કે, આખેરતની પાકીઝા નેઅમતને ભૂલી બેસો. **દુનિયાની નજાસતથી કયામતમાં બચવું હોય તો શરાબથી દૂર રહેવું જોઈએ.** ✯

## ત્રણ દોસ્ત

એક શખ્સ ખૂબ જ બીમાર પડો. તેના મૌતના આસાર નઝદીક આવવા લાગા. મદદ વાસ્તે તેને પોતાના કરીબ ત્રણ દોસ્તોને બોલાવા. ત્રણે દોસ્તો તેને નઝદીક આવા. પહેલા દોસ્તે કહ્યું કે, અય દોસ્ત! હું તારી મૌતને રોકી શક્તો નથી. હું તારી કોઈ જ મદદ કરી શકું એમ નથી. બીજા દોસ્તે કહ્યું કે, અય મારા અઝીઝ દોસ્ત! તારો ઈન્તેકાલ થશે તો હું તુંને નવડાવીશ, તારૂં કફન-દફન હું જ કરીશ. બસ! હવે આનાથી વધારે તારી બીજી કોઈ મદદ હું કરી શકીશ નહીં. હવે ત્રીજા દોસ્તનો વારો આવો. ત્રીજો દોસ્ત તેની નઝદીક આવીને કહેવા લાગો કે, અય બિરાદર! તું ગભરાજે ના. તું માયૂસ ન થાજે. હું તારી સાથે જ છું. હું કબ્રમાં-બરઝખમાં અને કયામતમાં પણ તારી સાથે જ રહીશ. હું તારી હમેશા મદદ કરતો રહીશ. તો તું સહેજ પણ ફિકર કરીશ નહીં. પેલો શખ્સ સુકૂનથી મરી ગયો. તમેં જાણો છો કે, પેલા ત્રણ દોસ્ત કોણ હતા?

**પહેલો દોસ્ત હતો, તેનો માલ.**
**બીજો દોસ્ત હતો, તેની ઔલાદ.**
**ત્રીજો દોસ્ત હતો, તેના નૈક આઅમાલ.**

દુનિયા છોડતી વક્ત લાખો કરોડોનો માલ અહીં જ રહેવાનો છે. ઔલાદ હશે તે કફન-દફન કરીને ઘરે પાછા ફિરશે. પણ કબ્રમાં નૈક આઅમાલ મરનાર મુમિનની મદદ કરશે. તમામ દુનિયાની ચીઝ મરનાર દુનિયામાં છોડી જાશે યહાં તક કે, તેનું જિસ્મ પણ યહાં જ ફના થઈ જાશે. પણ મૌત બાદ જે ચીઝ મરનારને સાથે રહેશે તે તેના આઅમાલ છે. આઅમાલથી તેને જન્નતમાં ઈઝઝત પણ મિલી શકે છે અને જહન્નમમાં ઝિલ્લત પણ મિલી શકે છે. નૈકીથી નૂરી (જન્નતની નેઅમતોવાલા) બની શકાય અને બદીથી નારી (જહન્નમની આગવાલા) બની શકાય. ✯

**દુન્યવી લઝઝતો ગુઝરી જાય છે અને તેના નતીજાઓ બાકી રહે છે.**

## ઈમાનદારી

મુશ્કિલકુશા મૌલા અલી(અ.સ.) ના ઝમાનમાં અબ્બાસ નામના એક બુઝુર્ગ હતા, તે કસ્સાબ (ખાટકી) હતા. બહારગામ જાતી વક્તે અબ્બાસે એમના દીકરાને સમઝ પાડી કે, હું પરદેશ જાઉં છું તો તમેં હવે અપની બકરીઓને ઝબેહ કરજો અને તેનો ગોશ્ત વેચીને રકમ જમાઅ કરજો. હું પાછો આવું તો તે રકમ મને આપી દેજો. થોડા મહીનાના રોકાણ બાદ અબ્બાસ પાછા વતનમાં આવા. આવીને જોયું તો ઘરમાં હાડકાઓનો મોટો ઢગલો પડેલો હતો. અબ્બાસે દીકરાને પૂછ્યું કે, આ હાડકાનો ઢગલો શું કામ છે? દીકરાએ જવાબ આપો કે, આપે કહ્યું હતું કે, બકરીઓનો ગોશ્ત વેચજો. લેહાઝા મેં ગોશ્ત વેચી નાંખો અને હાડકા રહેવા દીધા છે. લોગો મારી પાસે ગોશ્ત ખરીદવા આવતા હતા, પછી મેં તેમને હાડકા કેવી રીતે વેચતો? અબ્બાસે કહ્યું કે, તું એ મને ઘણો જ નુકસાનમાં ઉતારી દીધો! દીકરાએ કહ્યું કે, કેટલું નુકસાન થયું? અબ્બાસે કહ્યું, વીસ હજાર દીનારનું. તરત જ દીકરો મૌલા અલી (અ.સ.) પાસે ગયો અને તેના બાવાજીને પણ સાથે લેતો ગયો. મૌલા અલીએ બંનેની વાત સાંભલી, પછી બારગાહે ઈલાહીમાં દોઆ વાસ્તે હાથ ઉઠાવા. **તે જ વક્ત ગૈબથી એક થેલી આપના હાથ મુબારકમાં આવી.** ખોલીને જોયું તો તેમાં વીસ હજાર દીનાર નિકલા. મૌલા અલી (અ.સ.) એ ફરમાવું કે, અય દીકરા, તમારા બાવાજી અબ્બાસનો યા તમારો કોઈનો કુસૂર નથી. અબ્બાસે કહ્યું તે જ મુજબ તમેં અમલ કીધો અને તમેં ઘણી જ ઈમાનદારીથી પૈશ આવા. જો આમ ન હોત તો તમેં જે વીસ હજાર દીનાર આ થેલીમાં જોવ છો, તે ગૈબથી હાસિલ ન થાત. ✮

## ઈલ્મ કા બેમિસ્લ સફર

અલ-હાદી સે સદા જારી હે તહેરીકે નમાઝ
અલ-હાદી હે નકીબે ઔલીયા એ પાકબાઝ

મુનવ્વર હે ફિઝાએ શશ જેહત ઈસ માહે હાદી સે
હે જારી દીને હકક કી રોશની ઈસ માહે હાદી સે

અસરારે માઅરેફત કા મરહમ હે અલ-હાદી
રૂહાનીયત કા મરકઝ વ હમદમ હે અલ-હાદી

મરહબા અલ-હાદી કા જો ઈલ્મ કા બેમિસ્લ સફર
શાદમાં કલ્બ હુવા હમારા હો ગઈ કુરબાન નઝર

ઈનકે હરએક મઝામીન હે ઈમાં કી દલીલ
યાઅની અલ્લાહો પંજતન કી હે ઝિક્રે જમીલ

રહે ગુમકર્દહ ભી ગર દેખે તો હિદાયત પાયે
સરવરે કૌનો મકાં કી પાક વો મોહબ્બત પાયે

ક્યોં ન હમ આજ હી અલ-હાદી કે ખરીદાર બનેં
અલવી દાઅવત કે ઈદારે કે તરફદાર બનેં

ઈલ્તેજા હે યે હમારી અલ-હાદી કે અરાકીં પર યા રબ
ઉનપે કાઈમ રહે માઅબૂદ તેરા ફઝલો કરમ. ✮

## અલ-હાદી કી ઉલ્ફતેં

હાથ મે જબ ભી મેરે અલ-હાદી આ ગયા
પઢકે તબ ઈમાન તાઝા મેરા હો ગયા
અલ-હાદી કે શાયેઅ કરનેવાલોં કી ક્યા બાત હે
પરચમે અલવી દાઅવત કો ઉન્હોંને લહેરા દિયા
જિનકે દિલમેં હે હરદમ અલ-હાદી કી ઉલ્ફતેં
ઉનપે ખાલિક કી રહેતી હર સૂ રહેમતેં
હમારે દાઈ કી હૈ જો અલ-હાદી પર નઝર
ફિર તો કિસ બાત કા હૈ હમકો ખૌફો ખતર
ચારો તરફ ખડે હૈ યે બાતિલ પરસ્ત
દરમિયાં મે યે અલ-હાદી હે હકક પરસ્ત. ✮

-------------------------

ક્યૂં ન હર મર્દે મુમિન હો ફિદાઈ ઈસ રિસાલે કા
અદબ હર લહઝા કરતી હે ખુદાઈ ઈસ રિસાલે કા.

--------------

આપ પર મિશ્કાતે હાદી કી એઆનત ફર્ઝ હે
આપ પર ઈસકી મદદ ઈસકી હિમાયત ફર્ઝ હે.

--------------

અલ-હાદી હે સલામી સાહેબે લૌલાક કા
અલ-હાદી હે મદહખ્વાં અવલીયાએ પાક કા. ✮

## The Challenge

આજે અપની અલવી જમાઅત વેપારમાં, તિજારતમાં, આઅલા મુલાઝેમતમાં, દુન્યવી ઈલ્મમાં ઘણી પૈશ પૈશ છે. સાહેબે દાઅવતની હિદાયતો પર ચાલીને જમાઅતના નૌજવાનોએ Commerce-IT ના પ્રોફેશનલ, CA, MBA, એન્જીનીયર્સ, ડોક્ટર્સ બનીને જમાઅતનું નામ રોશન કરેલું છે. પણ, આજે પણ ઘણા જવાનો દીની ઈલ્મમાં પાછલ છે, તેઓએ દરસો અને તકરીરોમાં બેસીને આ કમી પૂરી કરવી જોઈએ. બીજી એક બદી હાલમાં એ ઉભરી છે કે, જમાઅતમાં ભણેલા-ગણેલા દીકરા-દીકરીઓ Internet અથવા બીજા મીડીયમ થકી ગૈરકૌમના દીકરા-દીકરીઓ સાથે શાદી કરે છે અને અપની અલવી Identity ને ભુલી જઈ સૈયેદના અલી (ક.રૂ.) ની પાક જમાઅતને ખલત-મલત કરી રહ્યા છે અને ભેલસેલ બનાવી રહ્યા છે. જવાનોને જોઈએ કે, અપની જ જમાઅતના દીકરા-દીકરી સાથે let-go કરીને થોડું એડજસ્ટ કરે અને મૌલાએ મુકદસ સૈ. અલીની પાક જમાઅતની હિફાઝત કરે. દાઅવતના સૈયેદાતની સદારતમાં જમાઅતના મુમેનાતની જે તન્ઝીમ કમિટી છે, એને કન્સલ્ટ કરીને પોતાના બચ્ચાઓ વાસ્તે બહેતર રિશ્તો વાલેદૈન તલાશ કરી શકે છે.

----------------

ઉઠો જવાનો કૌમકી, કિસ્મત બનાયેં હમ, મિલજુલકે અપને દાઈકે, કુછ કામ આયેં હમ.
દિલમે હરારતે અલીઅકબર લિયે હુએ, દો દો અલી કે દીનકા, ડંકા બજાયેં હમ.
Lap-Top તો ઝરૂરી હૈ, IT કે સાથ સાથ, ઈસ દૌરકે કદમસે, કદમકો મિલાયેં હમ.
Doctor બને CA બને, ઔર બનકે MBA, દીને મોહંમદી કો, કભી ના ભુલાયેં હમ.
દીની ઈલિમ ઝરૂરી હૈ, દુનિયા કે સાથ સાથ, દાઅવત કે વો દરસકો, ગલે સે લગાયેં હમ.
શર્મો હયા તો ગહેના, હે ઔરતકા ડીયર ફ્રેન્ડસ, ઝયનબકા યે ચલન, ન કભી ભૂલ જાયેં હમ.
અબ્બાસ કી challenge કો, હમ દિલસે લે ઉઠે, હોં, શાન અલવીયત કી હમેશા બઢાયેં હમ. ✯

## ત્રણ ઝાતના માલ-અસ્બાબ

માલ ત્રણ તરહના છે. :

(૧) ફિરઔની (૨) કારૂની (૩) ખલીલી

(૧) ફિરઔને (લા.અ.) તેનો માલ મોટા મોટા મહેલો બાંધવા પાછલ ખર્ચ કરી દીધો.

(૨) કારૂને (લા.અ.) તેનો માલ ઝમીનમાં જ દાટી દીધો અને કોઈને ખબર ન પડવા દીધી.

(૩) મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહે (અ.સ.) પોતાનો માલ રાહે ખુદામાં કુરબાન કરી દીધો.

આજના ઝમાનામાં કોઈ શખ્સ દૌલતવાલો હોય ને તે દૌલતના ઝૌરથી મોટા મોટા મકાન યા ઐશો આરામની ચીઝો પાછલ ખરચતો હોય અને રાહે ખુદામાં એક પૈસો પણ આપતો ન હોય તો તે શખ્સની દૌલત **ફિરઔનની દૌલત** છે.

જે શખ્સ દૌલતવાલો હોય, અલ્લાહતઆલાએ માલોઝર બખ્શેલું હોય, પણ પોતાની દૌલત તીજોરીઓમાં અને બેન્કોમાં સંઘરી રાખતો હોય, અલ્લાહની રાહમાં કઈ પણ ખરચતો ન હોય તો તેવા માલદારનો માલ **કારૂની માલ** છે.

પણ જે શખ્સ દૌલતવાલો હોય અને તે હમેશા પોતાનો માલ અલ્લાહની રાહમાં, ફરઝ અદા કરવામાં, નૈક કામમાં, મદ્રસાઓમાં, ગરીબોમાં, યતીમો-બેવાઓમાં ખર્ચ કરતો હોય તો તે માલ **ખલીલી માલ** છે અને તે શખ્સ યકીનન જન્નતનો હકકદાર છે.

સખી મુમિનને જોઈએ કે, પોતાના માલોઝર ધન-દૌલતને હરગિઝ ફિરઔની કે કારૂની દૌલત ન બનાવે, પણ ખલીલી દૌલત બનાવીને અલ્લાહની રહેમતના હકકદાર બનવું જોઈએ, તે જ અફઝલ છે. ✯

## હિ.૧૪૩૨ અને હિ.૧૪૩૧ માં શાયેઅ થયેલી મુફીદ કિતાબો

(૧) **અસ્હાબુલ યમીન :** → **કિતાબનો હદીયો : રૂા. ૨૦૦/-**

→ ખુસૂસીયાત :
- હર દાઈએ હક્ક (આ.કુ.) ની તારીખ બાદ આપના હિકમતના કલામ.
- ૨૪ દોઆતના અલગ-અલગ અશ્આર.
- મુખ્તલિફ દોઆતે લખેલી કિતાબોની ઝિક્ર. કઈ કિતાબમાં કઈ ચીઝોનું બયાન છે તેની તશ્રીહ.
- યમનમાં દોઆતના મુકદ્દસ મુકામાતના નકશા સાથે દિલકશ તસ્વીરો.
- પૂરેપૂરી તારીખ અને બયાનોનું ઈંગ્લીશ ઝબાનમાં તરજુમાનું અલગ સેક્શન.
- લેસાનુદ્દાઅવતના મુશ્કિલ અલ્ફાઝની આસાન સમઝ.
- ૨૪ દોઆતે હક્ક (આ.કુ.) ના નામ, તારીખે વફાત અને મુદ્દતે દાઅવતનો ગુજરાતી અને ઈંગ્લીશમાં કોઠો.

(૨) **અસ-સહીફતુત તૈયેબીયાહ :** → **સહીફાનો હદીયો રૂા.૨૫૦/-.**

હિ.૧૪૩૧ ના શહરૂલ્લાહમાં જમાઅતના મુમેનીન વાસ્તે માયએ નાઝ, બાઈસે ફખર અને લાઝિમે દિરાસત સહીફો "અસ-સહીફતુત તૈયેબીયાહ" તેની ચોથી તબાઅત સાથે દાઅવતના મરકઝ તરફથી શાયેઅ કરવામાં આવો. આ સહીફો જાણે કે, અપની જમાઅતનો એક મીની એન્સાયક્લોપીડીયા હોય, જેમાં ૯ બાબ છે, જમાઅતના હર મુમિનને તેના પર નઝર કરી તફસીલથી વાંચવું લાઝિમ છે. આ ૯ બાબમાં વલાયત, તહારત-પાકી, સલાત-નમાઝ, તસ્બીહ અને દોઆ, મહીનાઓ, ઝકાત અને રોઝા, જનાઝહ, કુરઆન અને ઈલ્મ તેમજ મુખ્તલિફ બયાનો શામિલ છે.

મુશ્કિલ અલ્ફાઝની સમઝ સાથે બયાનોને તરતીબવાર ગોઠવવામાં આવા છે, જેથી પઢનારને દોઆઓ ઢુંઢવામાં આસાની રહે. જે મુમેનીન આ અખ્બારથી નાવાકિફ હોય તેઓને ઈલ્તેમાસ છે કે, જલ્દ-અઝ-જલ્દ પોતાના ઈલ્મી-અમલી ફાયદા વાસ્તે આ બેમિસાલ સહીફો હાસિલ કરી લે.

→ હાસિલ કરવાની જગા : અલ-વિઝારતુલ અલવીયાહ, કસ્રે આલી તૈયેબી મહેલ, બદરી મહલ્લહ, વાડી, વડોદરા-૧૭.

→ ફોન : ૦૯૬૮૭૩૨૫૨૪૨ - મુલ્લાં અમીરૂદ્દીનભાઈ
૦૯૯૦૪૨૨૧૦૯૦ - મુલ્લાં ઈબ્રાહીમભાઈ
૦૯૯૨૫૦૭૮૬૩૫ - ખાદિમ અલીભાઈ

મુંબઈ : ૦૯૯૩૦૩૨૧૪૪૦ - મુલ્લાં સિરાજઅલી (નફીસ). ★

## -::: Alavi Matrimony :::-

### શાદી વાસ્તેના રિશ્તાને આસાન બનાવવાની એક અદના કોશિશ

અપની કૌમી વેબસાઈટ www.alavibohra.org પર ગયા સાલ શહરૂલ્લાહ થી **Alavi Matrimony** શુરૂ કરવામાં આવી છે, જે અંજુમને તન્ઝીમે મિલ્લતે તૈયેબીયહના ઝૈરે નિગરાની છે. આ ખિદમતને માતહત શાદી વાસ્તે રિશ્તો કરવાની ઉમ્મીદ રાખનાર ફરઝંદો-દુખ્તરો Online Form ભરીને પોતાના નામ દરજ કરાવી શકે છે. પૂરી તફતીશ થયા બાદ અને Form ના ચંદ કાનૂન પર ચાલા બાદ Register કરાવનાર ફરઝંદ-દુખ્તરની વિગત ઝાહેર કરવામાં આવશે. શાદીને લાયેક હર ફરઝંદ-દુખ્તર, મોટી ઉંમરના યા તલાક-શુદા આ Matrimony માં પોતાને Register કરાવી શકે છે.

આ Internet ના ઝમાનામાં હવે ઘણી બધી ચીઝો Online થાય છે અને જાણે આજના જવાનોને આ તરીકો સહેલો અને normal લાગે છે. **Alavi Matrimony** કાઈમ કરવા પાછલ હમારો ખરો મકસદ એ જ છે કે, કૌમના જવાનો દુનિયાના કોઈ પણ કોનામાં રહેતા હોય યા નોકરી કરતા હોય, અપની વેબસાઈટના ઝરીએ એકબીજાને જાણી શકે અને રિશ્તા કરવામાં એક હદ તક આસાની થઈ શકે.

આના સાથે તમે વેબસાઈટ પર ....

(૧) અલ્લાહતઆલાના મુબારક નામો સાથે પોતાના નામના અદદ જાણી શકો છો.
(૨) નમાઝ અને પાકીના તફસીલથી ઈંગ્લીશમાં બયાનો પઢી શકો છે.
(૩) મુકદ્દસ મૌલાના ઉર્સની વિગતો જોઈ શકો છો.
(૪) હરરોઝની નૈક યા બદ ઘડીઓ જાણી શકો છો.
(૫) છેલ્લા પાઁચ સાલના "મિશ્કાતુલ હાદી" ના અંક વાંચી શકો છો. ★